દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 66 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 March 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૮ માર્ચ, ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૬ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીમાં શનિવારે રાત્રે હોસ્ટેલના એ બ્લોકમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી હતી. પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી જેમાં હાલ સાત આરોપીની ઓળખ કરી હતી. પોલીસ દ્વારા બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચે સોલામાં રહેતા હિતેશ મેવાડા અને વસ્ત્રાલમાં રહેતા ભરત પટેલની ધરપકડ કરી હતી. બંનેને ગુજરાત યુનિવર્સિટી પોલીસને સોંપવામાં આવ્યા હતા.

આ અંગે ઝોન એકના ઇન્ચાર્જ ડીસીપીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં ગઈકાલે રાત્રે એ બ્લોકમાં તોડફોડ તથા મારામારી મામલે પોલીસે ગુનો નોંધી આ મામલે કુલ નવ ટીમ તપાસ કરી રહી છે. ટીમે તપાસના આધારે બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે. ટેકનિકલ સર્વિલન્સ તથા હ્યુમન સોર્સની મદદથી પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.

અમદાવાદની ગુજરાત યુનિર્સિટીમાં મોડી રાતની ઘટના પર પોલીસ કમિશ્નર જીએસ મલિકે જણાવ્યું હતુ કે, ગુજરાત યુનિવર્સિટીમાં ૩૦૦ જેટલા વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં મોટાભાગના આફ્રિકાથી છે, કેટલાક અફઘાનિસ્તાન, શ્રીલંકા અને બાકી દેશોમાંથી અભ્યાસ અર્થે આવ્યા છે. એ બ્લોકમાં લગભગ ૭૫ વિદ્યાર્થીઓ રહે છે. રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ કેટલાક વિદ્યાર્થીઓ બહાર ઓટલા પર નમાઝ પઢી રહ્યા હતા. એ સમયે ૨૦થી ૨૫ લોકો આવ્યા હતા અને કહ્યું હતું કે તમે અહીં કેમ નમાઝ પઢી રહ્યા છો. તમારે મસ્જિદ વગેરેમાં નમાઝ પઢવી જોઇએ. જેને લઇને બોલાચાલી થઇ હતી. ત્યારબાદ મારામારી થઇ હતી. પથ્થરો ફેંકવામાં આવ્યા હતા અને તોડફોડ કરવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ કાર્યવાહી ચાલી રહી છે. બનાવ અંગે રાત્રે ૧૦૦ નંબર પર જણાવવામાં આવતા તુરંત જ પીસીઆર આવી ગઇ હતી અને અડધા કલાકની અંદર પોલીસ સ્ટાફ આવી ગયો હતો. એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. પોલીસની નવ ટીમો તપાસ કરી રહી છે. જે પણ લોકો આમાં સામેલ છે તેની સામે પોલીસ કડક કાર્યવાહી કરશે. તેમની ધરપકડ કરવામાં આવશે. આ બનાવની સમગ્ર તપાસનું મોનિટરિંગ જોઇન્ટ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ કરશે. એક વ્યક્તિની ઓળખ કરવામાં આવી છે. બાકી લોકોની પણ ઓળખ કરવામાં આવી રહી છે. કાયદો વ્યવસ્થા નિયંત્રણમાં છે. ગભરાવવાની જરૂર નથી. આ બનાવમાં બે લોકો હોસ્પિટલમાં છે, જેમાં એક શ્રીલંકાનો છે અને એક કઝાકિસ્તાનનો છે. ગૃહપ્રધાન તરફથી પણ કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

ઘટના બાદ હર્ષ સંઘવીએ શાહીબાગ (જુઓ પાનું ૨) ▸▸

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

સુદાનમાં હિટ વેવને લીધે શાળાઓ બંધ કરવાનો આદેશ ૨

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## હવે ડીજેબી સંબંધિત કેસમાં કેજરીવાલને ઈડીનું તેડું

નવી દિલ્હી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે દિલ્હી જળ બોર્ડમાં ગેરરીતિ સાથે સંકળાયેલા બીજા એક મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલાવ્યું છે. કેજરીવાલને ઈડીની એપીજે અબ્દુલ કલામ રોડ પરની ઓફિસમાં જુબાની આપવા અને પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ નિવેદન નોંધવા કહેવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી (આપ)ના નેશનલ કન્વીનર કેજરીવાલને મની લોન્ડરિંગ વિરુદ્ધના આ બીજા કેસમાં સમન્સ મોકલવામાં આવ્યું છે. અગાઉ દિલ્હી એકસાઈસ પૉલિસીને સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે તેમને સમન્સ મોકલવામાં આવ્યા છે. કેજરીવાલે સમન્સને ગેરકાયદે ગણાવીને અત્યાર સુધી આઠ સમન્સની ઉપેક્ષા કરી (જુઓ પાનું ૨) ▸▸

## ભાજપને ઈલેક્ટોરલ બોન્ડમાંથી મળ્યા ₹ ૬,૯૮૬.૫૦ કરોડ

### ચૂંટણી પંચે ઈલેક્ટોરલ બોન્ડની વધુ માહિતી પૂરી પાડી

નવી દિલ્હીઃ ભાજપને ઈલેક્ટોરલ બોન્ડના માધ્યમથી કુલ રૂ. ૬,૯૮૬.૫૦ કરોડનું ડોનેશન મળ્યું એ તો હવે સર્વવિદિત છે, પરંતુ ઈલેક્ટોરલ બોન્ડના માધ્યમથી ડોનેશન મેળવનારો ભાજપ એકમાત્ર પક્ષ નથી.

૧૨ એપ્રિલ, ૨૦૧૯થી દેશમાં ઈલેક્ટોરલ બોન્ડની સિસ્ટમ ચાલુ કરવામાં આવી હતી અને ચાર વર્ષમાં એક કરોડના મૂલ્યના ૧૧,૬૭૧ બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. તેના માધ્યમથી દેશની રાજકીય પાર્ટીઓને ડોનેશન આપવામાં આવ્યું હતું. ૯૬ ટકા બોન્ડની ખરીદી કંપનીઓ દ્વારા કરવામાં આવી (જુઓ પાનું ૨) ▸▸



**દાલ લેક નજીક રેસિંગ** શ્રીનગરના દાલ લેક નજીક રવિવારે ફોર્મ્યુલા-ફોર રેસિંગ ફેસ્ટિવલ ૨૦૨૪ યોજાયો તેમાં ભાગ લઈ રહેલા સ્પર્ધકો. (પીટીઆઈ)

## બીલીમોરા-સુરત વચ્ચે બુલેટ ટ્રેનનો ટ્રાયલ રન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રોજેક્ટ બુલેટ ટ્રેનની કામીગીરી પૂરજોશમાં ગુજરાતમાં ચાલી રહી છે. બ્રિજ બાંધવાની કામગીરીથી લઇને સ્ટેશન નિર્માણ સુધીની કામગીરી વાયુવેગે કરવામાં આવી રહી છે. હાઇસ્પીડ રેલનો ટ્રાયલ રન ૨૦૨૬માં બીલીમોરા અને સુરત વચ્ચે કરવામાં આવનારો છે. સ્ટેશન બીલીમોરાના કેસાલી ગામ પાસે ૩૮,૩૯૪ સ્કેવર મીટરમાં બનાવવામાં આવી રહ્યું છે. સ્ટેશનનું કોનકોર્સ ગ્રાઉન્ડ ફ્લોર પર અને પ્લેટફોર્મ ફર્સ્ટ ફ્લોર પર બનાવવામાં આવશે. બન્ને સાઇડ પ્લેટફોર્મ હશે અને વચ્ચે ટ્રેનના ચાર ટ્રેક હશે.આ સ્ટેશનની ઊંચાઇ ૨૦.૫ મીટરની આસપાસ હશે. બુલેટ ટ્રેનના બીલીમોરા (જુઓ પાનું ૨) ▸▸

## કેબિનેટની બેઠકમાં મોદીનો ત્રીજી ટર્મના પહેલાં ૧૦૦ દિવસનો રોડમેપ તૈયાર કરવાનો નિર્દેશ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પ્રધાનોને કહ્યું હતું કે નવી સરકારમાં આગામી પાંચ વર્ષના શાસન માટેના પહેલા ૧૦૦ દિવસના કામનો રોડમેપ તૈયાર રાખો, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

રવિવારે સવારે કેબિનેટની બેઠકમાં હાજરી આપતાં વડા પ્રધાને તેમને એવી સલાહ આપી હતી કે સચિવો અને તેમના મંત્રાલયના અન્ય અધિકારીઓને મળીને તેમની સાથે ચર્ચા કરીને આગામી પાંચ વર્ષના પહેલા ૧૦૦ દિવસમાં અમલમાં મૂકી શકાય એવા કામનો એજેન્ડા તૈયાર કરી નાખવો.

ચૂંટણી પંચ દ્વારા લોકસભા-૨૦૨૪ની ચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવ્યા બાદની આ પહેલી કેબિનેટની બેઠક હતી. કેબિનેટની બેઠકમાં સાત તબક્કામાં ચૂંટણી આયોજિત કરવાની ચૂંટણી પંચની ભલામણોને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ સુધી પહોંચાડવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી હતી.

પહેલું નોટિફિકેશન ૨૦ માર્ચના રોજ બહાર પાડવાનું છે, જેમાં ૧૯ એપ્રિલે દેશની ૧૦૨ બેઠક પર મતદાન થવાનું છે તે બેઠકોનો સમાવેશ થશે. નોટિફિકેશન બહાર પાડવામાં આવતાં જ ઉમેદવારી (જુઓ પાનું ૨) ▸▸

## મથુરાના બરસાના લાડલી મંદિરમાં મચી ભાગદોડ

### એક ડઝનથી વધુ શ્રદ્ધાળુઓ થયા બેહોશ

મથુરાઃ ઉત્તર પ્રદેશના મથુરાના બરસાનામાં આવેલા લાડલીજી મંદિરમાં રવિવારે બપોરે નાસભાગ થતાં એક ડઝન ભક્તો બેભાન થઈ ગયા હતા. તમામને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સારવાર ચાલી રહી છે.


મળતી માહિતી મુજબ રવિવારે લડુ હોળી હતી. અગાઉ લગભગ સવા એક વાગ્યે લાડલીજી મંદિરમાં રાજભોગના (જુઓ પાનું ૨) ▸▸

## દક્ષિણ અફઘાનિસ્તાનમાં માર્ગ અકસ્માતમાં ૨૧નાં મોતઃ ૩૮ ઘાયલ

ઇસ્લામાબાદઃ દક્ષિણ અફઘાનિસ્તાનમાં એક રોડ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૧ લોકોનાં મોત અને ૩૮ ઘાયલ થયા હતા. પ્રાંતીય ટ્રાફિક વિભાગે આ સમાચાર આપ્યા હતા.

હેલમંડમાં વિભાગના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે દક્ષિણ કંદહાર અને પશ્ચિમ હેરાત પ્રાંત વચ્ચેના મુખ્ય ધોરીમાર્ગ પર હેલમંડ પ્રાંતના ગેરશ્ક જિલ્લામાં રવિવારે સવારે આ અકસ્માત થયો હતો. હેલમંડમાં ટ્રાફિક અધિકારી કાદરતુલ્લાના જણાવ્યા અનુસાર એક મોટરબાઇક પેસેન્જર બસ સાથે અથડાઇ હતી. ત્યારબાદ બસ રસ્તાની વિરુદ્ધ દિશામાં ઇંધણના ટેન્કર સાથે અથડાઇ હતી. અકસ્માતની તપાસ ચાલી રહી છે, (જુઓ પાનું ૨) ▸▸

ટૂંક સમયમાં પ્રગટ થઈ રહ્યો છે




મહાદેવ બેટિંગ એપ

## છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલની મુશ્કેલી વધીઃ ગુનો નોંધાયો

રાયપુરઃ મહાદેવ બેટિંગ એપ મુદ્દે લોકસભાની ચૂંટણી પહેલા જ છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ભૂપેશ બઘેલની મુશ્કેલીમાં વધારો થયો છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલ સામે ગુનો નોંધાયો છે.

ભૂપેશ બઘેલના વિરુદ્ધ પોલીસે છેતરપિંડી, ગુનાહિત કાવતરુ અને વિશ્વાસઘાતને સંબંધીત વિવિધ ધારાઓ તેમજ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૭ અને ૧૧ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એફઆઈઆરમાં ભૂપેશ બઘેલ ઉપરાંત મહાદેવ બેટિંગ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ સહિત અન્ય ૧૬ લોકોના નામનો સમાવેશ થાય છે.

છત્તીગઢના પૂર્વે સીએમ ભૂપેશ બઘેલની સામે મહાદેવ બેટિંગ એપ મુદ્દે રાયપુરની આર્થિક ગુના શાખાએ એફઆઈઆર નોંધી છે. આ મામલામાં આઈપીસી ૧૨૦બી, ૩૪, ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ અન્વયે ગુનો નોંધ્યો છે. ભૂપેશ બઘેલ અને અન્ય ૨૧ જણ સામે ચોથી માર્ચના ગુનો નોંધ્યો હતો, તેથી ચૂંટણી પહેલા બઘેલની સામે આ કેસ કૉંગ્રેસ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનાવામાં આવેલી એપ છે. આના પર યુઝર્સ પોકર, કાર્ડ ગેમ્સ જેવી લાઈમ ગેમ્સ રમતા હતા. આ એપના માધ્યમથી ક્રિકેટ, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ જેવી રમતોમાં ગેરકાયદે સટ્ટાબાજી પણ થતી હતી.

આ નેટવર્કના માધ્યમથી એપની (જુઓ પાનું ૨) ▸▸

Turkey
12 DAYS

ISTANBUL - ANKARA -
CAPPADOCIA - PAMUKKALE - BODRUM - KUSADASI
DEP DATES | 03rd MAY | 11th MAY | 15th MAY | 23rd MAY | 27th MAY | 08th JUN
Package Inclusions :
• Hot Air Balloon Ride, Quad Biking, Jeep Safari, Via Sea Theme Park, Turkish Night Show, Bosphorus Cruise નો અદભુત અનુભવ.
• રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• Luxurious Hotels • ઈકોનોમી ક્લાસ એરફેર.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, Insurance, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિજાબ અને નમાઝ, હિંદુત્વના નામે કટ્ટરવાદી માનસિકતા ના ચાલે

**ગુજરાતમાં** છેલ્લાં બે દિવસમાં બનેલી બે ઘટના ચર્ચામાં છે. પહેલી ઘટના અંકલેશ્વરમાં બની કે જ્યાં અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારની લાયન્સ સ્કૂલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં મુસ્લિમ વિદ્યાર્થિનીઓના હિજાબ કઢાવવામાં આવ્યા. તેના કારણે ભારે વિવાદ થઈ ગયો ને છેવટે જિલ્લા શિક્ષણાધિકારીએ સમજદારી બતાવીને શાળાના બોર્ડ પરીક્ષા નિરીક્ષકને પરીક્ષા કામગીરીમાંથી હટાવી દઈને વિરોધને શાંત પાડવો પડ્યો.

બીજી ઘટના અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં બની કે જ્યાં પોતાની રૂમમાં નમાઝ પઢી રહેલા મુસ્લિમ વિદ્યાર્થીઓ સામે કેટલાક વિદ્યાર્થીઓએ વાંધો ઉઠાવ્યો તેમાં મારામારી થઈ ગઈ. આ મારામારીના પગલે વિદ્યાર્થીઓએ ફોન કર્યા હશે તેથી જયશ્રી રામના નારા સાથે કેસરી ખેસ પહેરીને આવેલા ટોળાએ યુનિવર્સિટી હોસ્ટેલ સંકુલમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો અને વિદેશી મુસ્લિમ વિદ્યાર્થીઓ સાથે મારામારી કરીને તેમને ફટકારતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

આ ટોળાના હુમલામાં ચાર મુસ્લિમ વિદ્યાર્થી ઘાયલ થયાનું કહેવાય છે. ટોળાએ વિદ્યાર્થીઓ પર પથ્થરમારો કરી હોસ્ટેલમાં તોડફોડ પણ કરી અને વાહનોને પણ નિશાન બનાવ્યાં. સીસીટીવી ફૂટેજ ફરતા થયા છે તેમાં તોફાનીઓ લાકડી-દંડા વડે તોડફોડ કરતા દેખાય જ છે.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનાથી પોલીસ દોડતી થઈ ગઈ. અમદાવાદના પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓએ હોસ્ટેલ દોડી આવવું પડ્યું. રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવીને જે પણ દોષિત લોકો છે તેમની સામે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવા પડ્યા. હર્ષ સંઘવીએ અમદાવાદ પોલીસ કમિશ્નર પાસે આ ઘટના અંગે રિપોર્ટ મંગાવ્યો છે. યુનિવર્સિટી હોસ્ટેલમાં પોલીસ ખડકી દેવામાં આવી છે કે જેથી ફરીથી બબાલ ના થાય.

અંકલેશ્વર અને અમદાવાદ બંને ઘટનામાં વહીવટી તંત્ર અને સરકારે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ કે ભેદભાવ વિના કામ કર્યુ છે તેનો ઈન્કાર ના થઈ શકે. બંને ઘટનામાં તરત જ એક્શન લેવાયાં અને કોઈને છાવરવાનો પ્રયાસ નથી કરાયો તેથી ભાજપ સરકારની પ્રશંસા કરવી પડે.

અંકલેશ્વરની ઘટનામાં ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ ની ગણિત વિષયની પરીક્ષામાં હિજાબ કઢાવાતાં વાલીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો પછી એક વાલીએ જિલ્લા શિક્ષણ વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) સ્વાતિ રાઉલજીએ તાત્કાલિક પગલાં ભરીને બોર્ડના પરીક્ષા નિરીક્ષકને પરીક્ષા કામગીરીમાંથી હટાવી દીધા. જિલ્લા શિક્ષણાધિકારીએ સીસીટીવી ફૂટેજ તપાસ્યા તેમાં બે સુપરવાઈઝર અને એક સહાયક ક્લાસમાં જઈ હિજાબ એકઠા કરતા દેખાય છે.

આ ફૂટેજના ડીઈઓએ આધારે તાત્કાલિક પગલાં તો લીધાં જ પણ બીજી કોઈ જગાએ આવી ઘટના ના બને એ માટે ડીઈઓ સ્વાતિ રાઉલજીએ સ્પષ્ટતા પણ કરી છે. શિક્ષણ બોર્ડની માર્ગદર્શિકામાં બોર્ડની પરીક્ષામાં બેસતી વખતે કોઇપણ પ્રકારના પોશાક પર પ્રતિબંધનો ઉલ્લેખ નથી. વિદ્યાર્થીઓ મરજી આવે એ પોશાક પહેરી શકે છે. એકવાર ઓળખની ખરાઈ થઈ ગયા પછી વિદ્યાર્થીઓને પસંદગીના કપડાં પહેરીને પરીક્ષા આપવાની છૂટ છે તેથી ફરિયાદની નોંધ લઈને તપાસનો આદેશ આપ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનામાં પણ યુનિવર્સિટી હોસ્ટેલના કર્મચારીઓ અને તંત્ર વિદેશી વિદ્યાર્થીઓની સલામતીમાં નિષ્ફળ નિવડ્યું છે અને હોસ્ટેલના રેક્ટરે પણ પોતાની ફરજ બજાવવામાં લાપરવાહી બતાવી છે. બાકી ઘટના બન્યા પછી સરકાર તરત એક્શનમાં આવી અને લઈ શકાય એ પગલાં લીધાં છે.

આપણે ત્યાં કોઈ પણ ઘટના માટે સરકાર કે તંત્ર પર દોષારોપણ કરવાની ફેશન છે પણ આ ઘટનામાં બંનેનો વાંક નથી પણ આ બંને ઘટના ગંભીર છે. આ બંને ઘટના ગુજરાતમાં કટ્ટરવાદી માનસિકતા પાંગરી રહી હોવાનો પુરાવો છે અને આ માનસિકતા વકરીને ગુજરાતમાં અશાંતિ ઊભી કરી નાખે એ પહેલાં તેને ડામી દેવી જરૂરી છે. આ બંને ઘટનામાં જે લોકો દોષિત છે તેમણે સરકારી નિયમો અને કાયદાની ઐસીતૈસી કરીને પોતાની હલકી માનસિકતા બતાવી છે. આ હલકી માનસિકતાને જરાય ના પોષી શકાય તેથી બંને ઘટનામાં સરકાર આકરાં પગલાં ભરે એ જરૂરી છે.

હિંદુત્વના નામે ગુંડાગીરી કે કોઈને પરેશાન કરવાની માનસિકતા જરાય ચલાવી ના લેવાય. અંકલેશ્વરની ઘટનામાં બોર્ડ પરીક્ષા સુપરવાઈઝરે હિઝાબ કઢાવવાની સૂચના આપી હતી. આ સૂચના બોર્ડના નિયમ પ્રમાણે નહોતી તેની સ્પષ્ટતા ડીઈઓએ પોતે જ કરી છે પછી શાના માટે હિઝાબ કઢાવાયા ? શાળા સંચાલકનું કહેવું છે કે, બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા ચહેરો સીસીટીવીમાં દેખાવો જોઈએ એવો આદેશ છે. પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી ચોરી કરતું હોય તો તેનો ચહેરો દેખાય અને ઓળખ થાય એ માટે આ નિયમ બનાવાયો છે. ડીઈઓએ આવો કોઈ નિયમ હોવાનું કહ્યું નથી પણ માનો કે નિયમ હોય તો પણ હિઝાબ પહેરો તેમાં એંસી ટકાથી વધારે ચહેરો દેખાતો જ હોય છે તો પછી હિજાબ પહેરવામાં વાંધો શું ? સુપરવાઈઝરે પોતાની માનસિકતાના આધારે ફતવો બહાર પાડીને વિદ્યાર્થિનીઓને ખોટી રીતે હેરાન કરી નાખી.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનામાં તો રીતસર ઉશ્કેરણી કરીને મુસ્લિમ વિદ્યાર્થીઓને નિશાન બનાવાયા છે. પોલીસે આપેલી માહિતી પ્રમાણે, ઉઝબેકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, અફઘાનિસ્તાન અને શ્રીલંકાના મુસ્લિમ વિદ્યાર્થીઓ છત પર નમાઝ અદા કરી રહ્યા હતા ત્યારે અન્ય વિદ્યાર્થીઓએ આ મસ્જિદ નથી તેથી અહીં નમાજ ના પઢો એમ કહીને તેનો વિરોધ કરતાં ઉગ્ર બોલાચાલી થઇ હતી. વાત વધી જતાં વિદ્યાર્થીઓ મારામારી પર ઊતરી આવ્યાં અને બહારથી વિદ્યાર્થીઓને બોલાવાયા ૪ વિદેશી વિદ્યાર્થીઓ ઘવાયા છે.

હિંદુવાદીઓનું કહેવું છે કે, ગણેશ સ્થાપન કરાય છે ત્યાં મુસ્લિમો નમાઝ પઢતા હતા તેથી બબાલ થઈ પણ પોલીસે આ વાતને સમર્થન નથી આપ્યું. પોલીસ કમિશ્નરે પોતે છત પર નમાઝ પઢતા હતા એવું કહ્યું છે. હવે વિદ્યાર્થીઓ છત પર જઈને નમાઝ પડે તેમાં ખોટું શું છે ? દેશનું બંધારણ દરેક વ્યક્તિને એ છૂટ આપે જ છે. જે લોકો વિરોધ કરવા નીકળ્યા એ બધા દેશના બંધારણથી પણ ઉપર છે ? ને મોટો મુદ્દો તો બહારથી ટોળું ઘૂસીને ગુંડાગીરી કરે તેનો છે. ધર્મના નામે આવી ગુંડાગીરી કઈ રીતે ચલાવાય ?

દીકરીઓના હિઝાબ કઢાવવા કે પોતાની રૂમમાં નમાઝ પઢનારાંને ફટકારવા એ હિંદુત્વ નથી. ના તો ભાજપ આ પ્રકારના હિંદુત્વને પોષે છે કે ના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવાં હિંદુવાદી સંગઠનો આ પ્રકારના હિંદુત્વની તરફેણ કરે છે. બહુમતી હિંદુઓ પોતે પણ આ બકવાસને માન્ય નથી રાખતા. કર્ણાટકમાં હિઝાબ વિવાદને ચગાવાયો છતાં ભાજપ જીત્યો નહીં કેમ કે બહુમતી હિંદુઓને આ પ્રકારની હલકી માનસિકતામાં રસ જ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), સોમવાર, તા. ૧૮-૩-૨૦૨૪, વાર અને નક્ષત્રનો શિવ -શક્તિની પુજાનો શ્રેષ્ઠ યોગ

- ભારતીય દિનાંક ૨૮, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ગાથા ૪ વોહુક્ષથ્ર, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્રઃ આર્દ્રા સાંજે ક. ૧૮-૧૦ સુધી, પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં. • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સાંજે ક. ૨૦-૧૬.
- ઓટઃ સવારે ક. ૧૨-૧૩, મધ્યરાત્રે ક. ૦૨-૩૮ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - નવમી. શ્રી હરિજયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સ્વામિનારાયણ મંદિરોમાં શ્રી હરિ જયંતી ઉત્સવ. શક્તિ મંદિરોમા વિશેષ સપ્તશતી પાઠ વાંચન, હવન. સત્યનારાયણ દેવતા પૂજા, કથા વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી સુક્ત-પુરુષ સુક્ત-શ્રી ગણેશ અથર્વશિર્ષમ્ અભિષેક, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શીવ પૂજા, રાહુ ગ્રહ દેવતાનુંપૂજન, જાપ, હવન. શ્રી સપ્તશતી પાઠ વાંચન, હવન, અગરનાં ઔષધીય પ્રયોગો. નવાં ઔષધ ઉપચાર, વિદ્યારંભ. આભૂષણ, વસ્ત્ર, વાહન, વાસણ, રાજ્યાભિષેક, મંદિરોમાં શભિષેક પૂજા, ધજા-કળશ-પતાકા ચઢાવવી, ખેતીવાડી, પશુ લેવડ-દેવડ, ઘર-ખેતર-મકાન-જમીન લેવડદ દેવડ, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ કામકાજમાં આગળ પડતા, ચંદ્ર બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિનાં, ચંદ્ર રાહુ ચતુષ્કોણ બહુજ પહોંચેલા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર બુધ ચતુષ્કોણ, ચંદ્ર રાહુ ચતુષ્કોણ. ચંદ્ર ક્રાન્તિવૃત્તથી મહત્તમ્ ઉત્તરે ૫ અંશ ૧૬ કળાનાં મહત્તમ અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

## પ્રજામત

### 'સરકારશ્રી આપણે બારણે'ની ભીતર...!?

હાલમાં 'સરકારશ્રી આપણે દ્વારે' કાર્યક્રમ રાજ્યના વિવિધ વિભાગોમાં પ્રારંભ થઈ ચૂકેલ છે, જેમાં મહદંશે નેતાગણનો પ્રચાર-પ્રસાર અધિક માત્રામાં દીસે છે. આ પૂર્વે આ પ્રકારના કાર્યક્રમો થયેલ હશે પણ અમે જાણ્યા કે જોયા નથી. કથિત કાર્યક્રમ માટે થનાર ખર્ચઃ મંડપ, આસન વ્યવસ્થા, કાર્યક્રમ માટે આવનાર સેંકડો બસ ગાડીઓ અને જાહેરાત પર થનાર કેટલાયે કોટિ રૂપિયાનો ખર્ચ સરકારી તિજોરીમાંથી થાય છે કે પછી આની પાછળ કોઈ 'હિતચિંતક' હોય છે?

અમારો સાલસ અભિપ્રાય છેઃ ''કથિત ખર્ચની સંપૂર્ણ માહિતી સર્વ જણને ઉપલબ્ધ કરાય તો સરકારશ્રીની કાર્યશૈલી પારદર્શક ગણાય.''

**પ્રિન્સિ. કે.પી. બારોટ 'નીલેશ'**
અંધેરી-મુંબઈ

### જી. એસ. ટી. કૌભાંડ

તા. ૧૨-૧-૨૦૨૪ના રોજ ભાવનગરમાં જીએસટી ૫૦,૦૦૦ કરોડનું કૌભાંડ પકડાયું. આવા કૌભાંડો સુરત, જામનગર અને રાજકોટમાં વારંવાર પકડાય છે. આનું કારણ ૧૮% જીએસટી છે. એક બિલમાં ૨ થી ૨.૫૦ લાખનો જીએસટી બને છે. વેપારી ના કમાય એટલું સરકાર કમાય છે. ફક્ત ૪%ના બોગસ બિલો મળે છે. હવે અમુક લોકો બોગસ બિલોનો બિઝનેસ લઈને બેઠા છે. ફેમેલીમાં ચાર, પાંચ મેમ્બર હોય દરેકના નામે કંપની ખોલીને બોગસ બિલોનો ધંધો ધમધોકાર ચલાવે. પકડાય તો આમા મોટી સજા નથી. વર્ષ બે વર્ષમાં કરોડો રૂપિયા બનાવી લે છે. આવી પરિસ્થિતિમાં પ્રામાણિક વેપારીનો મરો થઈ જાય છે. બોગસ બિલોની સામે કોમ્પિટિશન થઈ શકે નહિ. પરિણામે ધંધો કરવો મુશ્કેલ થઈ જાય છે. ઘણી વખત બોગસ બિલ આપવાવાળાની કંઈ જવાબદારી નથી રહેતી. તમે જો પ્રામાણિકપણે સ્ક્રેપ ખરીદો પણ સપ્લાયર બોગસ બિલ પકડાવી દે તો તમને શું ખાતરી થાય કે આ બિલ બોગસ છે કે સાચું છે. બોગસ બિલવાળા છુટી જાય અને પ્રામાણિક વેપારીને જીએસટી ભરવાનો આવી પડે એટલે સાચા વેપારી ગોતવા પણ મુશ્કેલ છે. નવા વેપારીથી ખરીદી કરવી પણ જોખમ છે. એટલે બિઝનેસમાં પણ લીમીટેશન આવી જાય છે.

**- અરવિંદ ગાંધી**
વિલેપાર્લા (વેસ્ટ)

### બોર્ડ-નિગમના નિવૃત્ત કર્મચારીઓ અંગે

ગુજરાતના બોર્ડ અને નિગમમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને હાલ પેન્શન પેટે મહીને માંડ એક હજાર આઠસો રૂપિયાથી ત્રણ હજાર નવસો રૂપિયા જ મળતા હોવાથી વધતી જતી મોંઘવારીમાં તેઓ દયનીય હાલતમાં જીવી રહ્યા છે. તેમના પેન્શનની રકમને સન્માનીય બનાવવા તેમાં યોગ્ય વધારો કરી આપવા અવાર-નવાર માંગણી કરવામાં આવી છે.

આવા કર્મચારીઓને નિવૃત્તિ સમયે મળેલી પીએફની રકમ સામાજિક ખર્ચમાં જ વપરાઈ જાય છે. વળી આવા કર્મચારીઓ પાસે એપીએલ રેશનિંગ કાર્ડ હોવાથી રેશનિંગની દુકાનમાંથી તેમને અનાજ કઠોળ કે જીવનજરૂરી ચીજવસ્તુઓ મળતી નથી. આ સ્થિતિમાં આવા કર્મચારીઓ સન્માનનીય રીતે જીવન ગુજારો કરી શકે તેવું પેન્શન આપવું જોઈએ. તેવી ખૂબ જ તીવ્ર લાગણી બોર્ડ-નિગમના લાખ્ખો નિવૃત્ત કર્મચારીઓમાં પ્રવર્તિ રહી છે. સરકાર આ અંગે વિચારશે?

**- મહેશ વી. વ્યાસ**
મુ. પો. પાલનપુર

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# સુદાનમાં હિટ વેવને લીધે શાળાઓ બંધ કરવાનો આદેશ

જુબા (સુદાન) : દક્ષિણ સુદાનની સરકારે સોમવારથી બધી શાળાઓ બંધ કરવાનો હુકમ આપ્યો છે, કારણ કે દેશ આવનારા કાળઝાળ ગરમીના બે અઠવાડિયાના મોજાનો સામનો કરવા સજ્જ થઈ રહ્યો છે. આરોગ્ય અને શિક્ષણ ખાતાઓએ વાલીઓને બધા બાળકોને ઘરે જ રાખવાની સલાહ આપી છે, કારણ કે ઉષ્ણતામાન ૪૫ ડિગ્રી (૧૧૩ ફેરનહિટ) થઈ જાય એવી આગાહી છે. મંત્રાલયોએ એવી ચેતવણી આપી છે કે જો કોઈ પણ શાળા ખુલ્લી મળી તો એની નોંધણી રદ કરાશે. જોકે સ્કૂલ કેટલા સમય માટે બંધ રખાશે એ કહેવામાં આવ્યું નથી. મંત્રાલયે કહ્યું હતું કે અમે પરિસ્થિતિ પર નજર રાખીશું અને લોકોને એ રીતે માહિતી આપીશું. રાજધાની જુબામાં રહેતા એક રહેવાસી પીટર ગરાન્ગે સરકારના નિર્ણયને આવકાર્યો હતો. તેમણે કહ્યું હતું કે સ્કૂલોને ઈલેક્ટ્રિસીટી ગ્રીડ સાથે જોડવી જોઈએ જેથી એર કન્ડિશનર લગાડી શકાય. યુવાન દેશમાંના દક્ષિણ સુદાન અનેક વાર ઋતુ પરિવર્તનનો ભોગ બન્યો છે અને ત્યાં હિટવેવ સામાન્ય વાત છે. જોકે તાપમાન ભાગ્યે જ ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધે છે. (એજન્સી) ■

# કાલોલમાં બે ગેસ સિલિન્ડર બ્લાસ્ટમાં ૨૦થી વધુ દાઝ્યાઃ બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલમાં કાલોલ તાલુકાના રામનાથ ગામમાં ગેસ સિલિન્ડર ફાટવાની ઘટના બની હતી. બે ગેસ સિલિન્ડર ફાટતા આગ લાગતા ૨૧ લોકો દાઝ્યા હતા જેમાં બાળકો, મહિલાઓ સહિત તમામ દાઝી જનારા એક જ પરિવારના હોવાની આશંકા છે. તમામ લોકોને કાલોલ તેમજ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હૉસ્પિટલ ખસેડાયા હતા. પોલીસ, ફાયર ફાઈટર સહિત મામલતદાર અને ગોધરા પ્રાંત અધિકારીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ કાલોલ તાલુકાના રામનાથ ગામે રાવળ ફળિયામાં એક મકાનમાં ગેસ સિલિન્ડર ફાટવાની ઘટના બની હતી. ગેસ સિલિન્ડર ફાટતા આસપાસ લોકો ઘટનાને લઈને એકત્ર થયા હતા. લોકો એકત્ર થયા બાદ બીજા સિલિન્ડરમાં પણ બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ અચાનક આગ લાગી હતી. બે ગેસ સિલિન્ડર ફાટતા ૨૧ જેટલા લોકો દાઝ્યા હતા. જે પૈકી બે વ્યક્તિની હાલત ગંભીર હોવાનુ પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતા કાલોલના ધારાસભ્ય ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રામનાથ ગામે સિલિન્ડર બ્લાસ્ટ થતા પોલીસ ફાયર ફાઈટર સહિત મામલતદારની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# દત્તાત્રેય હોસાબલે ફરી બન્યા સરકાર્યવાહ

નાગપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાએ રવિવારે દત્તાત્રેય હોસાબલને ફરીથી સરકાર્યવાહ (જનરલ સેક્રેટરી) પદ માટે ચૂંટ્યા હતા. આરએસએસએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે હોસાબલે ૨૦૨૧થી સરકાર્યવાહ તરીકે સેવા આપી રહ્યા છે. તે ૨૦૨૪થી ૨૦૨૭ના સમયગાળા માટે આ પદ માટે ફરીથી ચૂંટાયા છે. આરએસએસની વાર્ષિક ત્રિ-દિવસીય અખિલ ભારતીય પ્રતિનિધિ સભા શુક્રવારે અહીંના રેશિમબાગ સ્થિત સ્મૃતિ ભવન સંકુલમાં શરૂ થઇ હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાત યુનિવર્સિટીની

સર્કિટ હાઉસમાં બેઠક બોલાવી હતી. જેમાં આઈબીના વડા આર.બી. બ્રહ્મભટ્ટ, રાજ્યના ડીજીપી, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી. એસ. મલિક, ક્રાઇમ જેસીપી નીરજ બડગુજર, સાયબર ક્રાઇમના ડીસીપી અજિત રાજીયન સહિતના સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. બેઠક બાદ હર્ષ સંઘવી સહિતના બેઠકમાં હાજર અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. સાથે જ ક્રાઈમ બ્રાન્ચ અને ઇન્ચાર્જ ઝોન એક ડીસીપી દ્વારા રૂમ નંબર ૨૩માં તપાસ કરવામાં આવી છે. પોલીસ કમિશ્નર દ્વારા સિક્યુરિટી ગાર્ડની પણ પૂછપરછ કરવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં એ બ્લોકમાં બપોર બાદ બહારની વ્યક્તિઓનો પ્રવેશ બંધ કરવામાં આવ્યો હતો. બ્લોક બહાર એક પીએસઆઈ સહિતનો પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં રાખી હોસ્ટેલમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ■

### છત્તીસગઢના

જાળ ખૂબ ઝડપથી ફેલાઈ રહી હતી અને સૌથી વધુ ખાતા છત્તિસગઢમાં ખોલ્યા હતા. આમ તો મહાદેવ બેટિંગ એપ ઘણી બ્રાન્ચથી ચાલતી હતી અને દરેક બ્રાન્ચને સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ ફ્રેન્ચાઈઝીના રૂપમાં વેચતા હતા. યુઝર્સને માત્ર શરૂઆતમાં ફાયદો બાદમાં નુકસાન જતું હતું અને ફાયદાનો ૮૦ ટકા હિસ્સો બન્ને પોતાની પાસે જ રાખતા હતા. એપનું એલ્ગોરિધમ એ રીતે કામ કરતું હતું કે એમાં માત્ર ૩૦ ટકા ગ્રાહક જીતતા હતા. ■

### મથુરાના

દર્શન દરમિયાન ભક્તોની ભારે ભીડ એકઠી થઈ હતી. આ દરમિયાન નાસભાગને કારણે એક ડઝન જેટલા શ્રદ્ધાળુઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કેટલાકને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસના જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. બાંકે બિહારી મંદિરમાં પણ મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા હતા. અહીં વિદ્યાપીઠ ચોકથી લઇને મંદિર સુધી ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વિકેન્ડ હોવાના કારણે ભીડ નિયંત્રણ કરનારી વ્યવસ્થા નિષ્ફળ રહી હતી. દર્શન કરવા માટે સવારથી જ ભક્તોની ભીડ ઊમટી પડી હતી. ભક્તોએ ધક્કામુક્કી વચ્ચે ભગવાનના દર્શન કર્યા હતા. ભીડના કારણે બાળકો અને મહિલાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પંચકોશીય પરિક્રમા કરવા માટે દિલ્હી એનસીઆર સહિત દેશના વિવિધ રાજ્યમાંથી શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. આ કારણે વિદ્યાપીઠ ચોકથી લઇને બાંકેબિહારી મંદિર સુધી શ્રદ્ધાળુઓની લાઇન લાગી હતી. ભીડને રોકવામાં પોલીસ જવાનો નિષ્ફળ રહ્યા હતા. ■

### હવે ડીજેબી

છે. આબકારી જકાતની નીતિના કેસમાં તાજું નવમું સમન્સ કેજરીવાલને મોકલવામાં આવ્યું છે અને તેમને ૨૧ માર્ચે હાજર થવા જણાવવામાં આવ્યું છે. બીજા કેસમાં સમન્સ અંગે પ્રતિક્રિયા દેતાં દિલ્હીનાં પ્રધાન આતીશીએ રવિવારે કહ્યું હતું કે કોઈને ખબર નથી કે ડીજેબી કેસ શેના અંગે છે. આ કેજરીવાલની ધરપકડ કરીને તેમને લોકસભાની ચૂંટણીમાં પ્રચાર કરવા ન જવા દેવાની વૈકલ્પિક યોજના લાગે છે.

ઈડીએ ડીજેબી કેસમાં આક્ષેપ કર્યો છે કે દિલ્હી સરકારના ખાતાએ આપેલા ભ્રષ્ટાચારના નાણાં આપના ચૂંટણી ફંડમાં અપાયા છે જેનું શાસન હાલમાં દિલ્હીમાં છે. ઈડીએ કેજરીવાલના પર્સનલ આસિસ્ટન્ટ બિભવ કુમાર, આપ રાજ્યસભાના સાંસદ એન. ડી. ગુપ્તા, ડીજેબીના ભૂતપૂર્વ સભ્ય શલાભ કુમાર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પંકજ મંગલ અને થોડા બીજા કેટલાક લોકોના ઘર પર આકેસની તપાસને ધ્યાનમાં રાખીને દરોડા પાડ્યા હતા. (એજન્સી) ■

### બીલીમોરા-સુરત

સ્ટેશનમાં મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને સ્ટેશનમાં સિક્યોરિટી ચેક, કસ્ટમર કેર, વેઇટિંગ એરિયા, રેસ્ટરૂમ, લિફ્ટ્સ, એસ્કેલેટર, બિઝનેસ ક્લાસ લોન્જ, ચાઈલ્ડ કેર ફેસિલિટી અને કન્વીનિયન્સ સ્ટોર્સ વગેરે જેવી સુવિધાઓ આપવામાં આવશે. આ સ્ટેશનથી બીલીમોરા રેલવે સ્ટેશન ૬ કિ.મી., બીલીમોરા બસ સ્ટેશન ૬ કિ.મી, ગણદેવી રેલવે સ્ટેશન ૫ કિ.મી, બીલીમોરા-ચીખલી રોડ ૧.૮ કિ.મી અને દિલ્હી-મુંબઇ નેશનલ હાઇવે ૯ કિ.મી.ના અંતરે છે. હાઇસ્પીડ રેલ કોરિડોર દ્વારા મુંબઇ અમદાવાદ હાઇ સ્પીડ રેલ કોરિડોરમાં વેગવંતી ઝડપે કાર્ય કરવામાં આવી રહ્યું છે. બુલેટ ટ્રેન માટે રાજ્યમાં વિવિધ નદીઓ પર બ્રિજનું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે અથવા તો અમુક નદીઓ પર કામ પ્રગતિમાં છે. રેલવે સ્ટેશનના કામ પણ આગળ વધી રહ્યાં છે. બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનનું કામ પ્રગતિમાં છે અને ૪૫૦ મીટરમાંથી ૩૭૫ મીટર રેલ-લેવલ સ્લેબની કામગીરી પૂર્ણ કરવાની સાથે નિર્માણની દિશામાં ગતિ પકડી છે. ■

### કેબિનેટની

નોંધાવવાનું કામ ચાલુ કરી દેવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેબિનેટના સાથીઓ ત્રીજી માર્ચે 'વિકસિત ભારતઃ ૨૦૪૭' વિઝન ડોક્યુમેન્ટ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આમાં આગામી પાંચ વર્ષનો એક્શન પ્લાન પણ ઘડી કાઢવામાં આવ્યો હતો.

કેબિનેટની આખા દિવસની બેઠક દરમિયાન આગામી સરકારના પહેલા ૧૦૦ દિવસના કામ માટેનો પ્લાન ઘડી કાઢવા પર ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ વિકસિત ભારત વિઝન ડોક્યુમેન્ટ બે વર્ષની તૈયારીઓ બાદ ઘડી કાઢવામાં આવ્યો છે. આને માટે ૨,૭૦૦ બેઠકો, કાર્યશાળા, સેમિનાર વિવિધ સ્તરે આયોજિત કરવામાં આવ્યા હતા અને ૨૦ લાખથી વધુ યુવાનો પાસેથી સૂચનો મગાવવામાં આવ્યાં હતાં. (પીટીઆઈ) ■

### ભાજપને

હતી, જોકે કેટલાક બોન્ડ વ્યક્તિગત સ્તરે પણ ખરીદવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચે મુંબઈ હાઈ કોર્ટને આપેલી માહિતી મુજબ બીજેપીને મળેલા રૂ. ૬,૯૮૬.૫ કરોડમાંથી સૌથી વધુ રૂ. ૨,૫૫૫ કરોડ ફક્ત ૨૦૧૯-૨૦માં મળ્યા હતા.

કૉંગ્રેસને ઈલેક્ટોરલ બોન્ડના માધ્યમથી રૂ. ૧૩૩૪.૩૫ કરોડનું ડોનેશન મળ્યું છે. જ્યારે બીજુ જનતાદળને રૂ. ૯૪૪.૫ કરોડ, વાયએસઆર કૉંગ્રેસને રૂ. ૪૪૨.૮ કરોડ, તેલુગુ દેસમને રૂ. ૧૮૧.૩૫ કરોડનું ડોનેશન મળ્યું છે.

આ આંકડા મુજબ ડીએમકેને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રૂ. ૬૫૬.૫૦ કરોડ, તૃણમૂલ કૉંગ્રેસને રૂ. ૧,૩૯૭ કરોડ અને બીઆરએસને રૂ. ૧,૩૨૨ કરોડ મળ્યા છે. ચૂંટણી પંચના આંકડાઓ મુજબ સમાજવાદી પાર્ટીને ૧૪.૦૫ કરોડ, અકાલી દળને ૭.૨૬ કરોડ, અન્નાદ્રમુકને ૬.૦૫ કરોડ, નેશનલ કોન્ફરન્સને રૂ. ૫૦ લાખ મળ્યા છે. સીપીઆઈ (એમ) દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે તેમને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા કોઈ ડોનેશન મળ્યું નથી, જ્યારે ચૂંટણી પંચની યાદીમાં એઆઈએમઆઈએમ અને બીએસપીને કોઈ ઈલેક્ટોરલ બોન્ડ ન મળ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ)

### દક્ષિણ અફઘાનિસ્તાનમાં

એમ તેમણે ઉમેર્યું હતું.

હેલમંડ પોલીસ વડાના પ્રવક્તા હઝાતુલ્લાહ હક્કાનીએ જણાવ્યું હતું કે ૩૮ ઘાયલ લોકોમાંથી ૧૧ને ગંભીર ઇજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મુખ્યત્વે રસ્તાઓની ખરાબ સ્થિતિ અને ડ્રાઇવરની બેદરકારીને કારણે અફઘાનિસ્તાનમાં રોડ અકસ્માતો સામાન્ય છે. ■

# લોકોના પ્રેમને કારણે ગડકરીની ટિકિટ ન કપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અનેક વખત જાહેર મંચ પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકાર પર અલગ અલગ મુદ્દે ટીકા કરી હોવાથી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની ટિકિટ કપાશે એવું માનવામાં આવતું હતું, પરંતુ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ મહારાષ્ટ્રની નાગપુર લોકસભા સીટ પરથી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને ઉમેદવારી આપી છે. પાર્ટી હાઈ કમાન્ડની અનિચ્છા છતાં ટિકિટ કેવી રીતે મળી એનો ખુલાસો ખુદ ગડકરીએ કર્યો છે.

તેમણે કહ્યું હતું કે પાર્ટીએ ખાનગી રિપોર્ટના આધારે તેમને નાગપુર માટે ઉમેદવાર બનાવ્યા છે. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતાં તેમણે કહ્યું, અમારી પાર્ટી લોકતાંત્રિક પાર્ટી છે. ગમે તેટલો મોટો નેતા હોય, પાર્ટી પ્રતિનિધિઓ તેના મતવિસ્તારમાં જાય છે અને રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. નિરીક્ષકો અમારા મતદાર સંઘમાં પણ આવ્યા હતા અને કેન્દ્રીય નેતૃત્વને તેમણે પોતાનો રિપોર્ટ આપ્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, હું ૧૦ વર્ષથી નાગપુરનો સાંસદ છું. મેં જનતાને આપેલાં વચનો પૂરાં કર્યાં છે, જનતા મારું નામ અને કામ જાણે છે. મેં નક્કી કર્યું હતું કે હું જનતાના આશીર્વાદ લઈશ. હું ઘરે ઘરે જઈને લોકોના આશીર્વાદ લઈશ. મેં કરેલા કામનો હિસાબ જનતાને આપીશ. મેં કોઈ ભેદભાવ રાખીને કામ કર્યું નથી. જેમણે મને મત આપ્યો છે અને જેમણે મને મત નથી આપ્યો તેમના માટે પણ મેં કામ કર્યું છે. લોકોના ગડકરી પ્રત્યેના પ્રેમને કારણે તેમની ટિકિટ બચી હોવાનું મનાય છે. ■

### ભાજપની ૩૭૦ પ્લસ સીટો પર ગડકરીએ શું કહ્યું?

ભાજપની ૩૭૦ પ્લસ સીટો પર વિજયના લક્ષ્યાંક અંગે નીતિન ગડકરીએ કહ્યું હતું કે, મોદીજીના નેતૃત્વમાં સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં જે કામ કર્યું છે તેનાથી જનતાને ઘણો ફાયદો થયો છે.

કોંગ્રેસ ૬૦-૬૫ વર્ષમાં જે ન કરી શકી તે અમે ૧૦ વર્ષમાં કરી બતાવ્યું. લોકો અમને ચોક્કસ સમર્થન આપશે.

અમારી સરકારે મહારાષ્ટ્રમાં પણ સારું કામ કર્યું છે. મહારાષ્ટ્રમાં ઐતિહાસિક જીત જોવા મળશે. ■

**ઉદ્ધવ જૂથને ચૂંટણી પૂર્વે ઉપરાઉપરી બે ઝટકા**

# આદિવાસી સમૂહનો ચહેરો ગણાતા આમશ્યા પડવી શિંદે જૂથની વાટે

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઇ ગઇ છે અને દરેક પક્ષ પોતાના ઉમેદવારોને કઇ બેઠકો ઉપરથી ઊભા કરવા તેની યાદી જાહેર કરી રહ્યા છે ત્યારે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાને એક પછી એક ઝટકા મળી રહ્યા છે. કલ્યાણના જિલ્લા પ્રમુખ ચંદ્રકાંત બોડારેએ એકનાથ શિંદે જૂથની શિવસેનાની વાટ પકડી ત્યારબાદ વધુ એક મહત્ત્વપૂર્ણ ચહેરો એકનાથ શિંદે જૂથમાં સામેલ થયો છે. વિધાનસભ્ય આમશ્યા પાડવી પણ હવે એકનાથ શિંદે જૂથમાં સામેલ થયા છે અને મુંબઈ ખાતે ખુદ એકનાથ શિંદેએ તેમના પક્ષ પ્રવેશ કાર્યક્રમમાં સામેલ થયા હતા અને તેમનું સ્વાગત કર્યું હતું.

આમશ્યા પાડવી તે ઉદ્ધવ ઠાકરે જૂથનો આદિવાસી ચહેરો માનવામાં આવતો હતો અને તેમના એકનાથ શિંદે જૂથમાં સામેલ થવાના કારણે આદિવાસી મતદારો પણ એકનાથ શિંદે જૂથ તરફ વળશે તેવી શક્યતા છે. નંદુરબાર જિલ્લામાં આમશ્યા પાડવીની સારી પકડ છે અને તેઓ ઘણાં વર્ષોથી શિવસેના માટે કામ કરી રહ્યા છે. જોકે શિવસેનાના બે ફાંટા પડી ગયા બાદ હવે પાડવીએ એકનાથ શિંદે જૂથમાં સામેલ થવાનું નક્કી કરતા ઉદ્ધવ ઠાકરે જૂથની મુશ્કેલીઓમાં વધારો થયો છે. એક પછી એક મોટા નેતાઓ મહાવિકાસ આઘાડીનો સાથ છોડી રહ્યા હોવાથી મહાવિકાસ આઘાડી માટે આગામી લોકસભાની ચૂંટણી મુશ્કેલ નિવડશે તેવી ચર્ચા ચાલી રહી છે. ■

# ચહલને ટ્રાન્સફરમાંથી મુક્તિ આપવા શિંદે સરકારની ફરી ચૂંટણી પંચને વિનંતી

મુંબઈઃ રાજ્ય સરકારે ફરી એકવાર ભારતના ચૂંટણી પંચને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર આઈ એસ ચહલ અને અન્ય અધિકારીઓની આગામી ચોમાસામાં તેમની નિર્ણાયક ભૂમિકાને ટાંકીને બદલીમાંથી મુક્તિ આપવા વિનંતી કરી છે. ચૂંટણી પેનલે ફેબ્રુઆરીમાં રાજ્યને જિલ્લા કાઉન્સિલના એ તમામ કમિશનરો અને ચીફ ઓફિસરોની બદલી કરવા જણાવ્યું હતું જેમણે એક પોસ્ટ અથવા એક જિલ્લામાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યા હોય. તેના પ્રતિભાવમાં, રાજ્યએ પંચને મ્યુનિસિપલ કમિશનરોને નિયમમાંથી બાકાત રાખવા વિનંતી કરી, કારણ કે સંબંધિત નાગરિક સંસ્થા દ્વારા ચોમાસાની તૈયારીઓને અસર થઈ શકે છે. જોકે, ચૂંટણી પંચે આ વિનંતીને ફગાવી દીધી હતી.

ત્યારબાદ રાજ્યએ અકોલા મ્યુનિસિપલ કમિશનર કવિતા દ્વિવેદી અને પુણે મ્યુનિસિપલ કમિશનર વિક્રમ કુમારની બદલી કરી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી એકનાથ શિંદે ચહલના ટ્રાન્સફરના પક્ષમાં નથી. મુંબઈના કમિશનર અને એડમિનિસ્ટ્રેટર ચહલ, એડિશનલ કમિશનર પી વેલરાસુ, અશ્વિની ભિડે અને રાજ્યભરના કેટલાક વધારાના કમિશ્નરોની બદલીમાં વિલંબની ગંભીર નોંધ લઈને, ચૂંટણી પેનલે આ અઠવાડિયાની શરૂઆતમાં ફરીથી સરકારને પત્ર લખીને નિયમોનું પાલન કરવા માગ કરી હતી. થોડા દિવસો પછી, રાજ્યએ આ અધિકારીઓને મુક્તિ આપવા માટે સમાન વિનંતી સાથે ચૂંટણી પંચને પાછો પત્ર લખ્યો.

નોંધનીય છે કે, રાજ્ય સરકારે શનિવારે અધિક મુખ્ય સચિવ (કૃષિ) અનુપ કુમારની અધિક મુખ્ય સચિવ, સહકાર વિભાગના પ્રભારી તરીકે બદલી કરી. આઈએએસ અધિકારી આ વર્ષે ઓગસ્ટમાં નિવૃત્ત થવાના છે અને તે અગાઉ સહકાર વિભાગના વડા હતા. ■

# અશોક ચવ્હાણ અને જરાંગે વચ્ચે મુલાકાતથી રાજકીય ચણભણ

છત્રપતિ સંભાજીનગરઃ ભાજપના રાજ્યસભા સાંસદ અશોક ચવ્હાણ રવિવારે જાલના જિલ્લાના અંતરવાલી સરાતી ગામમાં મરાઠા અનામતના નેતા મનોજ જરાંગેને મળ્યા હતા અને જણાવ્યું હતું કે સમુદાયને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ચવ્હાણ શનિવારે મોડી રાત્રે ત્યાં પહોંચ્યા હતા અને રવિવારે સવારે ૧ વાગ્યા સુધી તેમની સાથે મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ વાતચીતને લોકસભાની ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. (પીટીઆઈ) ■






# રાજ્યમાં કાળઝાળ ગરમીની સાથે જ કમોસમી વરસાદ

## સતત બીજા દિવસે સોલાપુરમાં પારો આસમાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં હાલ એક તરફ મોટાભાગના જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે અને તાપમાનનો પારો ૩૫થી ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે ત્યારે વિદર્ભના અમુક જિલ્લામાં કમોસમી વરસાદ અને માવઠાને કારણે કાંદા સહિતના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાના અહેવાલ છે.

રાજ્યમાં હાલ ઉનાળાની આકરી ગરમી પડી રહી છે. શનિવારે મધ્ય મહારાષ્ટ્રના સોલાપુરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયા બાદ સતત બીજા દિવસે પણ સોલાપુરમાં પારો ૩૯.૮ ડિગ્રી નોંધાયો હતો. ત્યારે વિદર્ભમાં હાલ વિચિત્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. એક તરફથી આકરી ગરમી પડી રહી છે, તો બીજી તરફ કમોસમી વરસાદ પડી રહ્યો છે, તેને કારણે કાંદા સહિતના અનેક પાકને નુકસાન થવાને કારણે ખેડૂતોને રડવાની નોબત આવી છે.

વિદર્ભમાં રવિવાર સવારથી કમોસમી વરસાદની આગાહી વચ્ચે બપોર બાદ વાતાવરણમાં અચાનક ફેરફાર થયો હતો અને હલકાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડ્યો હતો, જેમાં મંગરુળપીર તાલુકામાં પડેલા મુશળધાર વરસાદને પગલે કાંદા સહિતના અનેક પાકને નુકસાન થયું હોવાનું કહેવાય છે. આ અગાઉ ફેબ્રુઆરી પણ વિદર્ભના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો, તેને કારણે ઘઉં, સંતરા સહિતના અનેક પાકને નુકસાન થયું હતું.

રવિવારે એક તરફ વિદર્ભના અનેક જિલ્લામાં તાપમાનનો પારો ૩૭થી ૩૯ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો, જેમાં બ્રહ્મપુરીની સાથે વાશિમમાં ૩૯.૦ ડિગ્રી, અકોલામાં ૩૭.૯ ડિગ્રી, યવતમાળમાં ૩૭.૭ ડિગ્રી, અમરાવતીમાં ૩૭.૬ ડિગ્રી, ચંદ્રપુરમાં ૩૭.૨ ડિગ્રી, વર્ધામાં ૩૭.૦ ડિગ્રી, બુલઢાણામાં ૩૬.૪ ડિગ્રી, ગઢચિરોલીમાં ૩૬.૦ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું.

આ દરમિયાન મુંબઈમાં રવિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૦.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૧ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન ખાતાએ આગામી દિવસોમાં મુંબઈમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની આસપાસ જવાની શક્યતા વ્યક્ત કરી છે. તો રાજ્યમાં વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્રમાં ગરમીનું જોર વધવાનું અને પારો ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા વ્યક્ત કરી છે.

# ૩૦૦ રોકાણકારો સાથે ₹ ૨૬ કરોડની છેતરપિંડી: કંપનીના માલિક સહિત ચાર સામે ગુનો

મુંબઈ: સ્કીમમાં ૧૧ મહિના માટે રોકાણ પર દર મહિને પાંચ ટકા વ્યાજની લાલચે ૩૦૦ રોકાણકારો સાથે રૂ. ૨૬ કરોડની કથિત છેતરપિંડી આચરવા પ્રકરણે નવી મુંબઈ પોલીસે કંપનીના માલિક અને તેના ત્રણ કર્મચારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. રોકાણ કરનાર લોકોને ૧૧ મહિના પૂરા થયા બાદ વ્યાજ કે રોકેલા પૈસા પાછા ન મળતાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ડોંબિવલીના ૫૭ વર્ષના ઇન્શ્યૂરન્સ એજન્ટે નોંધાવેલી ફરિયાદને આધારે એપીએમસી પોલીસે શુક્રવારે નીતિન પ્રકાશ પાર્ટે, તેના એકાઉન્ટન્ટ દીપક સુર્વે, સચિન ભિસે અને અમોલ જાધવ સામે ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદીને ૨૦૨૨માં તેના મિત્ર તરફથી નીતિન પાર્ટે અંગે જાણવા મળ્યું હતું. મિત્રએ ફરિયાદીને જણાવ્યું હતું કે પાર્ટેની કંપની દ્વારા સ્કીમ બહાર આવી છે, જેમાં ૧૧ મહિના માટે રોકાણ કરવા પર દર મહિને પાંચ ટકા વ્યાજ મળે છે. ૧૧ મહિના પૂરા થયા બાદ તેમને તેના રૂપિયા પાછા આપવામાં આવે છે અને સિક્યુરિટી તરીકે કંપની તેમને ફિક્સ્ડ ડિપોઝિટ બોન્ડ પણ આપે છે.

ઑક્ટોબર, ૨૦૨૨માં ફરિયાદી તેના મિત્ર સાથે નવી મુંબઈના જુઇ નગરમાં પાર્ટેની ઓફિસમાં ગયો હતો, જ્યાં પાર્ટે સહિત ચાર જણ તેમને મળ્યા હતા. પાર્ટેએ દાવો કર્યો હતો કે તેની હેડ ઓફિસ એમપીએમસીમાં આવેલી છે અને તેનો ઇમ્પોટ-એક્સપોર્ટનો વ્યવસાય છે. તે ક્રેડિટ સોસાયટી પણ ચલાવે છે. પાર્ટેએ બાદમાં તેમને સ્કીમ અંગે માહિતી આપી હતી.

દરમિયાન ફરિયાદીએ પાર્ટે પર વિશ્વાસ રાખીને તેની સ્કીમમાં રૂ. ૧૬.૬૦ લાખનું રોકાણ કર્યું હતું. સિક્યુરિટી તરીકે તેને પોસ્ટ ડેટેડ ચેક, એફડી સર્ટિફિકેટ અને એફડી બોન્ડ આપવામાં આવ્યા હતા. ફરિયાદીને રૂ. ૩.૫૦ લાખ વ્યાજ મળ્યું હતું. જોકે બાદમાં તેને વ્યાજ મળવાનું બંધ થઇ ગયું હતું. ફરિયાદીએ આ અંગે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તેની જેમ અન્ય ૩૦૦ લોકો સાથે રૂ. ૨૬ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. ફરિયાદી તથા અન્યો બાદમાં પાર્ટેને મળ્યા હતા. એ સમયે તેણે પૈસા પાછા આપવાનું આશ્વાસન આપ્યું હતું. જોકે બાદમાં તેઓ ટાળવા લાગ્યા હતા અને ઓફિસ બંધ કરી દીધી હતી.

# થાણેથી ઘોડબંદર થઈને ડાયરેક્ટ ભિવંડી અને વસઇ

## ખાડી પર બની રહ્યા છે ત્રણ પુલ

મુંબઈ: દાયકાઓથી ટ્રાફિકની ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા ભિવંડીવાસીઓ માટે ટૂંક સમયમાં ખાડી પર ત્રણ પુલ બનવા જઈ રહ્યા છે , જેનું કામ ચોમાસા પછી શરૂ થશે. ભિવંડીની ટ્રાફિક સમસ્યા હલ કરનાર થાણે અને ભિવંડી વચ્ચેના આ ત્રણ પુલનું નિર્માણ કાર્ય ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ પુલ થાણેના કોલશેત, ગાયમુખ, કાસરવડવલીથી ભિવંડીના કાલ્હેર, પાયગાંવ, ખારબાવ વચ્ચેની ખાડી પર બાંધવામાં આવનાર છે. બ્રિજના નિર્માણ સાથે, વાહનો ટૂંક સમયમાં થાણેથી સીધા ઘોડબંદર રોડ થઈને ભિવંડી અને વસઈ રોડ પર પહોંચી શકશે.

થાણે અને ભિવંડી વચ્ચેના ખાડી પર પુલ બાંધવા માટે કોન્ટ્રાક્ટરની પસંદગી કરવામાં આવનાર છે અને એએઆરડીએ એ આ માટે ટેન્ડર પણ મગાવ્યા છે. ગાયમુખ-પાયગાંવ અને કોલશેત-કાલહેર બ્રિજના નિર્માણમાં રસ ધરાવતી કંપનીઓ ૨૪ એપ્રિલ સુધી અરજી કરી શકે છે. ઇચ્છુક કંપનીઓ કાસરવડાવલી-ખારબાવ વચ્ચેના પ્રસ્તાવિત પુલ માટે ૩૦ માર્ચ સુધી અરજી કરી શકે છે.

ટેન્ડર મેળવ્યા પછી, કંપનીએ ૪૨ મહિનામાં ગાયમુખ-પાયગાંવ અને કાસરવડાવલી-ખારબાવ બ્રિજ બનાવવાનો રહેશે. તે જ સમયે, ૩૬ મહિનામાં કોલશેત-કાલહેર બ્રિજ બનાવવાનું ફરજિયાત રહેશે. ચોમાસાનો સમય પણ નિયત સમયગાળામાં સામેલ છે. બ્રિજ પૂર્ણ થયાના ૬૦ મહિનામાં કોઈપણ ખામી દૂર કરવાની જવાબદારી બાંધકામ કંપનીની રહેશે.

# મહિલાઓની સુરક્ષા માટે મુંબઈ મહાનગરપાલિકા અને મુંબઈ પોલીસે મિલાવ્યા હાથ

## સંયુક્ત રીતે અમલમાં મૂકશે 'મહિલા સુરક્ષા અભિયાન'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નોકરી, વ્યવસાય અને શિક્ષણ માટે મુંબઈમાં દરરોજ લાખો મહિલાઓ વહેલી સવારથી ઘરની બહાર નીકળતી હોય છે. આ મહિલાઓને સુરક્ષા મળી રહે તે માટે મુંબઈ મહાનગરપાલિકા અને મુંબઈ પોલીસ સંયુક્ત રીતે 'મહિલા સુરક્ષા અભિયાન' અમલમાં મૂકશે એવી જાહેરાત મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કરી છે.

મહારાષ્ટ્ર સરકાર તરફથી મહિલા સશક્તીકરણ માટે અનેક મહત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. મુંબઈ મહાનગરપાલિકા પણ મુંબઈ મહાનગરની મહિલાઓને સ્વાવલંબી અને સક્ષમ બનાવવા માટે બચત ગટના માધ્યમથી જુદી જુદી યોજના અમલમાં મૂકી રહી છે. તેમાંથી મુખ્યમંત્રી મહિલા શક્તીકરણ મહિલા સશક્તીકરણ અભિયાન અંતર્ગત મહિલાઓનું સક્ષમીકરણ કરવાનું યોજનાનો શુક્રવારે ૧૫ માર્ચના શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ દરમિયાન મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મહિલા સક્ષમીકરણ યોજના મારફત દરેક બચત ગ્રૂપને પાલિકા એક લાખ રૂપિયા આપશે.

આ પ્રકારનો ઉપક્રમ અમલમાં મૂકનારી મુંબઈ મહાનગર પાલિકા દેશની પહેલી મહાનગરપાલિકા છે.

# મહારાષ્ટ્ર સરકાર ખરીદશે જમ્મુ-કાશ્મીરમાં જમીન!

## જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદનારું પહેલું રાજ્ય બનશે મહારાષ્ટ્ર

મુંબઈ: બંધારણની કલમ ૩૭૦ હટાવી લેવાઇ ત્યારબાદ જમ્મુ અને કાશ્મીરને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દેવાયા અને સામાન્ય લોકો પણ હવે આ પ્રદેશમાં જમીન કે પ્રોપર્ટી ખરીદી શકે છે. જોકે, કોઇ રાજ્યએ સત્તાવાર તરીકે હજી સુધી આ પ્રદેશમાં જમીન ખરીદી નથી, પરંતુ મહારાષ્ટ્રની સરકારે હવે જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદવાનું નક્કી કર્યું છે. જમ્મુ-કાશ્મીરમાં મહારાષ્ટ્ર ભવન બનાવવા માટે મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકાર દ્વારા બડગામમાં જમીન ખરીદવામાં આવશે.

જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદનારું મહારાષ્ટ્ર ભારતનું સૌપ્રથમ રાજ્ય બનશે. મળેલા અહેવાલો મુજબ ૨૦૨૩માં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે ગયા હતા અને એ દરમિયાન નાયબ રાજ્યપાલ મનોજ સિંહાની સાથે શિંદેએ બડગામમાં મહારાષ્ટ્ર ભવન બનાવવા અંગે વિસ્તારમાં ચર્ચા કરી હતી.

મળેલી માહિતી મુજબ જમ્મુ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક બડગામ પાસે ૨.૫ એકર જમીન મહારાષ્ટ્ર સરકારને ટ્રાન્સફર કરવામાં આવશે. એ માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી ૮.૧૬ કરોડ રૂપિયા ચૂકવશે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

ચુડા નિવાસી હાલ મીરારોડ કુસુમબેન (કનકબેન) કિરીટકુમાર મોદી તે કીરીટકુમાર કાંતિલાલ મોદીના ધર્મપત્ની તા. ૧૩-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે દયાબેન કાંતિલાલ મોદીનાં પુત્રવધૂ. તે વેકરીનિવાસી વ્રજકુરબેન, ત્રિભોવનદાસ શેઠના પુત્રી. તે સ્વ.કમળાબેન, સ્વ. હંસાબેન, સ્વ. દલીચંદભાઇ, સ્વ. હરીભાઇ, સ્વ. કંચનબેન, સ્વ. જયાબેન, સ્વ. ચંદનબેન તથા હીનાબેનનાં બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

ત્રાપજ નિવાસી હાલ વડાલા સ્વ. રમણીકલાલ રતીલાલ શાહના ધર્મપત્ની સવિતાબેન (ચંદ્રાબેન) (ઉં. વ. ૮૮) તા. ૧૬-૩-૨૪ના અરિહંતશરણ પામેલા છે. તે સ્વ. જગત, દિપક, યોગેશ, મનોજના માતુશ્રી. જ્યોતિ, ચેતના, રેખા, ઝરણાના સાસુ. દર્શન, રિકીન, મિહિર, પાર્શ્વ, રીપા હર્ષીલકુમાર વોરા, પાયલ હર્ષીલકુમાર શાહ, હર્ષીલી રોનકકુમાર દોશીના દાદી. પિયર પક્ષે સ્વ. રતીલાલ ઓધવજીના દિકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ વડોદરા સ્વ. ડો. મનહરલાલ માણેકલાલ સંઘવીના પૌત્ર તે સ્વ. નીતાબેન તથા જીતુભાઇના જયેષ્ઠ પુત્ર કુણાલ (ઉં. વ ૪૯) નેહલ, સંજય શાહ તથા ધ્વનિતના મોટાભાઇ. મહેશભાઇ-સરોજબેન, પ્રદીપભાઇ-આશાબેન, પ્રવિણાબેન દીલીપભાઇ બગડીયા, અલકાબેન સુનીલભાઇ ચોકસી તથ નીતાબેનના ભત્રીજા. કલોલ નિવાસી હાલ વાલકેશ્વર હસુભાઇ સી. શેઠના ભાણેજ. તા. ૧૪ માર્ચ ૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયાના હસમુખ જેઠાલાલ મારૂ (ઉં. વ. ૫૯) તા. ૧૪-૩-૨૦૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન જેઠાલાલના સુપુત્ર. જયશ્રીના પતિ. પ્રાચી, શિવાનીના પિતા. મુક્તા, પ્રવિણા, અરૂણા, શીલાના ભાઇ. હેમલતા બચુલાલના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા.સં. : કરશન લધુ નિસર હોલ (દાદર), ટા. ૨ થી ૩.૩૦.

છસરાના શશીકાંત કેશવજી ગાલા (ઉં. વ. ૬૬), તા. ૧૬/૩/૨૦૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કેશવજીના પુત્ર. સ્વ. મનીષાબેનના પતિ. કેયુરના પિતા. સ્વ. મહેન્દ્ર, ગિરીશ, સ્વ. પ્રવિણ, બિપીન, નયના, પુષ્પા, નૂતનના ભાઇ. પારડી સવિતાબેન શાંતિલાલ નાણાવટીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પુષ્પાબેન સંગોઈ : બી/૬, અભય એપા., મહારાણા પ્રતાપ રોડ, નારાયણ નગર, ભાયંદર (વે).

**ગોડવાલ ઓસવાલ જૈન**

સાદડી નિવાસી હાલ બાયકલા પુષ્પાબેન સોહનલાલજી મરલેછા, સોહનલાલજીના ધર્મપત્ની. સ્વ. સતીશ, પ્રકાશ, કાંતાબેનના માતુશ્રી. અનિતાબેન, નીતાબેન, સ્વ. ભેરુલાલજી પરમારના સાસુ. હેમંત-દીપીકા, સાત્યમ-મિતાલી, કશ્યપ-રુચિતા, આકાંક્ષા-શ્રેઆંસજીના દાદી. જયેશ-પૂનમ, જિનિતા-પ્રાંજલજીના નાની. રાંકા પરિવારના પૂણેના પુત્રી. તા. ૧૫-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૩-૨૪ના સોમવારે ૧૧થી ૧. ઠે. કચ્છી વીસા મહાજન વાડી, ૭૦/૮૦, ડો. બી. આય. રોડ, વોલ્ટાસની સામે, ચિંચપોકલી (લાલબાગ) મુંબઇ.

## હિન્દુ મરણ

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

બડોલી નિવાસી હાલ વિરાર ગ. સ્વ. પુષ્પાબેન અરવિંદભાઈ દવે (ઉં. વ. ૮૮), તે ૧૫-૩-૨૪ના શુક્રવારે, દેવલોક પામ્યા છે. તે કિરીટ, કમલેશ નીતિન, યજ્ઞેશ, મૃદુલા ને કલ્પનાના માતુશ્રી. તે ભાવના, જયશ્રી, હેમા, બીના, મીનાક્ષી, અનિલ જાની, મયુર જોષીના સાસુ. તે વિમલ, ધૈર્ય, દીપ, શિવમ અને પ્રાપ્તિના દાદી.ચિરાગ, અમી, પ્રિયજના નાની. તે સ્વ. પુરુષોત્તમ મહીધરલાલ વ્યાસ અને સ્વ જેઠીબાના દીકરી. સાદડી પ્રથા બંધ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

વસઈ નિવાસી, દમયંતીબેન રાઠોડ, (ઉં. વ. ૮૩) સ્વ. ડાયાભાઈ પરષોત્તમભાઈ રાઠોડના પત્ની, ૧૬-૩-૨૪, શનિવારના શ્રી રામચરણ પામ્યા છે. તે પુરુષોત્તમ દામોદરભાઈ વડુકુલ, પમુબેનના દીકરી. હિતેશના માતા. પૂજાબેનના સાસુ. વિધિ, ઉન્નતિ, વિશેષભાઈના દાદી. સાગર ચુડાસમા, ધ્રુવેશ ચિત્રોડાના દાદી સાસુ. ભગવાનદાસભાઈ, કમળાબેન, પ્રકાશ ભાઈ, ભારતીબેનના બેન, પ્રાર્થના સભા (કસુંબો) સોમવાર ૧૮/૩/૨૪ના વિશ્વકર્મા હોલ, આનંદ નગર, વસઈ (વેસ્ટ) ખાતે રાખવામાં આવેલ છે. સમય બપોરે ૩થી ૫.

**દશા સોરઠીયા વણિક**

વેકરી નિવાસી હાલ ભાયંદર ઉમેશકુમાર મનસુખલાલ સેલારકાના ધર્મપત્ની વીણાબેન (ઉં. વ. ૬૪) તે ૧૬/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે કલ્પેશ, હિરેન ના માતુશ્રી. રક્ષાબેન ના સાસુ. કાર્તિકના દાદી. ગં.સ્વ. નીતાબેન વસંતભાઈ સેલારકાના દેરાણી. ગં.સ્વ. સરલાબેન ચંદુભાઈ શેઠ ના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

કોઢાડા પીઢા હાલ દહિસર સ્વ. પ્રતિમાબેન નંદલાલ ઝવેરચંદ ગોરસિયાના પુત્ર હરેશભાઇ (ઉં. વ. ૫૯) તે ૧૬/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે લીનાબેનના પતિ. સિદ્ધાર્થ ના પિતા. સ્વ. ખુશાલચંદ છગનલાલ મલકાણના જમાઈ. ભરતભાઈ, રાજેશભાઈ અમૃતલાલ ગોરસિયા, પ્રમોદ નરભેરામ ગોરસિયાના ભાઈ. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામખંભાળિયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. જીવીબેન તથા સ્વ. જમનાદાસ ઓધવજી મજીઠીયાના પુત્ર દિલીપભાઈ મજીઠીયા (ઉં. વ. ૭૮) તે ૧૫/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. લતાબેન ના પતિ. દિપક તથા જયશ્રીના પિતા. સ્વ. હરિદાસ, સ્વ. મથુરાદાસ, રમણલાલ, સ્વ. કિશોરભાઈ, સ્વ. લક્ષ્મીદાસના નાનાભાઈ. તે સાસરાપક્ષે સલાયાવાળા સ્વ. કિશોરભાઈ જેઠાલાલ દત્તાણી, સુધાબેન જેઠાલાલ દત્તાણી, રંજનબેન કન્હૈયાલાલ દક્ષિણીના બનેવી. તેમની પ્રાર્થનાસભા ૧૮/૩/૨૪ સોમવાર રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

ડેડાણ નિવાસી હાલ બોરીવલી વોરા ભગવાનદાસ વનમાળીદાસના પુત્ર ધીરજલાલ (ઉં. વ. ૯૨) તે ૧૬/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અરુણાબેનના પતિ. સ્વ. પરષોત્તમભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. મંજુલાબેન હિંમતલાલ ગાંધી, તુલસીદાસના ભાઈ. નયના ભરત પારેખ, જયશ્રી શૈલેશ પંચમતીયા, મુકેશભાઈ તથા હેમંતભાઈના પિતા. અમરેલીવાડા મણિલાલ મકનજી ગાંધીના જમાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૧૮/૩/૨૪ના ૫ થી ૭ કોરા કેન્દ્ર હોલ, કોરાકેન્દ્ર બોરીવલી વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા હાલ માટુંગા-મુંબઇ નિવાસી સ્વ. ઇચ્છાબેન પરસોતમદાસ સંઘવીના પુત્ર. સ્વ. મનસુખલાલ પરશોતમદાસ સંઘવી (ઉં. વ. ૮૬) તે સ્વ. રમાબેન તથા સ્વ. મધુબેનના પતિ. સ્વ. નગીનદાસ, સ્વ. વિનોદરાય, સ્વ. શાંતાબહેન ભગવાનદાસ દોશીના ભાઇ. મુકેશ, ધીરેન, પારુલ, કોમલના પિતા. રીટા, નીધી, પ્રદિપકુમારના સસરા. અમરેલીવાળા મનમોહનદાસ ત્રિભોવનદાસ પારેખ તથા ડુંગરવાળા પ્રાણજીવનદાસ મોહનલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૩-૨૪ના, ૫-૩૦થી ૭. ઠે. યોગી સભાગૃહ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, દાદર (ઇસ્ટ) ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડુંગરવાળા મહેતા (રેશમિયા) હાલ બોરીવલી સ્વ. હસમુખલાલ હરિલાલ મહેતાના પત્ની. ગં. સ્વ. દમયંતીબેન (ઉં.વ.૮૭) શનિવાર તા. ૧૬-૩-૨૪ શ્રીજીચરણ પામેલ છે. તે નીતિન, અજય, રાકેશના માતુશ્રી. તે જયશ્રી, અલ્પાના સાસુ. પિયરપક્ષે હડમતીયાવાળા સ્વ. મોહનલાલ દામોદરદાસ મહેતાની દીકરી. તે સ્વ. હીરાબેન દ્વારકાદાસ પારેખ, સ્વ. પુષ્પાબેન નટવરલાલ દેસાઇ, સ્વ. ભાનુબેન રમેશચંદ્ર પારેખ, સ્વ. ઇન્દુબેન જગમોહનદાસ મહેતા, સ્વ. મધુબેન રમણીકલાલ વોરાના ભાભી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૪ના મંગળવારે ૫થી ૭. ઠે. આંગન કલાસિક હોલ, ૧લે માળે, કેન્ટ ટાવર બી. જંકશન ઓફ ટીપીએસ રોડ અને ફેકટરી લેન, એમ. કે. સ્કૂલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**દેસાઇ સઇ સુતાર**

ગામ પસ્વી, તળાજા હાલ દહાણુરોડ માતુશ્રી સ્વ. દિવાળીબેન દામજીભાઇ માંડલિયા (ઉં. વ.૯૫) તે તા. ૧૪-૩-૨૪ના ગુરુવારે રામચરણ પામેલ છે. તે સુરેશભાઇ, કિશોરભાઇ, વિજયભાઇ, ગં. સ્વ.જયાબેન પ્રવિણચંદ્ર રાઠોડ, સુશીલાબેન, કનૈયાલાલ ગોહિલ તથા મધુબેન દિનેશકુમાર ગોહિલના માતુશ્રી. તે ઠાચડ નિવાસી રાઘવભાઇ કરશનભાઇ વાઢેળની દિકરી. તે સુનીલ, મેહુલ, સાગર, સંતોષ, મિલન, અંકીતના દાદીમાં. બેસણું સોમવાર, તા. ૧૮-૩-૨૪ના ૪થી ૬.ઠે. એચ. કે. ઇરાની હોલ, સ્ટેટ બેન્કની બાજુમાં, દહાણુરોડ, જિલ્લો પાલઘર.

**સઇ સુતાર વાંઝા નાઘેર**

ઉના નિવાસી હાલ થાણા યોગેશભાઇ વસંતભાઇ જેઠવા (ઉં. વ. ૪૭) તા. ૧૪-૩-૨૪ના રામશરણ પામ્યા છે. તે ગં. સ્વ. મંજુલાબેન વસંતભાઇ જેઠવાના પુત્ર. તે ચેતનાબેનના પતિ. તે દિવ્યેશના પિતાશ્રી. તે ઉના નિવાસી જયાબેન હિંમતભાઇ ગોહીલના જમાઇ. તે કેતનભાઇ, જીજ્ઞેશભાઇ, ઉષાબેન વિપુલભાઇ ગોહિલના ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૩-૨૪ના ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, ૯૦ ફીટ રોડ, લવંડર બોગ પાસે, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

છેલ્લા પાનાનું ચાલુ

### હજારો લોકો ભાજપથી

સાથે નથી, એ શક્તિ સાથે છે જે આ બધું કરી રહી છે. મોદી તો એક ચહેરો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રના જ એક રાજકીય નેતા મારી માતાને મળવા આવ્યા હતા અને રડતાં રડતાં કહ્યું હતું કે સોનિયાજી મને શરમ આવે છે. મારી આ લોકો સાથે લડવાની હિંમત નથી. મને જેલમાં જવું નથી. આવા એક નહીં હજારો લોકો ગભરાયેલા છે, એવો દાવો કરતાં તેમણે ઉમેર્યું હતું કે શિવસેના-એનસીપીના લોકો તેમની રીતે ગયા એવું તમને લાગે છે? ના, આ શક્તિએ લોકોના ગળા પકડીને તેમને ભાજપમાં સામેલ કર્યા છે. હું ચાર હજાર કિલોમીટર ચાલ્યો, ત્યારબાદ છ હજાર કિલોમીટર મણિપુરથી મુંબઈ, ધારાવી સુધી ચાલ્યો છું. મેં જે જોયું, જે સાંભળ્યું તે શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી, એમ રાહુલ ગાંધીએ કહ્યું હતું.

એ ભાજપ વિરુદ્ધ લડી રહ્યા છીએ. અમે બધા એક રાજકીય પક્ષ વિરુદ્ધ લડી રહ્યા છીએ એવું ચિત્ર ઉભું કરવામાં આવી રહ્યું છે અને લોકોને પણ એવું જ લાગી રહ્યું છે. પણ તે સાચું નથી. તે ખોટું છે. અમે રાજકીય પક્ષના વિરુદ્ધ નથી લડી રહ્યા. એક વ્યક્તિને ચહેરો બનાવીને બેસાડવામાં આવ્યો છે. હિંદુ ધર્મમાં એક શબ્દ છે. શક્તિ. અમે તે શક્તિના વિરોધમાં લડી રહ્યા છીએ. આ શક્તિ શું છે એવો સવાલ થઈ રહ્યો છે. આ એ શક્તિ છે જે દેશ ચલાવી રહી છે. મણિપુરમાં સિવિલ વોર કરાવનારી આ શક્તિ છે. પાર્ટીઓને તોડનારી આ શક્તિ છે. લોકોને ડરાવીને રાખનારી આ શક્તિ છે. કોઈએ કહ્યું કે રાજાનો આત્મા ઈવીએમમાં છે. સાચી વાત છે, રાજાનો આત્મા ઈવીએમમાં છે. ભારતની દરેક સંસ્થામાં છે. ઈડીમાં છે, આઈટીમાં છે. સીબીઆઈમાં છે, એમ રાહુલ ગાંધીએ કહ્યું હતું.

### દસ બેઠક માટે

ત્રણેય પક્ષો વચ્ચે મુખ્યત્વે દસ બેઠકો અંગે મડાગાંઠ ચાલી રહી છે. એક બે દિવસમાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા જણાઇ રહી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહાયુતિમાં બેઠકોની ફાળવણી અંગે ૮૦ ટકા ફેંસલો થઇ ગયો હોવાનું હાલમાં જ દિલ્હીમાં થયેલી બેઠક બાદ જણાવ્યું હતું. રાજ્યમાં લોકસભાની ૪૮ બેઠકો છે અને તેને ધ્યાનમાં રાખતા લગભગ ૧૦ બેઠકો બાબતે ત્રણેય પક્ષોમાં નિર્ણય નથી લઇ શકાયો એ એક રીતે દેવેન્દ્ર ફડણવીસે પણ માન્ય કર્યું હતું. મળેલી માહિતી મુજબ લગભગ ૧૦ બેઠકો માટે ત્રણેય પક્ષોમાં રસ્સીખેંચ શરૂ છે. તેવામાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ને પણ સાથે લેવાના ભાજપના પ્રયાસ ચાલી રહ્યા હોવાની માહિતી છે. એવામાં મનસેને સાથે લઇને દક્ષિણ મુંબઈની બેઠક બાળા નંદગાવકરને આપવામાં આવી શકે.

આ દસ બેઠક માટે મહાયુતિમાં ખેંચતાણ

મહાયુતિમાં ભંડારા-ગોંદિયા, સાતારા, થાણે, રામટેક, યવતમાળ, ગઢચિરોલી, ઉત્તર-પશ્ચિમ મુંબઈ, દક્ષિણ મુંબઈ, ઔરંગાબાદ અને કોલ્હાપુર આ બેઠકો માટે રસ્સીખેંચ ચાલુ હોવાનું દૃશ્ય છે.

### ભાજપમાં હવા અમે

જ હવા ભરી હતી અને હવે તે હવા તેમના મગજમાં ભરાઈ ગઈ છે. તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન મોદી અને ભાજપ ગેરેન્ટી આપી રહ્યા છે, તેઓ શું પરચુરણની દુકાન લઈને બેઠા છે કે ગેરેન્ટી આપી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેએ સૂત્ર આપ્યું હતું કે અબકી બાર, ભાજપા તડીપાર.

તેમણે રાહુલ ગાંધીનું અભિનંદન કરતાં કહ્યું હતું કે મુંબઈમાં ભારત જોડો યાત્રાનું સમાપન કર્યું છે, જ્યાંથી અંગ્રેજોને હટાવવા માટે ક્વિટ ઈન્ડિયાની હાકલ કરી હતી.

### ચૂંટણીમાં મહારાષ્ટ્ર જ

ભાજપ અને સાથી પક્ષોનું લક્ષ્ય ૪૦૦ કરતાં વધુ બેઠકો હાંસલ કરવાનું હોઇ ઉત્તર પ્રદેશ ઉપરાંત મહારાષ્ટ્રમા વધુમાં વધુ બેઠકો પોતાના નામે થાય તે માટે કમર કસવામાં આવી રહી છે.

જોકે, આ ચૂંટણીમાં બે પ્રમુખ પક્ષોના બે ફાંટા પડી ગયા છે અને ઉદ્ધવ જૂથની શિવસેના ઉપરાંત શરદ પવારની એનસીપી અને અજિત પવાર જૂથની એનસીપી આ ફાંટા પડી ગયા હોવાથી મતદારો પણ અસમંજસમાં છે અને કયા પક્ષને મત આપવો તે નક્કી કરવામાં થોડી મૂંઝવણ અનુભવી રહ્યા છે. જોકે, પોતાના ક્ષેત્રના નેતાઓને પૂરેપૂરું સમર્થન બંને ફાંટામાં વહેંચાયેલા પક્ષોના મતદારોનું જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત પોતે જે વિધાનસભ્ય, સાંસદ કે નેતાને સમર્થન આપી રહ્યા હતા તે નેતા જે તે પક્ષમાં જોડાયા હોવા છતાં જે તે નેતાને જ પોતાનો મત મતદારો આપશે તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.

જોકે, મહારાષ્ટ્રમાં સત્તાધારી પક્ષનો હાથ આ ચૂંટણીમાં ઉપર રહેશે તેવું જણાઇ રહ્યું છે. કારણ કે મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૨૦૦ બેઠકો સત્તાધારી પક્ષ પાસે છે જ્યારે લોકસભાની પણ ૪૮ બેઠકોમાંથી સત્તાધારી પક્ષ અને તેના સાથી પક્ષો પાસે ૩૮ બેઠકો છે. એટલે કે મહારાષ્ટ્રમાં સત્તાધારી પક્ષ પાસે ૩૮ સાંસદો છે અને ૨૦૦ વિધાનસભ્યો છે. તેના બળે સત્તાધારી પક્ષ આ ચૂંટણીમાં પહેલા કરતાં સારો દેખાવ કરે તેવું જણાઇ રહ્યું છે. તેવામાં વિરોધ પક્ષના દિગ્ગજ નેતાઓ જેમ કે અશોક ચવ્હાણ, મિલીંદ દેવરા વગેરે સત્તાધારી પક્ષ સાથે આવી ગયા હોવા ઉપરાંત શરદ પવારના પક્ષ એનસીપીના જ સેકન્ડ ઇન કમાન્ડ કહી શકાય તેવા અજિત પવાર પણ ભાજપ સાથે આવી જતા સમીકરણો સંપૂર્ણપણે બદલાઇ ગયા છે.

### આજે બધા જ

બાળાસાહેબ ઠાકરેએ આખા હિંદુસ્તાનનું માર્ગદર્શ કર્યું એ શિવતીર્થ ઉપર વીર સાવરકરનું અપમાન કરનારા રાહુલ ગાંધીના ખોળામાં બેસવાનો વારો આજે તેમના વારસદારનો આવ્યો છે.

આ બધા જ શિવસૈનિકો માટે કાળો દિવસ છે. ઉદ્ધવ ઠાકરે જૂથના વિધાનસભ્ય આમશ્યા પાડવી એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થયા એ નિમિત્તે બોલતા એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે ઉપર નિશાન તાક્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ સાવરકર સ્મારક ઉપર જઇને સૌથી પહેલા માથું ટેકવવું જોઇએ, કારણ કે સાવરકર એ ભારતની અસ્મિતા છે. દેશની અસ્મિતા હોય તેવા વ્યક્તિ ઉપર મન ફાવે તે આરોપ કરવા અને તેમને ગાળો આપવી એ ક્યુ હિંદુત્વ છે? સાવરકરનું અપમાન થતું સહન કરવું પડી રહ્યું છે એ શિવસૈનિકોનું સૌથી મોટું દુર્ભાગ્ય છે, એમ શિંદેએ વધુમાં જણાવ્યું હતું.

### શહેરી વિસ્તારમાં

શકે છે. રાજ્યના નોંધણી અને સ્ટેમ્પ વિભાગે શહેરી વિસ્તારોમાં નવ ટકા, મ્યુનિસિપલ કાઉન્સિલ વિસ્તારોમાં ચાર ટકા, અસરગ્રસ્ત વિસ્તારોમાં સાડા ચાર ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં સાત ટકાના દરમાં વધારો કરવાની દરખાસ્ત કરી છે. દર વર્ષે ૧લી એપ્રિલથી રેડી રેકનરના નવા દરો જાહેર કરવામાં આવે છે. ગયા વર્ષે દરમાં કોઈ વધારો થયો નહોતો.

### બે પક્ષના ટુકડા

શિંદેએ બળવો કર્યો ત્યારબાદ શિવસેનાના બે ભાગલા પડી ગયા હતા જ્યારે નેશનલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી(એનસીપી-રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)ના ભાગલા ગયા વર્ષે જુલાઇ મહિનામાં થયા હતા. શરદ પવારના ભત્રીજા અજિત પવારે સત્તાધારી પક્ષ સાથે જોડાણ કરતા એનસીપીના પણ બે ફાંટા પડી ગયા હતા. ફડણવીસે આ વાતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે હું ફક્ત પાછો જ નથી આવ્યો પણ બે પક્ષના ભાગલા પાડીને પાછો સત્તામાં આવ્યો છું. સત્તામાં પાછા આવવા માટે અઢી વર્ષ લાગ્યા. મેં ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન એક કવિતા વાંચી હતી જેની એક પંક્તિ ખૂબ જ પ્રખ્યાત થઇ હતી.

### ભાજપની ગેરેન્ટીઓ

માર્ચ) કોંગ્રેસ પાર્ટીની 'ભારત જોડો ન્યાય યાત્રા' પૂરી થઈ. આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા જયરામ રમેશે જણાવ્યું હતું કે ૬૩ દિવસ બાદ ન્યાય યાત્રા પૂર્ણ થઈ છે. બંધારણની પ્રસ્તાવના સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની પણ વાત કરે છે. અમારી યાત્રાનો પણ આ જ સંદેશ છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રામાં ૧૮૧ જિલ્લાઓને આવરી લીધા હતા અને ભારત જોડો ન્યાય યાત્રામાં ૧૦૬ જિલ્લાઓને આવરી લેવાયા હતા. કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે હાલમાં આપણી બંધારણીય સંસ્થાઓ દ્વારા પક્ષપાત કરવામાં આવી રહ્યો છે. બંધારણ સંકટમાં છે. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના બંધારણને હટાવીને નવું બંધારણ બનાવવાની વાત થઈ રહી છે. હાલમાં જ ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અનંત હેગડેએ બંધારણ બદલવાની વાત કરી હતી તેનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે બંધારણમાં સુધારો કરવા માટે ભાજપને બે તૃતીયાંશ બહુમતી મળવી જોઈએ.

### સજ્જન જિંદાલ સામેના

પ્રાપ્ત કરવા અને અભિનેત્રીનું સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ નિવેદન નોંધવા માટે કોર્ટે વારંવાર લખવા છતાં અભિનેત્રી નિવેદન નોંધાવવા માટે હાજર થઇ નહોતી અને કોર્ટનો સમય બગાડ્યો હતો. એફઆઇઆરમાં ફરિયાદી અભિનેત્રીએ જણાવ્યું હતું કે ૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિંદાલ બાંદ્રા વિસ્તારમાંની પંચતારક હોટેલમાં તેને મળવા આવ્યા અને તેનો વિનયભંગ કર્યો હતો. જોકે અમારી તપાસમાં એવું જણાયું કે તે દિવસે જિંદાલ હોટેલમાં ગયા નહોતા. સાક્ષીદારોની તપાસમાં પણ આ સિદ્ધ થયું છે. ફરિયાદી દ્વારા ઉલ્લેખિત ઘટનાના સ્થળે હાજર સાક્ષીદારોની જુબાની અને તપાસમાં પ્રાપ્ત પુરાવાને આધારે એવું તારણ નીકળ્યું છે કે એફઆઇઆરમાં ઉલ્લેખ અનુસાર હકીકતમાં ફરિયાદી સાથે કશું પણ ખોટું કરાયું નહોતું, એમ પોલીસે જણાવ્યું હતું. એકંદરે અમારી તપાસમાં જણાયું છે કે ફરિયાદીએ જિંદાલને ખોટા ગુનામાં ફસાવવા માટે આરોપ કર્યો હતો. આથી કેસ બંધ કરવામાં આવે, એવું પોલીસે કોર્ટને જણાવ્યું હતું. ડિસેમ્બરમાં અભિનેત્રીએ ફરિયાદ કરી હતી કે લગ્નનું વચન આપીને જિંદાલે તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. તે જિંદાલને થોડાં વર્ષે પૂર્વે દુબઇમાં ક્રિકેટ મેચ વખતે મળી હતી. બાદમાં ઉદ્યોગપતિ તેની તરફ આકર્ષાયા હતા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ તેની સાથે દુષ્કર્મ કરાયું હતું.

### ભાજપને ઉખેડી

છીએ. જે લોકોને દેશને અલગ અલગ આશ્વાસનો આપીને લોકોની છેતરપિંડી કરી છે તેમને દૂર કરવા માટે મતદાનનો જ રસ્તો અપનાવવો પડશે. મોદીની ગેરેન્ટી ચાલવા વાળી ગેરેન્ટી નથી. ખોટા આશ્વાસનો આપીને બધાને અલગ રસ્તા પર લઈ જવામાં આવે છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સોમાલી ચાંચિયાઓએ ભારતીય નેવી સામે ટેક્યા ઘૂંટણિયાં: ૩૫ ચાંચિયાઓને તાબામાં લીધા

## અરબી સમુદ્રમાં નેવીના જાબાંઝોનું દિલધડક ઓપરેશન

મુંબઈ: ભારતના પશ્ચિમી સમુદ્રમાં ચાંચિયાઓના વધતા ત્રાસને જોતા ભારતીય નેવી(નૌકાદળ) દ્વારા અરબી સમુદ્રમાં દિલધડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને આ ઓપરેશન સફળ રહ્યું હોવાના અહેવાલ રવિવારે મળ્યા હતા. ભારતીય નેવી સામે સોમાલિયાના ચાંચિયાઓએ ઘૂંટણ ટેકવી દીધા હતા અને ૩૫ જેટલા સોમાલી ચાંચિયા એટલે કે સમુદ્રી લૂંટેરાઓએ ભારતીય નેવી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

એમવી રુએન નામનું માલવાહક જહાજનું અપહરણ કરવામાં આવ્યું હોવાની સૂચના મળતા જ ભારતીય નેવીના જાબાંઝ અધિકારીઓ અને સૈનિકોએ કલાકો સુધી અરબી સમુદ્રમાં ઓપરેશન ચલાવ્યું હતું અને આખરે ચાંચિયાઓને ઘેરીને જહાજ છોડાવ્યું હતું તેમ જ ચાંચિયાઓને આત્મસમર્પણ કરવા મજબૂર કર્યા હતા. આ ઓપરેશન માટે ભારતની યુદ્ધનૌકા આઇએનએસ કોલકતા ડિપ્લોય કરવામાં આવી હતી. આઇએનએસ કોલકતા ઉપરથી ઓપરેટ કરતા ભારતીય નેવીએ સફળતાપૂર્વક આ જોખમી ઓપરેશન પાર પાડ્યું હતું.

મળેલી માહિતી મુજબ ભારતના પશ્ચિમી કિનારાથી ૧૪૦૦ નૉટિકલ માઇલ્સ એટલે કે આશરે ૨,૬૦૦ કિલોમીટર દૂર અપહરણ કરાયેલા એમવી રુએન જહાજને રોકી લઇ ચાંચિયાઓને ભારતીય નેવીએ ઘેરી લીધા હતા. પહેલા ભારતીય નેવીએ ચાંચિયાઓને આત્મસમર્પણ કરવા કહેતા તેમણે ભારતીય નેવીની વાત માનવાથી ઇનકાર કર્યો હતો. જોકે ભારતીય નેવીએ દબાણ વધારતા આખરે ચાંચિયાઓના હોંસલા ધ્વસ્ત થયા હતા અને તેમણે આત્મસમર્પણ કર્યું હતું.

જે જહાજનું અપહરણ કરવામાં આવ્યું હતું તેમાં અંગોલા, મ્યાનમાર અને બર્મ્યુડાના નાગરિકો સવાર હતા. આ જ અઠવાડિયે સોમાલી સમુદ્રી ડાકુઓએ બાંગ્લાદેશનો ધ્વજ ધરાવતા એક જહાજનું અપહરણ કર્યું હતું અને તેના ઉપર કબજો જમાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭ બાદ સોમાલી ચાંચિયાઓ કોઇપણ વેપારી જહાજનું સફળતાપૂર્વક અપહરણ કરવામાં સફળ થયા નથી. ભારતીય નેવીની કામગિરી આ ઓપરેશનમાં અત્યંત પ્રશંસનીય રહી હતી. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ભારતીય નેવીને સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ■

# રાણીબાગમાં પૅંગ્વિન કક્ષના વિસ્તરણ સાથે જ આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્વેરિયમ ઊભું કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત દેશભરમાંથી આવતા પર્યટકોમાં ભાયખલામાં આવેલા રાણીબાગના પૅંગ્વિનનું ભારે આર્કષણ છે. રાણીબાગમાં પૅંગ્વિનના વધતા પરિવારને કારણે હવે જગ્યા ઓછી પડી રહી છે. તેથી પૅંગ્વિનના પરિવાર માટે વધુ મોટી જગ્યા ઉપલબ્ધ કરવામાં આવવાની છે. હાલ પૅંગ્વિન માટે જગ્યામાં છે, તેમાં વધુ ૬૦ ચોરસ મીટરનો વધારો કરવામાં આવવાનો છે. એ સાથે જ વિદેશની માફક અહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરનું મત્સ્યાલય બનાવવામાં આવવાનું છે. પર્યટકો રંગબેરંગી માછલીઓ જોઈ શકે તે માટે કાચની ટનલ બનાવામાં આવવાની છે.

ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલયમાં હાલ દેશ-વિદેશથી લાવવામાં આવેલા પશુ-પ્રાણીઓ પર્યટકોમાં આકર્ષણ જમાવી રહ્યા છે.

હાલ રાણીબાગમાં પૅંગ્વિનની સંખ્યા ૨૫ સુધી પહોંચી ગઈ છે. ૨૬ જુલાઈ, ૨૦૧૬માં કોરિયામાંથી આઠ હોમ્બોલ્ટ પૅંગ્વિન લાવવામાં આવ્યા હતા. છેલ્લા આઠ વર્ષમાં પૅંગ્વિનનો પરિવાર વધીને હવે તેની સંખ્યા ૨૫ સુધી પહોંચી ગઈ છે. તેથી હાલ તેમની માટે રહેલી જગ્યાઓ ઓછી પડી રહી છે.

હાલ પૅંગ્વિનનો પૂરો પરિવાર ૨૨૫ ચોરસ મીટરના વિસ્તારમાં બનાવવામાં આવેલા કક્ષમાં રહે છે. જોકે પૅંગ્વિનની વધતી સંખ્યાને કારણે જગ્યા નાની પડી રહી છે. તેથી હાલના પૅંગ્વિન કક્ષની બાજુમાં રહેલી ૬૦ ચોરસ મીટર જગ્યાનો ઉપયોગ કરવામાં આવવાનો છે.

ભાયખલા રાણીબાગ સાથે સંકળાયેલા અધિકારીના જણાવ્યા મુજબ પૅંગ્વિનની વધતી સંખ્યાને કારણે રાણીબાગ પ્રશાસને અન્ય રાજ્યના પ્રાણીસંગ્રહાલય સાથે એક્ચેન્જ પ્રોગામ હેઠળ પૅંગ્વિન આપીને અન્ય પ્રાણી લેવાના અનેક વખત પ્રયાસ કર્યા છે, જોકે હજી સુધી તેમને સફળતા મળી હતી. પૅંગ્વિન લેવા માટે કોઈ આગળ આવી રહ્યું નથી અને વધતી સંખ્યાન કારણે જગ્યા ઓછી પડી રહી છે. તેથી હવે પૅંગ્વિન કક્ષનું વિસ્તારવાના છે. એ સાથે જ અહીં સિંગાપૂર, દુબઈની માફક આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્વેરિયમ પણ બનાવવાની યોજના છે. તે માટેના ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે.

હાલ ભાયખલાના આ પ્રાણીસંગ્રહાલયમાં ૨૫ પૅંગ્વિન, બે વાઘ, જુદા જુદા પ્રકારના પક્ષીઓ, હાથી, હરણ, વાંદરા, જરખ, અજગર, મગર વગેરે ૧૩ જાતની સસ્તન પ્રાણી અને ૧૯ જાતિના ૧૫૭ પક્ષી છે. એ સિવાય ૨૫૬ પ્રજાતિના ૬,૬૧૧ વૃક્ષો અને વનસ્તપતિ છે. બગલા, સારસ, મગર જેવા પશુ-પ્રાણી પણ અહીં છે.

રાણીબાગમાં દરરોજ સાતથી આઠ હજાર પર્યટકો મુલાકાતે આવતા હોય છે. તહેવાર અને સાર્વજનિક રજાના દિવસે આ સંખ્યા ૩૫,૦૦૦થી ૪૦,૦૦૦ સુધી પહોંચી જતો હોય છે. તેમાં હવે આંતરરાષ્ટ્રીય સ્તરનું મત્સ્યાલય ઊભું કરવામાં આવવાનું છે, જેમાં કાચની બે વૉક થ્રૂ ટનલ રહેશએ. એક ટનલ ૧૪ મીટર તો બીજી ટનલ ૩૬ મીટર લંબાઈની હશે. તેની પાછળ લગભગ ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. ■

### બાવનકુળેનું ઉદ્ધવ ઠાકરે પર બાળાસાહેબાસ્ત્ર

# કૉંગ્રેસ સંબંધિત જૂનો વીડિયો શેર કરીને ઉદ્ધવને પૂછ્યા આકરા સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકૂળેએ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની મુશ્કેલી વધારવા માટે તેમના જ પિતા બાળ ઠાકરેના એક જૂના વીડિયોનો આધાર લીધો છે અને ઉદ્ધવને કેટલાક સવાલો કર્યા છે. શિવતીર્થ (શિવાજી પાર્ક) મહારાષ્ટ્રનું તીર્થસ્થળ છે. શિવતીર્થ અને આદરણીય બાળાસાહેબ ઠાકરે એવું સમીકરણ છે, અગાઉ આ જ શિવતીર્થમાંથી સ્વતંત્રતાના મહાનાયક સાવરકરના શક્તિશાળી અવાજે રાષ્ટ્રપ્રેમ, હિંદુત્વ અને દેશભક્તિનો પહેલો પોકાર ગુંજ્યો હતો.

આ શિવતીર્થ પરથી જ હિંદુ હૃદય સમ્રાટ વંદનીય બાળાસાહેબ ઠાકરેએ મરાઠી લોકોના સન્માન અને અધિકારો માટે શિવસેનાની સ્થાપના કરી હતી, એમ તેમણે કહ્યું હતું. હિંદુ હૃદયના સમ્રાટ બાળાસાહેબનું પણ એક સ્મારક અહીં બનાવવામાં આવ્યું છે, બાળ ઠાકરેએ કહ્યું હતું કે, ''હું શિવસેનાને કોંગ્રેસ નહીં થવા દઉં, બલ્કે એવું થશે ત્યારે હું મારી દુકાન બંધ કરીશ.'' રાહુલ ગાંધી અને તેમની પાર્ટી બાળાસાહેબને તેમની પુણ્યતિથિ કે જન્મજયંતી પર વંદન કરતા નથી. તમે કેમ વંદન કરતા નથી આવો સવાલ પુછવાની શું ઉદ્ધવ ઠાકરેમાં હિંમત હશે? શું રાહુલ ગાંધી આદરણીય બાળાસાહેબના સ્મારકને વંદન કરવા જશે? એવું બાવનકુળેએ કહ્યું હતું. ■

# ઉત્તન-વિરાર વચ્ચે ૫૫ કિમીનો હશે કોસ્ટલ રોડ

મુંબઈ: વર્સોવા-વિરાર સમુદ્રી પુલને રદ કર્યા પછી, માત્ર ઉત્તન (ભાયંદર-વિરાર) વચ્ચે કોસ્ટલ રોડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી આ ૫૫ કિમી (એક્સપ્રેસ વે સહિત) દરિયાઈ પુલ માટે નવેસરથી સંભવિતતાનો અભ્યાસ કરવા જઈ રહી છે. આ પ્રોજેક્ટનો પ્લાન પણ ફરીથી તૈયાર કરવામાં આવશે. આ અંગેનો સરકારી નિર્ણય શુક્રવારે જાહેર કરવામાં આવ્યો હતો.

મુંબઈમાં ટ્રાફિકની ભીડની સમસ્યાને ઉકેલવા માટે એમએમઆરડીએએ ૯૪ કિમીનો વર્સોવા-વિરાર સી બ્રિજ બાંધવાનો નિર્ણય લીધો હતો. આ પ્રોજેક્ટ પાછળ ૬૩ હજાર કરોડ રૂપિયા ખર્ચ થવાની ધારણા હતી, પરંતુ હવે આ પ્રોજેક્ટ ટૂંકાવીને ઉત્તન-વિરાર ૫૫ કિલોમીટરનો બની ગયો છે. મહાનગરપાલિકાના કોસ્ટલ રોડને જોડીને દરિયાઈ પુલ કેવી રીતે બનાવવો તેનો અભ્યાસ કરવામાં આવનાર છે. જેમ જેમ દરિયાઈ પુલની લંબાઇ ઘટી છે તેમ તેમ ખર્ચમાં દેખીતી રીતે ઘટાડો થયો છે. ખર્ચમાં ઓછામાં ઓછો ૨૫ હજાર કરોડ રૂપિયાનો ઘટાડો થવાનો અંદાજ છે અને આ ફંડનો ઉપયોગ હવે વિરાર-પાલઘર સી બ્રિજ માટે કરવામાં આવશે. ઉત્તન-વિરાર સી બ્રિજ મુંબઈ મહાનગરપાલિકાના કોસ્ટલ રોડના છેડાથી શરૂ થશે. રાજ્ય કેબિનેટ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે. ■

# ચોરીની શંકા પરથી ચાર કિશોરી સહિત પાંચ જણની મારપીટ કર્યાનો શિવાજી નગર પોલીસ પર આરોપ

મુંબઈ: ગોવંડીમાં શિવાજી નગર પોલીસે ચોરીની શંકા પરથી ચાર કિશોરી સહિત પાંચ જણને તાબામાં લીધા બાદ તેમની બેરહેમીથી મારપીટ કર્યાનો આરોપી બિનસરકારી સંસ્થા (એનજીઓ) દ્વારા કરવામાં આવ્યો છે. પાંચેય જણને હાથ, પીઠ અને પગના તળિયામાં પટ્ટા અને દંડાથી માર મારવામાં આવ્યો હતો.

એક કિશોરીને કાન નજીક ઇજાના નિશાન છે, જ્યારે અન્યને ખભામાં ઇજા થઇ છે. તો સગીરને પગના તળિયામાં માર મારવામાં આવ્યો છે. જોકે પોલીસે આ આરોપ નકારી કાઢ્યા છે અને તેના સમર્થનમાં સીસીટીવી કેમેરાના ફૂટેજ છે, એવો દાવો કર્યો છે.

એનજીઓના સભ્યોએ દાવો કર્યો છે કે પાંચેય જણની તબીબી તપાસ કરવામાં આવી છે અને આ મામલો ચાઇલ્ડ વેલફેર કમિટી દ્વારા હાથ ધરવામાં આવી રહ્યો છે. કમિટીએ પોલીસ પાસે ખુલાસો માગ્યો છે અને આખી ઘટનાનો અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

શિવાજી નગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર બાબુરાવ દેશમુખે કહ્યું હતું કે અમે કમિટીને સીસીટીવી કેમેરાના ફૂટેજ સુપરત કરીશું. પાંચેય જણને તેમના વાલીઓ સાથે પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા અને તેમની હાજરીમાં પૂછપરછ કરાઇ હતી. પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેથી અમારી પાસે પુરાવા છે.

પોલીસે જણાવ્યું હતું કે ૮ માર્ચે એક મહિલાએ આવીને ફરિયાદ કરી હતી કે તે એ વિસ્તારમાંથી પસાર થઇ રહી હતી ત્યારે તેનું પર્સ ગુમ થયું હતું, જેમાં રૂ. ૭૦ હજાર હતા.

પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ તપાસતાં તેમાં ઘટના સમયે કેટલાક યુવાનો ત્યાં હાજર હોવાનું જણાયું હતું. પોલીસે બાદમાં ૧૧થી ૧૫ વર્ષની વયના પાંચ જણને તથા એ વિસ્તારની ૨૦ વર્ષની મહિલાને તાબામાં લઇને તેમની પૂછપરછ કરી હતી. જોકે એનજીઓના સભ્યોએ પૂછપરછ સમયે વાલીઓ હાજર નહોતા, એવો આરોપ કર્યો હતો, જેનો પોલીસે ઇનકાર કર્યો છે.

### આઈફોનનો ઓર્ડર કેન્સલ કરતા ફ્લિપકાર્ટ ભેરવાયું

# ગ્રાહકને માનસિક ત્રાસ બદલ ચૂકવવા પડશે ₹૧૦,૦૦૦ રૂપિયા

મુંબઈ: આધુનિક જમાનામાં લોકો મોબાઈલ પણ ઓનલાઈન ખરીદવાનું પસંદ કરે છે. જો કે ઘણી વખત તેમને નીરાશ થવાનો વારો પણ આવે છે. મુંબઈના એક ગ્રાહકને પણ આઈફોનનો આર્ડર કેન્સલ થઈ જતા હેરાનગતીનો સામનો કરવો પડ્યો હતો. જેથી કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસ્સલ કમિશન (સીડીઆરસી) દ્વારા ફ્લિપકાર્ટને દોષી જાહેર કરી માનસિક ત્રાસ બદલ ગ્રાહકને રૂપિયા ૧૦,૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો હતો. સેન્ટ્રલ મુંબઈ સીડીઆરસીએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, કેન્સલેશન એ ઓનલાઈન પ્લેટફોર્મનો દુરુપયોગ કરીને સર્વીસના નામે વધારાનો નફો ઉભો કરવાની ખોટી રીત છે.

કમિશને નોંધ્યું હતું કે, ભલે ગ્રાહકને રિફંડ મળી ગયું હોય પણ છતાં તેને માનસિક હેરાનગતી થવાના બદલામાં વળતર મળવું જોઈએ. દાદરના ફરિયાદી મુજબ તેણે દસ જુલાઈ ૨૦૨૨ના રોજ ફ્લિપકાર્ટ પરથી આઈફોન ઓર્ડર કરી પોતાના ક્રેડિટ કાર્ડથી રૂપિયા ૩૯,૬૩૮ની ચુકવણી કરી હતી. આઈફોનની ડિલિવરી ૧૨ જુલાઈના રોજ થવાની હતી પણ ઈ-કોમર્સ કંપનીનો મેસેજ મળ્યો કે, ઓર્ડર કેન્સલ થયો છે.

કંપનીનો સંપર્ક કર્યો તો કહ્યું કે, ડિલિવરી બોય ઘણી વખત આવ્યો પણ ફરિયાદી હાજર ન હતાં. ફરિયાદમાં ઉલ્લેખ છે કે, આ માત્ર માનસિક હેરાનગતિ નહીં પણ ઓનલાઈન ફ્રોડનો વિષય પણ છે. (પીટીઆઈ) ■

# કેમિકલ ફેક્ટરીમાં પાણીની ટાંકીમાં ડૂબવાથી કામગારનું મૃત્યુ

પાલઘર: પાલઘર જિલ્લામાં કેમિકલ ફેક્ટરીમાં સેવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ની પાણીની ટાંકીમાં પડીને ડૂબવાથી ૨૨ વર્ષના કામગારનું મૃત્યુ થયું હતું.

બોઇસર ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી કેમિકલ ફેક્ટરીમાં શનિવારે બપોરે આ ઘટના બની હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકની ઓળખ અંકિત યાદવ તરીકે થઇ હતી, જે કેમિકલ ફેક્ટરીમાં સેવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કામ કરી રહ્યો હતો. એ સમયે અચાનક તે પાણીની ટાંકીમાં પડ્યો હતો અને ડૂબી ગયો હતો, એમ પાલઘર પોલીસ કન્ટ્રોલ રૂમના અધિકારીએ જણાવ્યું હતું.

એ સમયે ત્યાં હાજર અન્ય કામગારોએ બનાવની જાણ અગ્નિશમન દળને કરી હતી, જેને પગલે જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને યાદવના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# નવી મુંબઈના રહેવાસીએ શૅર ટ્રેડિંગ ફ્રોડમાં ₹ ૧.૩૬ કરોડ ગુમાવ્યા

થાણે: શેર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપીને સાયબર ઠગોએ નવી મુંબઈના ૪૮ વર્ષના રહેવાસી સાથે રૂ. ૧.૩૬ કરોડની છેતરપિંડી આચરી હતી.

સાયબર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે બે શખસ અને એન્જલ વન નામની સંસ્થા વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને આઇટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

આ કેસની તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર ગજાનન કદમે જણાવ્યું હતું.

પોલીસના કહેવા મુજબ ૨૦ જાન્યુઆરીથી ૧૩ માર્ચ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીઓએ જુઇ નગરમાં રહેતા ફરિયાદીનો વ્હૉટ્સઍપ પર સંપર્ક સાધ્યો હતો અને શેર ટ્રેડિંગ વિશે માહિતી આપીને તેમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપી હતી.

આરોપીઓએ ફરિયાદીને શેરબજારમાં રોકાણ કરવા માટે વિવિધ બેન્ક એકાઉન્ટમાં રૂ. ૧.૩૬ કરોડ ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું. જોકે ફરિયાદીને આરોપીઓ તરફથી કોઇ વળતર મળ્યું નહોતું. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ) ■

# ચૂંટણી બોન્ડનો ફાયદો સમય જ બતાવશે: સંઘ

નાગપુર: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ રવિવારે જણાવ્યું હતું કે ચૂંટણી બોન્ડ એક 'પ્રયોગ' છે અને તે કેટલો ફાયદાકારક અને અસરકારક રહ્યો છે તે સમય જ કહેશે. રવિવારે દત્તાત્રેય હોસબોલે આરએસએસની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં ત્રણ વર્ષ માટે ફરીથી'સહકાર્યવાહ' (જનરલ સેક્રેટરી)ના પદ માટે ચૂંટાયા હતા.

ચૂંટણી પંચે ગુરુવારે ઇલેક્ટોરલ બોન્ડ્સનો ડેટા જાહેર કર્યો હતો. સ્ટીલ ટાયકૂન લક્ષ્મી મિત્તલથી લઈને અબજોપતિ સુનીલ ભારતી મિત્તલની એરટેલ, અનિલ અગ્રવાલની વેદાંત, આઇટીસી, મહિન્દ્રા અને મહિન્દ્રા અને ઓછી જાણીતી ફ્યુચર ગેમિંગ અને હોટેલ સર્વિસિસ રાજકીય દાન આપવા માટે હવે રદ કરાયેલા ચૂંટણી બોન્ડના અગ્રણી ખરીદદારોમાં હતા.

ઈલેક્ટોરલ બોન્ડ વેપારીઓ દ્વારા સરકારી તરફેણ મેળવવા માટે ખરીદવામાં આવ્યા હતા તે અંગેના આક્ષેપો વિશે પૂછવામાં આવતા હોસબોલેએ કહ્યું કે સંઘે હજુ સુધી તેના વિશે ચર્ચા કરી નથી કારણ કે ચૂંટણી બોન્ડ એક ''પ્રયોગ'' છે. ''તે ચેક અને બેલેન્સ સાથે કરવામાં આવ્યું છે અને એવું નથી કે ચૂંટણી બોન્ડ્સ આજે અચાનક રજૂ કરવામાં આવ્યા છે, આવી યોજના અગાઉ પણ લાવવામાં આવી હતી. જ્યારે પણ ફેરફાર રજૂ કરવામાં આવે છે, ત્યારે પ્રશ્નો ઊભા થાય છે. ઇવીએમ રજૂ કરવામાં આવ્યું ત્યારે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા,'' તેમણે કહ્યું. ■

# નવી મુંબઈમાં ₹ ૫૫ લાખના ડ્રગ્સ સાથે બે જણ પકડાયા

થાણે: નવી મુંબઈ પોલીસના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) રૂ. ૫૫ લાખની કિંમતનું ડ્રગ્સ પકડી પાડીને રોટો આર્ટિસ્ટ સહિત બે જણની ધરપકડ કરી હતી.

એએનસીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે શનિવારે રાતના પનવેલમાં પાપડીચાપાડા ગામ નજીક છટકું ગોઠવીને બંને આરોપીને પકડી પાડ્યા હતા.

બંને જણની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૧.૮૫ કિલોગ્રામ ચરસ મળી આવ્યું હતું. એમ એએનસીના સિનિયર ઇન્સ્પેક્ટર નીરજ ચૌધરીએ જણાવ્યું હતું.

બંને આરોપી મુંબઈના રહેવાસી હોઇ એક રોટો આર્ટિસ્ટ છે, જ્યારે બીજો મહાનગર ગેસ લિમિટેડ (એમજીએલ)માં મીટર રીડર તરીકે કામ કરે છે. બંને જણ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે પનવેલમાં આવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ) ■

# યુવતી પર ગુજાર્યો બળાત્કાર, ગર્ભપાત માટે કર્યું દબાણ: ગુનો દાખલ

થાણે: ૨૪ વર્ષની યુવતી પર લગ્નની લાલચે બળાત્કાર ગુજારવા અને તે ગર્ભવતી બન્યા બાદ તેને ગર્ભપાત માટે દબાણ કરવા બદલ નવી મુંબઈના યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઇના કોપરખૈરાણે વિસ્તારમાં રહેનારા આરોપીએ ભાયંદરમાં રહેતી યુવતી સાથે મિત્રતા કરી હતી અને બાદમાં લગ્નની લાલચ આપીને તેણે છેલ્લાં બે વર્ષથી યુવતી પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો.

દરમિયાન આરોપીના અન્ય યુવતી સાથે પણ સંબંધ હોવાની જાણ પીડિતાને થતાં તેણે આ અંગે પૂછપરછ કરી હતી.

પીડિતા બાદમાં ગર્ભવતી બનતાં આરોપીએ તેને ગર્ભપાત માટે દબાણ કર્યું હતું, એમ કોપરખૈરાણે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

યુવતીએ આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે શનિવારે આરોપી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# ગોવંડીમાં હોસ્પિટલ પાછળ શખસનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

મુંબઈ: ગોવંડી વિસ્તારમાં હોસ્પિટલની પાછળથી અજાણ્યા શખસનો કોહવાયેલો મૃતદેહ મળ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. શતાબ્દી હોસ્પિટલની પાછળના ભાગમાં શનિવારે રાતે શખસનો મૃતદેહ મળી આવતાં નાગરિકોએ પોલીસને જાણ કરી હતી.મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે મૃતકની ઓળખ મેળવવા આજુબાજુના વિસ્તારમાં તપાસ કરી હતી. મૃતક ૩૫થી ૪૫ વર્ષની વયનો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ગેરકાયદે વસવાટ કરનાર બંગલાદેશી દંપતીની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં ગેરકાયદે વસવાટ કરનાર બંગલાદેશી દંપતીની નવી મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી. તુર્ભે પોલીસ સ્ટેશનના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે શનિવારે રાતના રાઠી-બંગાલીપાડા વિસ્તારમાંની રૂમમાં રેઇડ પાડીને દંપતીને તાબામાં લીધું હતું.દંપતીની ઓળખ અનારુલ અશરફ સરદાર (૩૪) અને તેની પત્ની મિથુ અનારુલ (૨૭) તરીકે થઇ હતી, જેમની વિરુદ્ધ પાસપોર્ટ એક્ટ અને ફોરેનર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

દંપતી ઘણા સમયથી નવી મુંબઈમાં ગેરકાયદે વસવાટ કરી રહ્યું હતું અને તેમની પાસે કોઇ યોગ્ય દસ્તાવેજો મળી આવ્યા નહોતા. (પીટીઆઇ) ■

# પુણેમાં અનેક ગુનામાં સંડોવાયેલા આરોપીની ટોળાએ કરી હત્યા

પુણે: અનેક ગુનામાં સંડોવાયેલા ૩૧ વર્ષના આરોપીને ટોળાએ મોતને ઘાટ ઉતાર્યો હોવાની ઘટના પુણેમાં બની હતી. હરીફ જૂથ સાથે જૂની દુશ્મનાવટને લઇ આરોપીની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ઇન્દાપુર વિસ્તારમાં શનિવારે રાતે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ અવિનાશ ધનવે તરીકે થઇ હોઇ આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પોલીસને મળ્યા છે.પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે આઠ આરોપીને ઓળખી કાઢ્યા છે અને તેમને પકડવા વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી છે, એમ પુણે ગ્રામીણ પોલીસે જણાવ્યું હતું.અવિનાશ ધનવે વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા હતા અને ગોળી મારીને તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# ઉદ્ધવ ઠાકરેથી છેડો ફાડ્યો તો માતાએ સંબંધ તોડવાની આપી ચેતવણી: અંબાદાસ દાનવે

મુંબઈ: વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ તેમની માતાએ તેમને આપેલી ચેતવણી વિશે લોકોને જણાવ્યું હતું.

દાનવએ આ પ્રસંગ વિશે જણાવતા કહ્યું હતું કે મારી માતા એ મારા કુટુંબની પ્રમુખ છે અને તેમણે મને સખત ચેતવણી આપી છે કે જો મેં ઉદ્ધવ ઠાકરેનો સાથે છોડ્યો તો પોતાના મારી સાથે સંબંધ પૂરા કરી નાંખશે.

મારી માતા એ ઉદ્ધવ ઠાકરેની ખૂબ મોટી સમર્થક છે અને હું શિંદે જૂથમાં જોડાઇ જવાનો હોવાની પણ વાતો વહેતી થઇ હતી. આ વાતો મારી માતાના કાને પડી તો તેમણે મને બોલાવીને મને ચેતવણી આપી કે જો હું ઉદ્ધવ ઠાકરેનો સાથે છોડીને શિંદે જૂથમાં જોડાઇશ તો તે મારી સાથેના સંબંધ તોડી નાંખશે. ■

# બે દિવસમાં માફી ન માગી તો શિંદે જૂથ એડ્વોકેટ ઉપર કરશે દાવો

### શિંદે જૂથના બાર વિધાનસભ્ય ઉદ્ધવ જૂથમાં પરત ફરશે?

મુંબઇ: લોકસભાની ચૂંટણી પૂર્વે પક્ષ પલટાની મોસમ ચાલી રહી છે ત્યારે શિવસેના જૂથના બાર વિધાનસભ્ય ફરીથી ઉદ્ધવ ઠાકરેના જૂથમાં સામેલ થવાના હોવાનો દાવો એક એડ્વોકેટ દ્વારા કરવામાં આવ્યો હતો. તેના વિરુદ્ધ માનહાનિનો દાવો કરવાનો નિર્ણય શિંદે જૂથ દ્વારા કરવામાં આવ્યો છે. જો બે દિવસમાં પોતે આપેલા નિવેદન બદલ માફી માગવામાં ન આવે તો પછી માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે, તેવી નોટિસ શિંદે જૂથે તે એડ્વોકેટને મોકલાવી છે. એડ્વોકેટે ચંદ્રપુર ખાતે એક સભાને સંબોધતા વખતે આ નિવેદન આપ્યું હતું અને તેમાં જે વિધાનસભ્યો એકનાથ શિંદે જૂથમાંથી ફરી પાછા ઉદ્ધવ ઠાકરે જૂથમાં સામેલ થવાના હતા, તેની યાદી પણ જાહેર કરી હતી. ■

# પાલઘરમાં ૧૫૦૦ કેદીની ક્ષમતા ધરાવતી નવી જેલ

પાલઘર: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પાલઘર જિલ્લામાં જેલ સંકુલનો શિલાન્યાસ વર્ચ્યુઅલ રીતે કર્યો હતો, એવું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

આ જેલ બનવાને કારણે થાણે અને કલ્યાણની જેલોમાં ભીડ ઓછી થશે, એવું અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું. નવી જેલની ક્ષમતા ૧૫૦૦ કેદીઓની હશે અને તેના બાંધકામ માટે રૂ. ૪૧૮ કરોડની મંજૂરી મળી છે.

મહારાષ્ટ્ર રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશન દ્વારા પચીસ એકર જમીન પર આ જેલનું બાંધકામ કરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## ફન વર્લ્ડ


‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| નૈવેદ્ય | મૂર્તિ પૂજનની ૧૬ રીત |
| ષોડશોપચાર | તહેવાર |
| યજ્ઞોપવિત | માનતા |
| પર્વ | પ્રસાદ |
| આખડી | જનોઈ |

### ઓળખાણ પડી?



ઈશાન ભારતનાં ધાર્મિક સ્થળોમાં મોનેસ્ટ્રી - મઠ ઘણા છે. રુમટેક મોનેસ્ટ્રી તરીકે ઓળખાતો આ પ્રાચીન અને જાણીતો મઠની કયા રાજ્યમાં છે એ જણાવો.

અ) મણિપુર   બ) સિક્કિમ   ક) નાગાલેન્ડ   ડ) મિઝોરમ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ૨ રૂ | રિ | ૩ યા | ૪ ત | મં | ૫ દ | | ૬ જો | ૭ ડી |
| ૮ ગ | પ | | ૯ તા | પ | | ૧૦ ર | ૧૦-અ જા | | મ |
| વિ | | ૧૧ હે | યા | | ૧૨ ભૂ | મિ | તિ | | લા |
| ૧૩ ખ્યા | ૧૩-અ તિ | | ત | | | યા | | ૧૪ વા | ઇ |
| ૧૫ ત | ર | ત | | ૧૬ અ | | ૧૭ ન | ૧૮ પા | વ | ટ |
| | છી | | ૧૯ સ | લી | ૧૯-અ લ | | ૨૦ વા | ણી | |
| ૨૧ કા | | ૨૨ ઘા | મ | | ૨૩ ખ | ૨૪ ડ | ગ | | ૨૪-અ ઝ |
| ર્ય | | ૨૫ સ | કા | મ | | ૨૬ ગ | ઢ | | ગ |
| ૨૭ ર | ૨૮ ગ | | લી | | | મ | | ૨૯ સ | મ |
| ૩૦ ત | ડ | પ | ન | | ૩૧ ભા | ગ | મ | ભા | ગ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | ૮ | |
| ૯ | ૧૦ | | | | | ૧૧ | | | |
| ૧૨ | | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | ૧૮ | | | ૧૯ | | |
| | ૨૦ | | | | | ૨૦અ | | ૨૧ | ૨૨ |
| ૨૩ | | | ૨૪ | | | | ૨૫ | | |
| | | ૨૬ | | | | ૨૭ | | | |
| | | | ૨૮ | ૨૯ | | | | | |
| ૩૦ | | | | | | | ૩૧ | | |

**આડી ચાવી**

૧. પડળ, પરદો, અજ્ઞાન (૪)
૩. જિમ્મેદારી (૫)
૭. ઉનાળામાં ---નાં કપડાં સારાં (૩)
૮. વીતેલું, ગયેલું (૨)
૯. સોગંદ, શપથ (૩)
૧૧. ચંદ્રનો ૧૬મો ભાગ (૨)
૧૨. મૂળ અને ડાળીઓને જોડતો ભાગ (૨)
૧૩. સાબિતી, ખરાપણું, સચ્ચાઈ (૪)
૧૫. સાચું, સારું, યથાર્થ (૨)
૧૬. અનુકરણ, કોપી (૩)
૧૮. ઓળખાણ (૨)
૧૯. મીઠાનો સ્વાદ (૨)
૨૦. અભિપ્રાય, પ્રભાવ, દાબ (૨)
૨૧. કાપીને મારી નાખવું તે (૨)
૨૩. મજબૂત મોટરગાડી (૨)
૨૪. ગોરની પત્ની (૩)
૨૫. દુઃખનો ઉદ્ગાર (૩)
૨૬. પટ્ટી (૨)
૨૭. ભેગું કરેલું, આવક સરવાળો (૨)
૨૮. યશ ગાવો તે (૪)
૩૦. બોલાબોલી, લડાલડી (૪)
૩૧. પ્યાસ, તડપ, ઉત્કટ ઈચ્છા (૩)

**ઊભી ચાવી**

૧. પોતાના વિશેનું કથન (૫)
૨. રીત, રિવાજ (૩)
૩. --- જણાવાનું કે (૨)
૪. મહારાષ્ટ્રનો ભક્તિ સંપ્રદાય (૪)
૫. “દાગવું”નું આજ્ઞાર્થ (૨)
૬. વર્તન, ચાલચલણ, વર્તણૂક (૪)
૭. લખાણમાં કાપકૂપ કરી ઉમેરવું (૬)
૧૦. હલકું, રસ્તા પર વેચાતું (૫)
૧૪. પક્ષી (૨)
૧૫. જલાશય (૪)
૧૭. કંટાળાજનક (૨)
૨૦.અ પોતે, જાતે, સ્વયં (૧)
૨૨. ભૂકંપ (૫)
૨૩. હઠાગ્રહ (૨)
૨૪. ગાયો ચરાવનાર (૨)
૨૫. થાપણ (૪)
૨૬. કાર્ડ જોઈ ભવિષ્ય ભાખવાની વિદ્યા (૩)
૨૭. સ્થળ (૨)
૨૯. ઘોંઘાટ (૨)

### ગુજરાત મોરી મોરી રે

નરસિંહ મહેતાની રચનામાં ખૂટતો શબ્દ ઉમેરી પંક્તિ પૂર્ણ કરો.

‘ઘાટ ઘડિયા પછી નામરૂપ ----------- અંતે તો હેમનું હેમ હોયે.’

અ) અનેક   બ) શોભતા   ક) સર્જતા   ડ) જૂજવાં

### માતૃભાષાની મહેક

સ્યાદવાદનો અર્થ સાપેક્ષવાદ થાય છે. સાપેક્ષ સત્ય. બુદ્ધિથી કોઈ પણ પદાર્થ કે બ્રહ્માંડનું આંશિક સત્ય જ હાથ લાગે છે. એક આંધળાએ હાથીના પગ પકડીને તેને થાંભલા સમાન કહ્યો. બીજાએ કાન પકડી કહ્યું કે સુપડા સમાન, ત્રીજાએ સૂંઢ પકડીને કહ્યું વિશાળ અજગર છે અને ચોથાએ પૂંછડી પકડીને કહ્યું રસ્સી સમાન છે. દાર્શનિક અને તાર્કિક વિવાદ પણ આવી જ રીતે ચાલે છે.

### સુડોકુ-૫૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | | | ૧ | | ૩ | | ૯ |
| ૪ | | ૭ | | ૮ | ૫ | | | |
| ૧ | | | ૬ | | | ૫ | ૭ | |
| | ૧ | ૨ | | | | ૪ | | |
| | | | ૫ | | ૧ | | | |
| | | ૪ | | | | ૮ | ૬ | |
| | ૭ | ૯ | | | ૮ | | | ૩ |
| | | | ૨ | ૭ | | ૯ | | ૪ |
| ૩ | | ૫ | | ૬ | | | ૮ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૭ | ૨ |
| ૯ | ૫ | ૬ | ૭ | ૧ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૪ | ૭ | ૧ | ૬ | ૯ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૨ | ૩ | ૪ | ૫ | ૭ | ૬ | ૯ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૯ | ૬ |
| ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૭ |
| ૮ | ૯ | ૧ | ૬ | ૫ | ૭ | ૨ | ૪ | ૩ |

### ઈર્શાદ

ગુસ્સે થયા લોક તો પથ્થર સુધી ગયા,
પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા.
-- અમૃત ઘાયલ

### ચતુર આપો જવાબ

**અર્થ જણાવો**

કેટલાક લોકો મિતભાષી હોવાની સાથે સાથે મિત આહારી પણ હોય છે. આ વાક્યમાં મિતનો અર્થ શું થાય એ જણાવો.

અ) મીઠું   બ) મનગમતું   ક) માપસર   ડ) મોળું

### માઈન્ડ ગેમ

ભગવાન શંકરના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી ભીમાશંકર મંદિર મહારાષ્ટ્રના કયા શહેરની નજીક આવેલું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) પુણે   બ) ઔરંગાબાદ   ક) નાશિક   ડ) સોલાપુર

### ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| અશ્વકલંતા મંદિર | આસામ |
| ગુરુવાયુર મંદિર | કેરળ |
| વિઠ્ઠલ મંદિર | મહારાષ્ટ્ર |
| બદરીનાથ મંદિર | ઉત્તરાખંડ |
| વિષ્ણુપદ મંદિર | બિહાર |

**ઓળખાણ પડી?** હેમકુંડ સાહિબ

**માઈન્ડ ગેમ** યશોધરા

**ગુજરાત મોરી મોરી રે** સરજનહારા

**ચતુર આપો જવાબ** અર્થ જણાવો રૂપાળી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ, (૨) મૂળરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૫) નીતા દેસાઈ (૬) શ્રદ્ધા આશર (૭) સુભાષ મોમાયા (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) મહેન્દ્ર લોઢાવિયા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) નંદકિશોર સંજાણવાળા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) ભાવના કર્વે (૨૫) હર્ષા મહેતા (૨૬) અંજના પરીખ (૨૭) રજનીકાંત પટવા (૨૮) સુનીતા પટવા (૨૯) જગદીશ ઠક્કર (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) મહેશ દોશી (૩૩) મહેશ સંઘવી (૩૪) તાહેર ઔરંગાબાદવાલા (૩૫) શીરીન ઔરંગાબાદવાલા (૩૬) અબ્દુલ્લા એફ મુનીમ (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) દિલીપ પરીખ (૩૯) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) હિના દલાલ (૪૪) રમેશ દલાલ (૪૫) અંજુ ટોલિયા (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) નિતીન બજરિયા (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) અરવિંદ કામદાર (૫૧) અલકા વાણી

# દાના ભગત

**અમરેલી** જિલ્લાના ચલાલા ગામે બસો વર્ષ પહેલાં દાના ભગત નામના એક સંત પુરુષે દયા, દાન અને બોધની સરવાણી વહાવીને અગણિત માનવીઓના દિલ અને દેહના જખમ પર પ્રેમ અને કરુણાના શીળા લેપ લગાવ્યા. અહીં કોઈપણ જાતના, પ્રદેશના, જ્ઞાતિના કે ધર્મના ભેદભાવથી પર અને પંથ, પોથી, કંઠીથી મુક્ત હજારો યાત્રાળુઓની વણઝાર સંતના જીવનકાળ દરમિયાન ચલાલા ગામે ચાલી આવતી. દાના ભગતની આ કર્મભૂમિ હજારો યાત્રાળુઓનો વિસામો બની ગઈ છે.

આણંદપર ભાડલા નામે ગામમાં કાળા ખાચર નામના કાઠીના ઘેર દાના ભગતનો જન્મ. પિતા તો દાના નાની ઉંમરના હતા ત્યારે જ મૃત્યુ પામેલા. ને પુત્ર દાનો બેય આંખે અંધ.કાઠિયાણી માતા યુવાન પુત્રનો હાથ પકડીને દોરતી, ઉછેરતી. એક વખત આ ગામમાં જાદરા ભગત આવ્યા. જાદરા ભગત પંચાળને ગામે ગામે ફરીને દયા અને દાનનો બોધ આપતા. ભગત તો પીર ગણાતા. દુખિયા, અપંગ, આંધળા, વાંઝિયા સૌ એમના આશિષ લેવા આવતા. દાનાને લઈને તેમનાં મા પણ જાદરા ભગત પાસે આવ્યાં. એ વખતે દાનાની ઉંમર બાવીસ વર્ષ. જાદરા ભગતે દાનાની આંખો તપાસી. અને પછી ખડખડાટ હસીને બોલ્યા, “બાપ દાના, આટલાં વર્ષોથી ઢોંગ કરીને બિચારી રંડવાળ માને શીદ સંતાપી? તારી આંખ્યુંના રતન તો આબાદ છે ભાઈ. તું આંધળો શેનો? દલ્લીમાં ઘોડા દોડતા હોય ઈ યે તું ભાળછ.તારી નજરું તો નવ ખંડમાં રમે છે. ઠાકરનું નામ લઈને આંખ્યું ઉઘાડ,બાપ તારે તો હજી કંઈક ને દુનિયામાં દેખતા કરવાના છે, ઈ કાં ભૂલી જા?” દાનાએ આંખો ઉઘાડી. પોપચાંના પડદા ઊંચા થયા.જગતનું અજવાળું આ જ અવતાર ધરીને પહેલી વાર દીઠું.આંખમાં જ્યોત રમવા લાગી. મા સામે,સગાંવહાલા સામે નજર ફેરવી.ભગતે પૂછ્યું, “બાપ, ઊંચે ઈશ્વર સામે જોયું?” દાનાએ આભમાં નજર માંડી. ઈશ્વર સામે હાથ જોડ્યા. ભરયુવાનીમાં સંસારના સુખ માણવાની લાલસા, માની પ્રીતિ, બાપનો મુકેલો વૈભવ બધું સર્પની કાંચળીની માફક પળ વારમાં અદ્રશ્ય થઈ ગયું. દાનાના મુખ પર ભગવા રંગની ભભક ઊતરી આવી. એણે જાદરા ભગત સાથે જવાનો નિર્ણય લીધો.. મા હૈયાફાટ રુદન કરે છે. ત્યારે જાદરા ભગતે કહ્યું,“આઈ, આંસુ પાડછ, કાઠિયાણી થઈને? એકાદ સાંતી જમીનના ટુકડા સારું તારો દીકરો ધીંગાણે કામ આવત,તે વખતે તું આંસુ ન પાડત.અને આજ સંસાર આખાને જીતવા નીકળનારા દીકરાને અપશુકન શીદ દઈ રહી છો મા? છાની રે.”

યુવાન દાનાએ ભગવા પહેર્યા.ગુરુએ આજ્ઞા કરી, “બાપ, કામધેનુની ચાકરી કરવા મંડી જા.” ગુરુ આજ્ઞા મુજબ દાનો ગાયોની સેવા કરવા લાગ્યો. મધરાતે પહર છોડીને માંડવના વંકા ડુંગરાઓમાં એકલો જુવાન ધેનુઓને ચારે છે. ફરી ફરીને કૂણાં ઘાટા ખડવાળી ખીણો શોધ્યા કરે છે. ગાયોને ધરવીધરવીને ભળકડે પાછી જગ્યામાં લાવે છે .પોતે જ તમામ ધેનુઓને દોવે છે.ગમાણમાંથી વાસીદાં વાળી છાણના સૂંડલા માથે ઉપાડી, રેગાડે નીતરતો જુવાન જોગી છાણાં થાપે છે.વળી પાછો ગાયોને ચરાવવા લઈ જાય છે.પાણીના મોટા મોટા ધરાઓમાં ગાયોને નવડાવીને વડલાની ઘટા નીચે બેસાડી કોઈના ગળા ખંજવાળે છે,કોઈની રુંવાડીઓમાંથી ઝીણી ઈતરડીઓ કાઢે છે, કોઈની બગાંઓ પકડે છે, કોઈના કંઠે બાંધવા ફૂમતાં ગુંથે છે., તો કોઈની ખરીઓને શીંગડીએ એરંડી વાટીને તેલ ચોપડે છે. ગાયોને મસ્ત બનીને વાગોળતી જોતો ત્યારે દાનાને સ્વર્ગીય આનંદ મળતો.

ગુરુ જાદરાએ સમાધિ લીધી પછી પાંચાળમાં દુકાળ પડ્યો. તેથી ગાયોને લઈને દાનો પીરકાંઠાના કાઠીયાઈ ગામ ગરમલીની સીમમાં ઊતર્યો. ત્યાંથી તુલસીશ્યામ ગયા. ત્યાંયે તેમનું મન ન ઠર્યું. ત્યાંથી જેનગર ગામમાં ગયા. ત્યાંના ગોવાળોને પૂછ્યું, “ભાઈ આહીં રહું?”

“રો’ ને ભા,અમારે ક્યાં ખડ વાઢીને ખવડાવવું પડે છે?” ભગત અહીં થોડો વખત રહ્યા. પાછા ગરમલી આવ્યા. બપોર વખતે સૂરજનો ધોમધખતો તાપ છે. ગોંદરે ઝાડને છાંયે પોતે ગાયના ડિલનો તકિયો કરીને બેઠા છે. ત્યાં સામે એક કણબીની છોકરીને જોઈ. છોકરીએ માથે કપડું બાંધેલું છે. દાંત ભીંસીને બે હાથે માથું ખંજવાળે છે. માથામાં કાળી લાય લાગી હોય તેમ ચીસો પાડે છે. છોકરીથી ક્યાંય રહેવાતું નથી. જુવાન દાનો ઊઠીને એની પાસે ગયો અને પૂછ્યું, “ભણેં બાપ, કેવા સારું રાડ્યું પાડતી સો?” પણ જવાબ આપવાનો સમય છોકરીને ન હતો. એ તો માથું ઢસડતી જ રહી.

“માથામાં કાણું થયો છે,બાપ?મુંહે જોવા તો દે”એટલું બોલીને એણે છોકરીના માથા પરનું કપડું ઊંચું કર્યું ત્યાં તો માથામાંથી દુર્ગંધ નીકળી. આખું માથું ઉંદરીથી ખદખદી ગયું છે. અંદર જીવાત ખદબદે છે.પસપરુના રગેડા ચાલ્યા જાય છે.વાળનું નામ નિશાન પણ રહ્યું નથી. દાનાનું અંતર આ નાની છોકરીનું દુઃખ જોઈને રડી ઉઠ્યું. એને કોઈ દવાની ખબર ન હતી. “ઠાકર, ઠાકર, દીકરીની જાત્યને આવડું દુઃખ” બોલીને એણે છોકરીનું માથું પકડી લીધું અને પોતાની જીભથી આખા માથાને ત્રણ વાર ચાટ્યું. છોડીને માથામાં ટાઢક થઈ ગઈ. માથે હાથ ફેરવતા જ ગુમડાના ભીંગડા ટપો ટપ નીચે ખરી પડ્યા. અને થોડા દિવસમાં તો એના માથા પર કાળા ભમ્મર કેશ ઊગી ગયા. છોકરી બાપુનાં ચરણોમાં ઢળી પડી. લાંબી સુંવાળી લટો વડે શોભતી કણબીની બાળકી ભગતના ખોળામાં પડીને પૂછે છે, “હેં બાપુ, ઓલી મારા માથાની ઉંદરી ક્યાં ગઈ?” “બેટા, એ તો ખાઈ ગો”.

ગાયોની સેવા કરતાં કરતાં દાના ભગત ને થયું ગરીબ ગુરબા અને સાધુસંત મારે આંગણેથી અન્નજળ વિના જાય છે.ઠાકર ઈ કેમ ખમશે?ભગતે સદાવ્રત કર્યું. દાણાની ટહેલ નાખીને અનાજ ભેગું કરવા માંડ્યું. ગામ લોકોએ દળીભરડી દેવાનું માથે લીધું. ગરીબ ગુરબા, લૂલાં,પાંગળા, ઘરડા તેમજ મુસાફર, સાધુ બાવાઓને દાળ રોટલા આપવા લાગ્યા. કોઈ ભૂખ્યું જતું નથી. એવામાં દુકાળ પડ્યો. દાના ભગતને આંગણે રાંધણાનો પાર ન રહ્યો. રોટલાની વીસ વીસ તાવડી ચાલવા લાગી. અનાજના ગાડાંઓ આવીને આપા દાનાની કોઠીઓમાં ઠલવાય છે. પણ કોઈને ખબર નથી ક્યાંથી આવે છે ને કોણ મોકલે છે. દેનાર તો ન થાક્યા પણ દળનાર,ભરડનાર ગામ લોકો થાકી ગયા. તેમના પર કામનો બોજો ખૂબ વધી જવાને કારણે તેઓએ દાના બાપુને કહ્યું, “ફક્ત સાધુ બ્રાહ્મણને રોટલા આપો બીજાને નહીં નીકર અમે પોગી નહીં શકીએ” દળવા ,ભરડવાની માથાકૂટ ન થાય તેથી બાપુએ દાળરોટલા ને બદલે ગોળ, ચોખા અને ઘીનું સદાવ્રત ચાલુ રાખ્યું. ગરમલીથી ચાલીને એક દિવસ આપા દાનાએ ચલાળા ગામમાં જગ્યા બાંધી. ત્યાં પણ ગોળ ચોખાનું અન્નક્ષેત્ર વહેતું કર્યું.

એક દિવસ ચલાળા ગામથી દૂર દૂર ઝાડીની અંદર એક ગાડા ખેડૂ કાંટાની મોટી ઘાંસી પોતાના ગાડા પર ચડાવવા મથામણ કરે છે. પણ ભારે વજનની ઘાંસી કેમે ચડતી નથી. બપોર દિવસથી મથ્યા કરતો એ માણસ આખરે થાક્યો. અંધારું થઈ ગયું હતું તેથી ઘાંસી ચડાવવા માટેનું લાકડું ફગાવી દીધું. ઘાંસીની એક બાજુ ગાડાનું ઠાઠું રાખ્યું અને બીજી બાજુ પોતે કાંટામાં પોતાની કમર ભરાવી.અને પ્રાર્થના કરી, “એ આપા દાના, ઘાંસી ચડાવજો.” પછી જોર દીધું અને ઘાંસી ચડી ગઈ. પોતાને એક પણ કાંટો વાગ્યો નહીં. આ માણસ દાના ભગતની જગ્યાનો હજામ હતો. રોજે દાના ભગતના પગ દાબવા જતો. તે દિવસે પણ ગયો.ત્યારે દાના ભગત બોલ્યા, “મારા વાંસામાં બે કાંટા છે તે કાઢી નાખજે.” દીવો લઈને હજામ કાંટા કાઢે છે જુએ છે તો બે નહીં પણ આખા વાંસામાં કાંટા હતા. પૂછે છે, “બાપુ,આટલા બધા કાંટા ક્યાં વાગ્યા?”

“સીમમાં ભાઇ”

“શી રીતે”

“તારી ઘાંસી ચડાવીને એટલે”

“બાપુ, તમે?”

“હું કેમ ન હોઉં બાપ.તે મને સંભારીને સાદ કર્યો. તું મારી રોજ ચાકરી કરનારો, ને હું તારું વેણ કોક દિયે ન રાખું, ભાઈ?”

“ બાપુ મારી ભૂલ થઈ”

“કાંઈ વાંધો નહિ બાપ, સાધુના તો એ કામ છે”

દાના ભગતની પ્રકૃતિ નિર્લોભી હતી. એવા ઘણા પ્રસંગો બન્યા છે જેના પરથી આ વાત સાબિત થાય છે. એકવાર ભાવનગરથી ઠાકોર વજેસંગજીએ દાના ભગતની સિદ્ધિઓની વાત સાંભળી. એની મશ્કરી કરવા માટે લાકડાનું બનાવટી નાળિયેર બનાવી,લુગડામાં લપેટી પોતાના મહોરસિક્કા સહિત જગ્યામાં ભેટ મોકલાવ્યું. ભગતે પોતાની મશ્કરીથી માઠું નહીં લગાડતા, બધાં વચ્ચે એમને એમ નાળિયેર હલાવીને પાણી ખખડતું બતાવ્યું. પછી એની એ સીલબંધ સ્થિતિમાં ભાવનગર પાછું મોકલી દીધું. ત્યાં શ્રીફળ સાચું નીકળ્યું. કહેવાય છે કે પછી ભાવનગર ઠાકોરે ચલાળાની જગ્યામાં કરજાળુ ગામ અર્પણ કર્યું પણ ભગતે ગામ સ્વીકારવાની ના પાડી. ઠાકોરે મહામહેનતે ભગતને મનાવીને છ સાંતી જમીનનો જગ્યામાં સ્વીકાર કરાવ્યો.

ધજડી ગામના કોઈ ગધૈ જાતિના કુટુંબની એક યુવાન પુત્રી હતી. એનું નામ લાખુ. લાખુ રાણપર ગામે પરણાવેલી. એનો પતિ છેલબટાઉ હતો. એને લાખુ ગમતી નહીં.તેથી મારી કુટીને લાખુને કાઢી મૂકી અને પોતે બીજા લગ્ન કર્યા. લાખુ ચલાળામાં પોતાને મોસાળ આવીને રહી. લાખુના મામાએ તેના બીજા લગ્ન કરવાનો વિચાર કર્યો. પણ લાખુએ ના પાડી. પોતાના જીવને ધર્મ કાર્યમાં પરોવવા લાખુ આપા દાનાની જગ્યામાં ગાય માતાઓની સેવા કરવા લાગી. પણ એ ભોળી યુવતી જગ્યાના જ કોઈ બાવાના સમાગમમાં ફસાઈ ગઈ. લાખુને ઓધાન રહ્યું.તેની બદનામી થવા લાગી. સગા સંબંધીઓ તિરસ્કાર કરવા લાગ્યા.અડધી રાતે સૌ ઊંઘી ગયા ત્યારે લાખુ કૂવા કાંઠે ગઈ, “હે, આપા દાના!” એવો નિસાસો નાખીને પડતું મુકવા જાય છે ત્યાં કોઈકે એનું કાંડું ઝાલ્યું. એ દાના ભગત જ હતા. સૌ ઊંઘી જાય ત્યારે આપાને જાગવાની અને જગ્યામાં આંટા દેવાની ટેવ હતી. “લાખુ બેટા, કૂવામાં પડુ ને હાથપગ શીદ ભાંગતી છો? તાળા પેટમાં તો બળભદર છે એ કોઈનો માર્યો નથી મરવાનો. નાહક શીદ વલખાં મારુ રઈ છો?” લાખુ રડી પડી, “બાપુ, હું ક્યાં જઈને સમાઉં?મને કોણ સંઘરશે?” ભગત બોલ્યા, “દીકરી, ઠાકર, તુંહે સંઘરશે અને આ જગ્યા તાળાં સાચાં માવતરનું ઘર જ માનજે” પછી તો ભગત લાખુનું રક્ષણ કરવા લાગ્યા.નવ મહિને દીકરો અવતર્યો. દીકરો છ મહિનાનો થયો એટલે ભગત પોતે જ રમાડવા માંડ્યા. તેનું નામ ‘ગીગલો’પાડ્યું. ગીગલો તો ગાય વાછરુ ચરાવે છે.રાતદિવસ, ભૂખ અને તરસ જોયા વિના ગાયોના છાણવાસીદાં અને પહરચારણમાં ગીગલો તલ્લીન બની ગયો છે.આ ગીગલો મોટો થઈને ગીગા ભગતને નામે જાણીતો થયો. વિસાવદર ગામથી ત્રણ ગાઉ ઉપર ગિરના ડુંગર અને ગીચ જંગલની વચ્ચે કેવળ સતના આધારે સ્થાપેલા આ સત્તાધાર ગામમાં આપા ગીગાની કરુણા બે ધારે વહેવા લાગી. એક ગૌ સેવા અને બીજી ગરીબ સેવા.ગીગો માનવીને દેતો તેમ ઈશ્વર પણ ગીગાને દઈ જ રહેતો. મુસલમાન જાતના એ ગધૈ સંતને જગતના જાતિ ભેદ તો ટળી ગયા હતા.

કહેવાય છે કે ખુદ ગંગાજી ગાય સ્વરૂપે દાનબાપુ પાસે આવેલા.સંવત ૧૮૭૮ ની પોષ વદ અગિયારસને રોજ સવારે આપા દાનાનો દેહ અનંતમાં વિલીન થઈ ગયો. ચલાળા ગામમાં આજે પણ આપા દાનાની જગ્યા મશહૂર છે. હાલમાં સંત વલકુ બાપુ આપા દાનાના કાર્યને આગળ વધારી રહ્યા છે.આપા દાનાના અનુયાયીઓ કહે છે,

“ગંગા, જમના, ગોમતી, કાશી પંથ કેદાર;
અડસઠ તીરથ એકઠાં, દાના તણે દેદાર”

**- નીલા સંઘવી** ■

## આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# જગતનો માલિક કદી પોતાનાં સંતાનોને મારે ખરો?

**ભરદરિયે** જઈ રહેલી હોડીમાં થોડા માથાફરેલા યુવાનો વચ્ચે એક સંત પણ હતા. અચાનક વાવાઝોડું ત્રાટક્યું. હોડી હાલકડોલક થવા માંડી. બધાના જીવ તાળવે આવી પહોંચ્યા. સંત તો સ્વસ્થપણે પ્રાર્થના કરતા રહ્યાં. સંતની ઠેકડી કરનારા જુવાનોની બોલતી બંધ થઈ ગઈ. આ ભયપ્રેરિત વાતાવરણમાં પહાડ જેવડાં ઊછળતાં મોજાં વચ્ચે આકાશવાણી થઈ:

- ‘ભક્ત, તને હું ડૂબવા નહીં દઉં, પણ તું કહેતો હોય તો તારી ઠેકડી કરનારા આ બધાને ડૂબાવી દઉં...!’

* સંતે તરત કાને હાથ મૂકી દીધાં: ‘ના,ના, આ વાણી અને આ શબ્દો વણદેખા ઈશ્વર-પરવરદિગારના ન હોઈ શકે.

* માલિકની નજરમાં પાપી અને પુણ્યશાળી બધા સરખા હોય છે. આ જનાબ તો સેતાનની છે.’

- ‘તો શું કરુ બોલ?’ ફરી આકાશવાણી થઈ.

- ‘ઉગારી લઉં તમને સૌને? ચિંતા નહીં કરતો.’

- તરત સંતે પોતાના બંને હાથ દુઆ-પ્રાર્થનાની સ્થિતિમાં ઊંચા કર્યા. યાચના કરી

- અને તરત વાવાઝોડું શાંત પડી ગયું.

* હવા સ્વસ્થ થઈ ગઈ.

* સમંદર સ્થિર થઈ ગયો.

**સનાતન સત્ય:**

* માલિક કોઈને મારતો નથી.

* જેણે પોતાના હાથે દુનિયા બનાવી,

* સૂરજ-ચંદ્ર અને સિતારા સર્જ્યા,

* વૃક્ષ-વનસ્પતિ, પહાડો-ખીણો અને જંગલો સર્જ્યા,

* નરી આંખે દેખાય નહીં એવાં જીવજંતુથી માંડીને વિરાટ કદના ગેંડા અને હાથી બનાવ્યા- એ આ સૃષ્ટિનો કીમિયાગર પોતે શા માટે પોતાના સર્જનનો નાશ કરે? -જિસને સારા ખલક બનાયા સૂરજ-ચાંદ-સિતારે, દુનિયા કી હર ચીજ બની હૈ

જિસ કે એક ઈશારે...

* એવો પરવરદિગાર (જગતનો મહાન સર્જનહાર) કદી કોઈને મારતો નથી.

* પોતાનાં કહેવાતાં સુખસગવડ માટે માણસ કુદરત સામે જંગે ચડે છે.

* નદીઓને નાથવા માણસ બંધો બાંધે છે.

* સ્કાયસ્ક્રેપર એટલે કે ગગનચુંબી ઈમારતો બાંધવા માણસ જંગલો કાપે છે,

* પોતાને માટે સુશોભિત વસ્ત્રો, કમરપટ્ટા, પર્સ કે પગરખાં બનાવવા મૂગા જીવોની બેરહમ કતલ કરે છે છતાં પરવરદિગાર કશું બોલતો નથી.

* એની દયા તો જેવી છે તેવી વરસતી રહે છે.

* એ ગુસ્સો કરે તો કોના પર કરે?

- પોતાની ઔલાદ પર?

- પોતાના ફરજંદ પર? શા માટે ગુસ્સો કરે?

* વડીલોએ સાચું કહ્યું છે,

- માવતર કદી કમાવતર થતાં નથી.

- સંતાન ચાહે ગમે તેમ કરે,

- માવતર તો માવતર રહે છે.

વ્હાલા વાચક બિરાદરો!

- ફરીફરીને ભરદરિયે તોફાનમાં ફસાયેલી હોડીમાં સંતે ઉચ્ચારેલા શબ્દો યાદ આવે છે:

* માલિક કદી કોઈને મારતો નથી,

* માણસ માણસને મારવાની વાતો કરે છે. ■

## ગીતા મહિમા (નવમા પાનાનું ચાલુ)

છે. નચિકેતા તે બધી જ પરીક્ષાઓમાંથી ઉત્તીર્ણ થાય છે અને અંતમાં ધર્મરાજા નચિકેતા ઉપર પ્રસન્ન થઈ તેને મૃત્યુન્જયી બ્રહ્મવિદ્યા આપે છે. જે ફળ બીજી કોઈ વિદ્યાથી ન મળે તે મોક્ષરૂપી ફળ આ પરા વિદ્યાથી જ મળે છે. તેથી આ વિદ્યા પ્રાપ્ત કરવા માટે પ્રાચીન કાળથી જ મુમુક્ષુઓ પ્રયત્નશીલ રહ્યા છે. ગૌતમ ઋષિ પાસે વિદ્યાર્થી સત્યકામ જાબાલી આવે છે ત્યારે ગૌતમ ઋષિ તેને ૪૦૦ દૂબળી ગાયો આપીને કહે છે કે આ ગાયોની સેવા કર અને ૪૦૦માંથી ૧૦૦૦ થાય ત્યારે આવજે પછી તને હું બ્રહ્મવિદ્યા ભણાવીશ. શિષ્યે આજ્ઞા સ્વીકારી અને બ્રહ્મવિદ્યા સિદ્ધ કરી.

સારંગપુર ગામમાં એક વાર વહેલી સવારે ગુણાતીતાનંદ સ્વામી સ્નાન કરવા માટે નારાયણ કુંડ તરફ પધારે છે, ત્યારે પ્રાગજી ભગત એમની સેવામાં હતા. એ વખતે સ્વામીના મનમાં એક વાત રમતી હતી તે સ્વામીએ પ્રાગજી ભગતને કહી. “આ મારી પાસે બ્રહ્મજ્ઞાન તો છે પણ કોઈ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન પાત્ર મળે તો તેને આપવું છે.” આ તો જેમ કોઈ ચાતકને પૂછે કે સ્વાતિ નક્ષત્રના બિન્દુઓ કોણ ઝીલશે ? એવો પ્રશ્ન પ્રાગજી ભગત માટે હતો. તેથી તેમણે ઉત્સાહથી કહ્યું, “સ્વામી ! એ જ્ઞાન મને ન આપો!” સ્વામી પણ એ જાણતા હતા કે આ જ એ પાત્ર છે જે પોતાના દેહ, ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરીને આ જ્ઞાન પચાવશે અને પ્રવર્તાવશે. અને એ જ વખતે ગુણાતીતાનંદ સ્વામી પ્રસન્ન થઈને પ્રાગજી ભગતને બ્રહ્મવિદ્યા સિદ્ધ કરાવવાનો કોલ આપે છે. ■

# ધર્મતેજ

## સુભાષિતનો રસાસ્વાદ

feedback@bombaysamachar.com

अभयांग मे नित्यम रोगिताच, प्रिया च भार्या प्रिय वादिनी च ।।
वश्यश्च पुत्रो डर्थकरीच विद्या. षट्जीव लोकस्य सुखानि राजन ।।

– સુભાષિત સંગ્રહ

ભાવાર્થઃ આવકનું સાધન હોય, નિત્ય નિરોગીપણુ હોય, પત્ની પ્રેમાળ હોય, પ્રિય વચન બોલનારી હોય, પુત્ર પોતાના વશમાં હોય, અર્થોપાર્જન કરનારી વિદ્યા હોય આ જીવલોકમાં છ પ્રકારના જ સુખ છે.

સંપાદકઃ આચાર્ય શાસ્ત્રીજી ડાહ્યાભાઈ પ્રહ્લાદજી વ્યાસ (ટીન્ટોઈ)

# દરેક પ્રકારના ભેદભાવ મિટાવે છે આ રંગપર્વ

રંગપર્વ

મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

સહુથી ઉત્તમ ઋતુ એટલે વસંત ઋતુ અને આ ઋતુનો સૌથી લોકપ્રિય તહેવાર એટલે હોળી. કેવુ સરસ મજાનું છે આ રંગ પર્વ. માત્ર રગપર્વ નહીં ઉમંગપર્વઃ સહુના તનમનને રંગ અને ઉમંગથી ભરી દે છે આ પર્વ. સહુથી મોટી વાત તો એ છે કે આ પર્વ સઘળા ભેદભાવ મિટાવી દે છે. તવંગર હોય કે ગરીબ, વૃજવાસી હોય કે અમદાવાદી. બ્રાહ્મણ હોય કે શૂદ્ર. કાળા હોય કે ગોરા સહુ લોકો એક રંગે રંગાઈ જાય છે.

સામાન્ય રીતે આપણે ત્યાં બળેવ ઉજવાય છે. તે બ્રાહણનો મોટો તહેવાર ગણાય છે જેમાં તેઓ જનોઈ બદલે છે, તો દશેરા ક્ષત્રિયોનું મહાપર્વ ગણાય છે જયારે તેઓ શસ્ત્રોની પૂજા કરે છે. વળી દિવાળી વાણિયા (વૈશ્ય) નો મોટામા મોટો તહેવાર ગણાય છે જયારે તેઓ ચોપડા પૂજન કરે છે. પણ હોળી એક એવો તહેવાર છે એ દેશના બધા વર્ણો સહુ સાથે મળીને ઉજવે છે.

એકમેકના ગળે મળીને રંગ છાંટે છે. હસે છે. હસાવે છે.તહેવારને રંગીન બનાવે છે. જેમ સાત રંગો ભેગા મળીને' પોતાપણુ' ગુમાવીને શાતિનો સફેદ રંગ ઉત્પન્ન કરે છે તેમ અલગ અલગ જાતિના, વર્ણના કે રંગના લોકો સાથે મળીને પોતાનો 'અહમ્' છોડીને આ પર્વને ઉજવે છે અને શાંતિનો સંદેશ ફેલાવે છે.

રંગોનું આ પર્વ રંગભેદ તો ખૂબ સરળતાથી મિટાવી દે છે. ભગવાન શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાં જ્યારે માતાજીને પૂછ્યું હતું કે મા, હું કેમ શ્યામરંગી છું અને રાધા કેમ ગોરી છે ? માતા જશોદાને ત્યારે થયું કે કામણગારા પણ કાળા કાનુડાને પોતાના રંગ બદલ ક્ષોભ થાય છે અને રાધા ગોરી છે તેની ઇર્ષ્યા થાય છે.

આ સમયે માતા જશોદાએ જે જવાબ આપ્યો એ એમાંથી માત્ર કાનુડાને જ નહીં પણ જગત આખાને મહાન બોધપાઠ શીખવા મળી શકે છે.

જશોદાજીએ કાનુડાને જવાબમાં કહ્યું કે કાના તારે કાળા-ગોરાનો આ ભેદ મિટાવવો હોય તો રાધાને લાલ-પીળા રંગોથી રંગી નાખ અને તું પણ એ જ રંગોથી રંગાઇ જા. પછી જો કોઇ શ્યામ નહીં રહે, કોઇ શ્વેત નહીં રહે.

બધા જ રંગોની રંગીન દુનિયામાં એકાકાર થઇ જશે. સાચે જ આ વાતને હોળીને દિવસે આપણે યાદ રાખીને દિલમાં ઉતારીએ. કાળા-ગોરા રંગમાં અટવાઇજવાને બદલે પૂરા તન-મનને વિવિધ રંગોથી સજી ધજી દઇએ. તમે એ તો જોયું જ હશે કે ધૂળેટીના દિવસે શેરીના છોકરા-છોકરીઓના ચહેરાઓ વિવિધ રંગોથી ખરડાયેલા હોય છે.

કોણ ગોરા છે કોણ કાળા છે એ ખબર પડતી જૂના સમયમાં શ્રીમંત -ગરીબો જ નહીં, રાજા અને પ્રજા પણ હોળી-ધૂળેટીનો ઉત્સવ સાથે મળીને ઉજવતા. અરે હિન્દુઓ અને મુસ્લિમો પણ સાથે મળીને ઉજવતા. એ જ દર્શાવે છે કે આ તહેવારમાં આર્થિક અને ધાર્મિક અસમાનતાઓ પણ ઓગળી જાય છે અને રહી જાય છે તો બસ આ તહેવારની રંગીન યાદો. બુરાઇ પર ભલાઇની જીતની વાતો. નકારાત્મકતા પર સકારાત્મકતાના વિજયની વાતો. એવો વિચાર આવે છે કે આ તહેવાર રોજે-રોજ ઉજવાય તો કેવું સારું ? ■





## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

# હોળી બહુ જ પ્યારો દિવસ છે, કારણ કે હોળી પોતાનામાં ખૂબ જ 'હોલી' છે

અમારે રાજકોટના એક યુવાનને મોબાઈલની દુકાન ચાલુ કરવી હતી. મને કહે બાપુ મુહૂર્ત તમે આપો. મેં કહ્યું ભાઈ હું મુહૂર્ત આપનારો માણસ નથી. તો કહે નહીં, તમે જે દિવસ કહો ત્યારે મારે દુકાનનું ઉદ્ઘાટન કરવું છે. મેં કહ્યું મને પૂછ્યું છે તો જરા મુશ્કેલ લાગે તેવી વાત કરીશ. કહે બાપુ, તમે જે કહો તે. મેં કહ્યું હોળીને દિવસે ઉદ્ઘાટન રાખ. એણે ખૂબ સરસ કાર્ડ છપાવ્યું કે મારી દુકાનનું ઉદ્ઘાટન હોળીને દિવસે ! બાપુ, હોળી બહુ પ્યારો દિવસ છે. શુભ કાર્યો હોળીને દિવસે કરો. મારું માનો તો તમારાં શુભ કાર્યો હોળીને દિવસે કરો, કારણ કે હોળી તો પોતાનામાં જ 'હોલી' છે, પણ મનથી કોઈનો દ્રોહ ન કરો. તમને બળ બહુ મળશે. તમે જલદીથી ભક્તિમાં સફળ થશો. આજે તો સંસારમાં માનસિક ચિત્તદિશા એવી થઈ ગઈ છે કે કોઈ કોઈને માટે કહે કે ફલાણો માણસ બહુ સજ્જન છે, તો આપણા મનમાં તરત જ થશે કે તમારો કોઈ સગો હશે. એવું લાગે છે, સારો છે, એની ખાતરી શી ? પણ કોઈ આપણને કહે કે ફલાણો માણસ ખરાબ છે, તો વિના વિચારે આપણે કહીએ કે હા, એ તો અમને પહેલેથી ખબર છે. આપણને એ જન્મ્યા ત્યારથી ખબર છે. તને જન્મ્યો ત્યારથી ખબર છે ? મૂર્ખા ! તું આ જ ધંધો કરે છે ? તારી પ્રવૃત્તિ જ આ છે ? અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા, કર્મણા-માનવીનું માનસિક સ્તર કેટલું નીચે છે તેનું આ પ્રમાણ છે. એટલે મેં ગઈ કાલે કહ્યું કે નિદ્રાવાળો સારો, તંદ્રાવાળો ખરાબ. નિદ્રાવાળો સારો, ક્ષમાને પાત્ર કે બિચારો સૂઈ ગયો છે, પણ તંદ્રાવાળો ખરાબ છે. અદ્રોહઃ સર્વ ભૂતેષુ...પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો. વનસ્પતિમાં પણ જીવ છે, એથી કોઈનો દ્રોહ ન કરવો.

ભારતીયોનું આ સંશોધન છે કે પત્થરમાંયે અતિ સૂક્ષ્મ પ્રમાણમાં ક્યાંક જીવ પડ્યો છે. અને દસ-વીસ વર્ષોમાં એવી શોધ થાય કે પત્થર સાથે મીટર બાંધી એના હૃદયના ધબકારા નોંધવામાં આવે. એ પત્થર પર કોઈ જલ ચઢાવતું હોય, ચંદન ચઢાવતું હોય, ત્યારે મીટર કંઈ જુદું બતાવતું હશે અને કારણ વગર કોઈ ઘણ મારતું હશે, ત્યારે એ મીટર કંઈક જુદું બતાવતું હશે. બનવા જોગ છે. એનામાં ચેતન તત્ત્વ ન હોત તો બે પત્થરો ઘસતાં એમાંથી ચકમક નહિ ઝરતે, એમાંથી આગ ઉત્પન્ન નહિ થાત અને અગ્નિ ચેતન તત્ત્વ છે. ભલે એને પ્રકૃતિમાં જડ તત્ત્વ તરીકે ગણ્યું છે. પણ એ કંઈક પ્રકાશ કરે છે, એનો ચમકારો થાય છે, એમાંથી તણખો ઝરે છે. ચેતનતાના ગુણો એમાંથી મળે છે. વૃક્ષમાં તો લાગણી તત્ત્વ છે એવું અમેરિકામાં સંશોધન થયું જ છે. વૃક્ષને પાણી પાઓ તો એની પ્રસન્નતા મીટરમાં દેખાય, એનાં પાન વગર કારણે તોડો કે એને કુઠારાઘાત કરો તો એ નારાજ થાય છે, એવા પ્રમાણો વિજ્ઞાનીઓએ સિદ્ધ કર્યા છે. કોઈનામાં ચેતના અતિ સૂક્ષ્મ છે, તો માનવ ભાગ્યશાળી છે કે ચેતના એનામાં પ્રગટ થાય છે. કોઈનો પણ દ્રોહ ન કરો. આ દેશ દરેક પત્થરને શાલિગ્રામ કહેતો રહ્યો. કંકરને શંકર ગણ્યા છે. બધા જ પત્થરને કંઈ પૂજવાની વાત નથી, શિવતત્ત્વ છુપાયેલું છે. હરેક કંકર શંકર છે, શિલા શાલિગ્રામ છે. હિંદુઓ ઘણા બુદ્ધિમાં છે. એમનાં આચાર્યો, અન્વેષકો અદ્ભુત, એમનું અકાટ્ય દર્શન છે, જે સમાજને આપ્યું છે. એવું દર્શન આપનાર સમાજને કોમવાદી કહેવો એ અપરાધ છે. હશે કોઈ જડ વાતો કરે, એ વાત જુદી છે પણ ભારતીય સભ્યતા છે, હિંદુસ્તાની છે, આત્મદર્શન છે. એને મૂળમાં તમે જુઓ. ઉપર ઉપરથી ન જુઓ. સકલ જડ ચેતનમાં પ્રભુ છે. આ બધું રામમય છે. કંઈ ન હોય, પણ પત્થર પર સિંદૂર લગાડી દો તો માણસો પગે લગતા થઈ જાય ! પછી ભયથી કે ગમે તે રીતે, પણ એને એમાં પ્રાણતત્ત્વ દેખાવા માંડે ! અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા, કર્મણા, ગિરા-મન, કર્મથી કોઈનો દ્રોહ ન કરો તો તમે શીલવાન છો. એવા શીલવંત સાધુને પાનબાઈ, વારેવારે નમીએ ને, બદલે નહિ વ્રતમાન રે... શીલ ન કસ અસ હોહિ ' તો શીલની એવી વ્યાખ્યા છે, અદ્રોહઃ સર્વભૂતેષુ મનસા, વચસા, ગિરા-મનથી પણ કોઈનો દ્રોહ થાય એવું વિચારવું નહિ; કર્મથી કોઈને ચોટ લાગે એવું વર્તન કરવું નહીં અને વાણીથી પણ કોઈનો દ્રોહ થાય એવું વચન ઉચ્ચારવું નહીં.

એક ફૂલ, એને તમે આમ મસળી નાખો ચૂંટીને, તો જોનારને પણ નહિ ગમે, તમને પણ નહિ ગમે અને ફૂલને શું થતું હશે એ તો ફૂલ જાણે ! ફૂલને આમ ચગદી નાખો તો ફૂલનું શું થતું હશે ? એક સુમનને ચગદવાનું આટલું પાપ લાગે તો માણસના મનને ચગદી નાખો તો એનું કેટલું પાપ લાગે ? કોઈના મનને મુરઝાવી નાખવાનું કેટલું પાપ થાય ? કોઈના મનની હત્યા કરવાનું કેટલું પાપ લાગે ? અને તેથી સત્સંગ કરનારાઓએ મનના વિચારો પણ એવા નહિ કરવા કે કોઈનું મન દુઃખી થાય; એવી પ્રવૃત્તિ નહિ કરવી, એવું વર્તન નહિ કરવું કે કોઈનો દ્રોહ થાય.

(સંકલન : જયદેવ માંકડ)■

# હોળી-ધુળેટી ઈશ્વરમાં આસ્થાની પરાકાષ્ઠા

મનન

હેમુ-ભીખુ
bhandev@bombaysamachar.com

હોળી એટલે પોતાની આગોશમાં દરેક અનિષ્ટનું નાશ કરનાર અગ્નિની આરાધનાનું પર્વ. હોળી એટલે ઈશ્વરની શક્તિની જીતનું પર્વ. હોળી એટલે અહંકાર સામે ભક્તિનો વિજય. હોળી એટલે એક બાળકની નિર્દોષતા તપસ્યાને આલેખતી ઘટના. હોળી એટલે તપનનું મહત્ત્વ સમજાવતી હકીકત.

સનાતની સંસ્કૃતિના દરેક સંતાનને પ્રહલાદ અને હોલિકાની વાતની જાણકારી હોય છે. તેથી અહીં તેને આલેખવાની જરૂર નથી. ટૂંકમાં એમ કહેવાય કે દૈત્ય રાજ હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ વિષ્ણુ ભક્ત હતો. પિતાને તે માન્ય ન હતું. લાખ સમજાવટ પછી પણ પ્રહલાદ દ્વારા વિષ્ણુ-સ્મરણ ન છોડાતા નિષ્ઠુર પિતાએ બાળક પ્રહલાદનો વધ કરવા માટે પ્રયત્નો કર્યા. આમાં નિષ્ફળ જતાં આખરી ઉપાય તરીકે પોતાની બહેન હોલિકાની મદદથી પ્રહલાદને અગ્નિને સમર્પિત કરી દેવાનો નિર્ણય કર્યો. આ પ્રક્રિયામાં ભક્ત પ્રહલાદ તો કોઈપણ પ્રકારના દહન વગર હેમખેમ રહ્યો, પરંતુ હોલિકા ભસ્મીભૂત થઈ ગઈ. ઇતિહાસની આ ઘટનાથી ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ વધુ દ્રઢતાને પામે છે. પોતાના ભક્તની રક્ષા ખાતર ઈશ્વર સૃષ્ટિના – પ્રકૃતિના નિયમોમાં પણ અપવાદ સર્જવા તૈયાર હોય છે તેમ સ્થાપિત થાય છે. જ્યાં સુધી ભક્ત પૂરેપૂરી શ્રદ્ધાથી ઈશ્વરને સમર્પિત રહે ત્યાં સુધી તેના અસ્તિત્વમાં કોઈપણ પ્રકારની ખલેલ પહોંચાડવાનું સામર્થ્ય કોઈમાં નથી હોતું, તે બાબત અહીં સ્પષ્ટ થાય છે. હોલિકા પાસે વરદાન પામેલી સાડી હોવા છતાં – ભક્તના વિનાશ માટે વરદાન પામેલી ચીજ વસ્તુઓ પણ વ્યર્થ બની રહે છે. અહીં એ પણ સ્થાપિત થાય છે કે અગ્નિ અર્થાત્ પાવક, શુદ્ધ બાબતને વધુ શુદ્ધતા બક્ષે છે અને અશુદ્ધ બાબતને ભસ્મમાં રૂપાંતરિત કરી દે છે. મા ગંગાનું અવતરણ પાપની શુદ્ધતા માટે છે તો અગ્નિ એ ભૌતિક શુદ્ધતા માટે છે. અગ્નિ એ એક એવી ઘટના છે કે જેમાંથી પસાર થયા બાદ અશુદ્ધિ ચોક્કસ નાશ પામે. ગંગા પાપનો નાશ કરે જ્યારે અગ્નિ પાપીનો જ નાશ કરી દે. સનાતની ઇતિહાસમાં એવા ઘણા પ્રસંગો આ લેખમાં આપ્યા છે કે અગ્નિ દ્વારા ભક્ત તથા નિષ્પાપનો નાશ નથી કરાવતો. સૌરાષ્ટ્રના એક કુંભાર ભક્ત દ્વારા અજાણતાથી, નીભાડામાં બિલાડીના બચ્ચાં હોય છે ત્યારે તેને અગ્નિને આધીન કરાય છે; પણ અંતે તો તે બચ્ચાં હેમખેમ રહે છે. હોલિકા દહનના પ્રસંગે સ્થાપિત થયેલ બાબત કળિયુગમાં પણ એટલી જ સાર્થક છે. પ્રહલાદ, જે તે સ્વરૂપે આજે પણ રક્ષણ પામે છે.

ગીતામાં એમ કહેવાયું છે કે આત્માને કોઈ બાળી શકતું નથી. પણ અહીં તો એમ સ્થાપિત થાય છે કે ભક્તના શરીરને પણ કોઈ બાળી શકતું નથી. સાચી વાત છે ભક્તને કોઈ શસ્ત્ર વિંધી શકતું નથી, ભક્તને પવન સૂકવી શકતો નથી અને ભક્તને પાણી ભીંજવી શકતું નથી. ભક્તને જો કોઈ બાળી શકે તો તે છે ઈશ્વરનો વિરહ. ભક્તને જો કોઈ વીંધી શકે તો તે છે ભક્તિની કૃપા. ઈશ્વરભક્તિમાં ભક્ત સ્વયં સુકાતો જાય, સુકાવા માટે તેને અન્ય કોઈ માધ્યમ કારગત નથી. એવી જ રીતે ભક્ત પોતાના સમર્પણ ભાવથી ઉદ્ભવતા આંસુઓથી સ્વયં ભીંજાય. ગીતામાં કહેવાયેલી વાત હોળીના પ્રસંગથી અન્ય સ્વરૂપે પણ આલેખાઈ જાય છે. આ એક મજાની ઘટના છે.

મોટી ઉંમરમાં જ ઈશ્વર ભક્તિ થઈ શકે, એ વાતનું અહીં ખંડન થાય છે. નિર્દોષ બાળક પણ પૂરેપૂરા સમર્પણથી ઈશ્વરની કૃપા પામી શકે, તેમ અહીં સ્થાપિત થાય છે. ઈશ્વર પોતાની કૃપા વરસાવવા 'કુળ' પણ નથી જોતો, તે તો માત્ર ભક્તિમાં તલ્લીનતાને જ પ્રાધાન્ય આપે છે. ભક્તિ દરેકને સાધ્ય છે, તેઓને વિશ્વાસ અહીં મળે છે. કટોકટી ભરેલી સ્થિતિમાં પણ ઈશ્વર સ્મરણ છોડવામાં ન આવે તો ઈશ્વર સહાય કરતો જ હોય છે, તે શ્રદ્ધા અહીં પુનઃસ્થાપિત થાય છે. એક રીતે જોતા હોળીનો પ્રસંગ ઘણા માટે પ્રેરણાદાયી બની શકે. ઈશ્વરને ત્યાં બધાનો પ્રવેશ સંભવ છે, ઈશ્વર બધા માટે છે.

ગીતામાં કહેવાયા પ્રમાણે અનન્ય ચિંતનથી જે કોઈ ઈશ્વરનું સ્મરણ કરે તેના યોગક્ષેમની ચિંતા સ્વયં ઈશ્વર કરે. ભક્તે તો માત્ર સમર્પિત થઈ જવાનું હોય છે. બધું જ ઈશ્વર પર છોડી માત્ર તેને શરણે જવાનું હોય છે. ઈશ્વર સાથેના પ્રવાસમાં, મહદઅંશે સગાંવહાલાં કે કુટુંબ કબીલા કામમાં નથી આવતા – ક્યાંક તેઓ અવરોધ સમાન બની રહે છે. આ બધા પ્રકારના બંધનથી – આ બધા પ્રકારની મર્યાદાથી છુટકારો શક્ય છે તેમ હોલિકા-પ્રહલાદના પ્રસંગ પરથી સમજી શકાય છે – સ્થાપિત થાય છે.

આ દિવસે પ્રગટાવેલી હોળીમાં પ્રસાદીની વસ્તુઓની માત્ર આહુતિ આપવાની નથી હોતી, તે દિવસે તો હોળીમાં સર્વે કુકર્મોની આહુતિ આપવાની હોય છે. અહીં હોળીની આસપાસ માત્ર પ્રદક્ષિણા નથી કરવાની હોતી, પણ અગ્નિની સાક્ષીએ અગ્નિમાં હાજર ઈશ્વરીય તત્ત્વ તરફ અનુગ્રહ દર્શાવવાનો હોય છે. તે દિવસે હોળીમાં શ્રીફળ હોમવાનું નથી હોતું. પરંતુ મસ્તક રૂપ શ્રીફળમાં જે અહંકાર રૂપ પાણી ભરાયેલું હોય છે તેને બાળી નાખવાનું હોય છે. હોળીના દિવસે ખવાતાં ધાણી તથા ખજૂર પણ સરળતા અને સાત્વિકતા દર્શાવે છે.

હોળી એ માત્ર એક તહેવાર નથી, ભક્તિ અને આધ્યાત્મના પાઠ ભણાવતું સનાતની સંસ્કૃતિનું એક પ્રકરણ છે. હોળી દહન એ માત્ર એક પ્રસંગ નથી પણ જીવનમાં આધ્યાત્મિક વિશ્વાસ જગાવતો પ્રકાશ છે. હોળી પછીના દિવસે રંગ થકી જે આનંદ ઉજવાય છે તેમાં પણ શુદ્ધ સ્વીકૃતિનો ભાવ રહેલો હોય છે. હોળી એક પૂર્ણ પ્રતીક છે. ■



# લઠમાર હોળીથી લઠ્ઠુમાર હોળી સુધી, સબ જગ હોરી, વ્રજ મેં હોરા...!!

વ્રજોત્સવ

ધીરજ બસાક
feedback@bombaysamachar.com

ભગવાન કૃષ્ણની લીલાની જગ્યા વ્રજ ક્ષેત્ર અંગે કહેવામાં આવે છે કે અહીં તમામ ઋતુઓમાં રાણી વસંત ઋતુની મધુરતા હંમેશાં વાતાવરણમાં રહેતી હોય છે. અહીંની સંસ્કૃતિમાં રીતિ રિવાજો, પરંપરાઓ, કર્મકાંડો, તહેવારો અને ઉત્સવોમાં પૂરી રીતે ડૂબી જવાની પરંપરા છે, પરંતુ હોળીનો અનુભવ તો એકદમ નશીલો હોય છે. આખા દેશ અને દુનિયામાં હોળી ફાગણ મહિનાની પુર્ણિમા અને ત્યારબાદ મનાવવામાં આવે છે પરંતુ કાન્હાની નગરી વ્રજમાં ઇન્દ્રધનુષી રંગોનો આ તહેવાર પૂરા ચાલીસ દિવસ ચાલે છે. જેની શરૂઆત લઠમાર હોળીથી થાય છે અને તેનો અંત રંગપંચમીના રોજ રંગનાથ મંદિરમાં રમવામાં આવતી સૂકા રંગોની હોળી સાથે થાય છે. વ્રજ ક્ષેત્ર અદભુત સાંસ્કૃતિક ક્ષેત્ર છે. અહી ઉત્તર પ્રદેશના પશ્ચિમ હિસ્સાની સાથે કેટલાક હરિયાણા અને કેટલાક રાજસ્થાનના હિસ્સાઓને જોડીને બને છે. વ્રજની ઓળખ તેની સંસ્કૃતિમાં સમાયેલી ખુશી અને ઉમંગ છે. વ્રજ ક્ષેત્રનું મહત્ત્વ એટલા માટે ખાસ માનવામાં આવતું નથી કે અહીં ભગવાન કૃષ્ણનો જન્મ થયો હતો જેની વિશિષ્ટતા તેની સાંસ્કૃતિક સમૃદ્ધિ છે. વેદોથી લઇને પુરાણો સુધીમાં વ્રજની સંસ્કૃતિ, ભક્તિમાં ડૂબી જવાની સંસ્કૃતિ છે. અહીં તહેવારોમાં લોકોમાં ઝૂમીને ગીત ગાવાની અને નાચવાની પરંપરા છે અને આ બધુ સર્વોચ્ચ રૂપી હોળીમાં જોવા મળે છે. જ્યાં દેશમાં એક દિવસ, બે દિવસ અને મહત્તમ એક સપ્તાહ સુધી હોળીના રંગ, તરંગ અને ઉમંગનો માહોલ રહે છે. જ્યારે વ્રજમાં વસંત પંચમીથી શરૂ થઇને પુરા ૪૦ દિવસો સુધી આવો માહોલ રહે છે. વ્રજની હોળી આખી દુનિયામાં સૌથી દર્શનિય અને લાલિત્યપૂર્ણ હોળી માનવામાં આવે છે.

દુનિયાનાં તમામ અલગ અલગ ક્ષેત્રોની કેટલીક ખાસિયતો હોય છે અને આજે આખી દુનિયાના જાગરુક પ્રવાસીઓ આ વિશેષ ખૂબીઓને માણવા માટે આ ક્ષેત્રોમાં ફરવા જાય છે.વ્રજ ક્ષેત્રની હોળી આવી જ ખાસિયતોથી ભરપૂર છે. આ કારણ છે કે છેલ્લા અનેક દાયકાઓમાં અહીં હોળીના ઉત્સવમાં આખી દુનિયાના પ્રવાસીઓ રંગ, ઉમંગ અને તરંગનો આનંદ લેવા માટે આવે છે અને આ બધાનો ભાગ બનીને ધન્ય થઇ જાય છે. વ્રજમાં વસંત પંચમીની સાથે આખું વાતાવરણ હોળીના રંગમાં રંગાઇ જાય છે. જે વસંત પંચમીથી શરૂ થઇને રંગ પંચમી સુધી ચાલે છે. જો આ વર્ષે એટલે કે ૨૦૨૪માં હોળી કેલેન્ડરની વાત કરીએ તો આ ૧૭ માર્ચ ૨૦૨૪ના રોજ બરસાના સ્થિત શ્રીજી મંદિરમાં લઠ્ઠુ હોળી સાથે શરૂ થશે અને ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ રંગ પંચમી પર રંગનાથ જીના મંદિરમાં રમાનારી સાર્વજનિક હોળી સાથે સમાપ્ત થાય છે, પરંતુ લોકો આ બધા પછી અનેક દિવસો સુધી હોળીના હેંગઓવરમાં રહે છે.

વ્રજમાં હોળીના ખાસ અવસરના સાક્ષી બનવા માટે દુનિયાના પ્રવાસીઓ અહીં આવે છે તેમાં શ્રીજી મંદિરમાં રમાનારી લઠ્ઠુ હોળી, બરસાના અને નંદગાંવમાં રમાનારી લઠમાર હોળી, વૃંદાવનમાં રમાનારી રંગભરી એકાદશી હોળી, ગોકુલના બાંકેબિહારી મંદિરમાં રમાનારી છડીમાર હોળી અને પછી આખા દેશ સાથે ઉજવનારી હોળી. બાદમાં આગલા દિવસે રમાનારી હોરીના હુરંગા અને અંતમાં રંગનાથ મંદિરમાં રમાનારી રંગ પંચમીની હોળીનો આનંદ લેવા દેશ-દુનિયાના પ્રવાસીઓ આવે છે.વાસ્તવમાં વ્રજની હોરી જેને હોરા પણ કહેવામાં આવે છે. દર વર્ષે આ જ આંતરરાષ્ટ્રીય કેલેન્ડર હોય છે અને આ દરમિયાન વસંત પંચમીથી લઇને રંગ પંચમી સુધી આખા વ્રજમાં રંગ, ઉમંગ અને મસ્તીનો વૈશ્વિક માહોલ હોય છે. અગાઉ આ આનંદ સ્થાનિક લોકો સુધી સીમિત રહેતો હતો, પરંતુ હવે તેમાં ડૂબવા, ઊતરવા અને તેનો આનંદ લેવા માટે દુનિયાના ખૂણેખૂણામાંથી લોકો આવે છે. આ વર્ષે કાન્હાને વ્રજની હોરી (નોંધનીય છે કે સામાન્ય રીતે અહીં હોળી નહીં હોરી જ કહેવામાં આવે છે.) નું જે કેલેન્ડર છે તે અનુસાર ૧૭ માર્ચના રોજ બરસાના શ્રીજી મંદિર લઠ્ઠુ હોળી, બરસાનામાં જ ૧૮ માર્ચના રોજ અનેક સ્થળોએ લઠમાર હોળી, ૧૯ માર્ચના રોજ નંદગાંવમાં નંદભવનમાં રમાનારી વિશેષ લઠમાર હોળી, જેમાં અનેક વખત યુવા કૃષ્ણ ભક્ત સંન્યાસી પણ સામેલ થાય છે અને ૨૦ માર્ચેના રોજ વૃંદાવનમાં અનેક સ્થળો પર રંગભરી એકાદશીની સુરમ્ય હોળી રમાય છે.જેમાં અનેક સ્થળો પર ગુલાલ અને અબીલથી તો કેટલાંક સ્થળોએ રંગબેરંગી ફૂલોથી હોળી સંપન્ન થાય છે. આ આખા મહિનાથી વધુ સમયમં વ્રજની હોળીના સમયમાં લોકો મંદિરોમાં ગાતા, વગાડતા, નાચતા મસ્તીભરી હોળી મનાવે છે. જેનાથી વ્રજના લોકો તો આનંદ લે છે પરંતુ દુનિયાભરના લોકો પણ આનંદ માણે છે. આ વર્ષે ૨૧ માર્ચ ૨૦૨૪ના રોજ ગોકુલની છડીમાર હોળી અને બાંકેબિહારી મંદિરમાં ફૂલવાળી હોળીનો ખાસ ઉત્સવ મનાવવામાં આવશે. ૨૨ માર્ચના રોજ ગોકુલમાં અલગ અલગ હોળી મંડળીઓ પોતાની રીતે જ હોળીનું પ્રદર્શન કરશે. ૨૪ માર્ચના રોજ દ્વારકાધીશ મંદિર ડોલા, મથુરા વિશ્રામ ઘાટ અને બાંકે બિહારી મંદિરમાં હોળીના દહનનો ઉત્સવ ઉજવાશે અને ૨૫ માર્ચ ૨૦૨૪ના રોજ આખા દેશની સાથે વ્રજમાં પણ હોળીના રંગ, ગુલાલ અને અબીલ ઊડશે. બાદમાં દેશના બીજા હિસ્સામાં જ્યાં હોળીની મસ્તી રોકાઇ જશે જ્યારે વ્રજની દુનિયામાં આ યથાવત રહેશે. દેશભરમાં ઉજવવાની હોળીને આગામી દિવસે દાઉજીની હોળીના હુરંગા મનાવાશે. આ વર્ષે આ ૨૬ માર્ચના રોજ સંપન્ન થશે અને ઔપચારિક રીતે વ્રજ ક્ષેત્રમાં હોળીનું સમાપન ૩૦ માર્ચ રંગપંચમીના અવસર પર રંગનાથજીના મંદિરમાં સૂકા રંગો સાથે રમાનારી હોરી સાથે થશે. ■

ચિંતન

હેમંત વાળા
mahendra.punatar@bombaysamachar.com

# રંગની આધ્યાત્મિકતા



હોળી-ધુળેટીનો ઉત્સવ રંગ વિના ફીકો બની રહે. ધુળેટી એ રંગોનો તહેવાર છે. ધુળેટીની ઉજવણીમાં રંગોનું આગવું મહત્ત્વ છે. કાવ્યાત્મક રીતે એમ કહી શકાય કે રંગ છે એટલે ધુળેટી છે અને ધૂળેટી છે એટલે રંગ છે. રંગ એટલે ધુળેટી અને ધુળેટી એટલે રંગ. પણ આ ધુળેટીનો રંગ સામાન્ય રંગ જેવો નથી હોતો. ધુળેટીના રંગમાં આધ્યાત્મિકતા, પવિત્રતા, નિર્મળતા તથા શુદ્ધતા ગૂંથાયેલી હોય છે.

જેમ દશેરા માટે કહેવાય છે તેમ ધુળેટીનો તહેવાર પણ અધર્મ પર ધર્મના વિજય માટેના પ્રતીક સમાન છે. અહીં અહંકાર સામે સમર્પણ, મદ સામે ભક્તિ, કપટ સામે નિર્દોષતા, ક્ષણીક સામે શાશ્વતતા, અગ્નિના નિયમો સામે ભક્તિ, વ્યક્તિગત મૂઢતા સામે ચૈતન્ય, આસુરી શક્તિ સામે ઐશ્વર્ય તથા સંકુચિતતા સામે વૈશ્વિક વ્યાપ વિજય પામે છે. આ બધાની ઉજવણી માટે રંગોનું માધ્યમ સ્વાભાવિક છે.

ઉજવણી પ્રકાશથી થઈ શકે, વ્યવસ્થિત શણગારથી થઈ શકે, ઇચ્છિત ખાદ્ય પદાર્થોની વહેંચણી થકી થઇ શકે, નિર્દોષ આનંદ માટેની રમત થકી પણ થઈ શકે અને ચોક્કસ પ્રકારના રમણીય માહોલના સર્જનથી પણ થઈ શકે.

આ દરેક પ્રકારની ઉજવણીમાં રંગ ભળેલો હોય છે. રંગ સિવાય પ્રત્યેક ઉજવણી નીરસ બની રહેવાની સંભાવના હોય છે. એમ કહી શકાય કે રંગ છે એટલે રસિકતા છે, રંગ છે એટલે સચોટ અભિવ્યક્તિની સંભાવના છે, રંગ છે એટલે લાલિત્ય સભર વિવિધતા પ્રગટી શકે છે, રંગ છે એટલે પ્રતીકો સમજી શકાય છે અને રંગને જ કારણે વિશિષ્ટ ઓળખ ઊભરે છે. રંગ એ ઉજવણીનું અગત્યનું માધ્યમ છે.

દિવાળીમાં વિવિધ રંગના ઉપયોગથી રંગોળીનું સર્જન થતું હોય છે. વસંતોત્સવમાં પીળા રંગના વિપુલ ઉપયોગથી પવિત્રતાનું વાતાવરણ સર્જાતું હોય છે. ઉત્તરાયણના દિવસે રંગબેરંગી પતંગોથી આકાશને શણગાર પ્રાપ્ત થાય છે. જન્માષ્ટમી કે નંદોત્સવના દિવસે ગુલાલ પોતાનું મહત્ત્વ સ્થાપિત કરે છે. રંગ પ્રત્યેક તહેવાર સાથે જોડાયેલો છે, પરંતુ ધુળેટીના દિવસે આ રંગ વ્યક્તિ સ્વયં ધારણ કરે છે. તહેવારોની ઉજવણીના ઇતિહાસની આ એક અગત્યની ઘટના છે.

રંગનું પોતાનું વિજ્ઞાન છે. લાલ કે કેસરી રંગ વધુ માનસિક ઉત્સાહ વ્યક્ત કરવા સક્ષમ હોય છે તો રાખોડી કક્ષાના કેટલાક રંગ નિરાશાના પ્રતીક સમાન ગણાય છે. પીળો રંગ ઉત્તેજના કે જિજ્ઞાસા વ્યક્ત કરી શકે તો કાળા રંગથી અભાવની પ્રતીતિ થાય. દરેક રંગ ચોક્કસ અસર છોડે અને આ અસર મહદંશે જન માનસ માટે સામાન્ય રહે. રંગની મનોવૈજ્ઞાનિક અસર માટેના ચોક્કસ પ્રાયોગિક કારણો જણાવાય છે.

મજાની વાત એ છે કે દરેક રંગ જે રીતના માનસિકતાને અસર કરે તેમ આધ્યાત્મિકતાનું કોઈ એક ચોક્કસ પાસું પણ રંગ થકી વ્યક્ત થતું હોય છે. ધુળેટીના દિવસે જે રંગ વપરાય તે રંગ કોઈ ચોક્કસ પ્રકારની હકારાત્મક આધ્યાત્મિકતાને અસર કરી જવાની સંભાવનાવાળા હોય છે.

આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ સફેદ રંગ સંપૂર્ણતામાં શુદ્ધતા અને પવિત્રતા દર્શાવે છે તો પીળો રંગ પવિત્રતાની સાથે સુષુપ્ત શક્તિ નિર્દેશિત કરે છે. લાલ રંગ આધ્યાત્મિક સુચિતાનો સૂચક છે તો ગુલાબી રંગ તે આધ્યાત્મિકતામાં નિજાનંદનો ઉમેરો કરે છે. પ્રભાતના કિરણો સમાન કેસરી રંગ થકી આધ્યાત્મિક ઊર્જાનો પ્રાદુર્ભાવ થાય છે તો આછા લીલા રંગ થકી કુદરતના સમીકરણ સાથે નિષ્પાપ તાદાત્મ્યતાનો ભાવ સ્થપાતો હોય છે. વાદળી રંગથી સૃષ્ટિની વિશાળતા - તેનો વ્યાપ આધ્યાત્મિક દ્રષ્ટિથી સમજી શકાય તો જાંબલી રંગ વડે આધ્યાત્મના ગૂઢ ભાવ પ્રતીકાત્મક રીતે પ્રસ્તુત થતા હોય તેમ જણાય છે.

આ બધા જ, અને આવા અન્ય રંગોનું પણ આધ્યાત્મના ક્ષેત્રમાં પ્રતિકાત્મક મહત્ત્વ છે. ધુળેટીના દિવસે માનવી જાણે આ બધા જ રંગોમાં ઓતપ્રોત થઈ જવા માંગે છે - અને તે પણ પૂરતા ઉત્સાહ, આનંદ અને ઊર્જા સાથે. બધા જ તહેવારોમાં હોળી-ધુળેટીની, આધ્યાત્મના પ્રત્યેક રંગ સાથે સંલગ્ન થવાની આ પ્રથા અનેરી છે.

અહીં કંઈ ભૌતિક રંગનું મહત્ત્વ નથી. અહીં એકબીજાને રંગવાનું પણ મહત્ત્વ નથી. અહીં કયો રંગ છે તે પણ મહત્ત્વનું નથી. અહીં તો રંગમાં રંગાઈ જવાનું છે. અહીં તો રંગ-મસ્ત થવાનું છે. અહીં પ્રત્યેક રંગ માન્ય છે. અહીં રંગના પ્રત્યેક સ્વરૂપની સ્વીકૃતિનો ભાવ છે. રંગવા કરતા અહીં રંગાવાનું વધુ મહત્ત્વ છે. અહીં રંગ-ભીના થઈ નિજાનંદ મસ્તીમાં સત્યના વિજયને, અધર્મના પરાજયને, અહંકારના નાશને આત્મસાત્ કરવાનો છે. ખરેખર અહીં રંગાઈ જવાનું છે.

કોઈ એક રંગ મીરાંને ચડેલો હતો. નરસિંહ મહેતા પણ કોઈ રંગે રંગાયેલા હતા. દ્રૌપદીનો એક રંગ હતો તો રાધા એ રંગાવવા માટે અન્ય રંગ પસંદ કરેલો. એક રંગ તુકારામનો છે તો એક રંગ જ્ઞાનેશ્વરનો છે. શુક્રાચાર્ય એક રંગે રંગાયા છે તો બૃહસ્પતિ પણ એવા જ રંગમાં તરબોળ છે. સૃષ્ટિનું સમીકરણ જોતા સમજાશે કે ધર્મનો પણ રંગ છે અને સત્યનો પણ. અહિંસાનો પણ રંગ છે અને નિર્દોષતાનો પણ. સ્થિતપ્રજ્ઞતાનો એક રંગ છે તો ગુણાતીત સ્થિતિ પણ અનેરો રંગ ધારણ કરે છે. આધ્યાત્મની સૃષ્ટિ રંગમયી છે અને ધુળેટીના દિવસે તેની પ્રતીતિ કરવાની છે.

જ્ઞાનનો રંગ છે, ભક્તિનો પણ રંગ છે, સાધનાનો પણ અનેરો રંગ છે અને નિષ્કામ કર્મનો પણ પોતાનો આગવો રંગ છે. સનાતની સંસ્કૃતિમાં આ બધાના સંબંધથી રંગોળી ઉદ્ભવે છે. આ સંસ્કૃતિમાં બધા જ રંગોને સ્થાન છે. અહીં કશાનો નિષેધ નથી. હા, અંધકાર અને અહંકાર ભરેલા કાળા રંગનો અહીં પ્રવેશ નથી. એક રીતે જોતા કાળો એ 'રંગ' જ નથી રંગનો અભાવ છે. સફેદમાં જેમ સાતે રંગો સમાયેલા હોય છે, તેમ તેનાથી વિપરીત કાળા રંગમાં રંગ-શૂન્યતા હોય છે. તેથી જ ધુળેટીના દિવસે કાળો રંગ વર્જિત છે. અહીં તો રંગની ઈચ્છા છે રંગના અભાવની નહીં.

રંગમાં રંગ આવવાનું છે, દિલથી રંગાવવાનું છે, પૂરેપૂરા રંગ આવવાનું છે, અને તે બધા રંગ પાછળનો આધ્યાત્મિક ભાવ સમજી આગળ વધવાનું છે. ■

પર્વોત્સવ

રાજકુમાર દિનકર
feedback@bombaysamachar.com

# વિશ્વમાં રંગો અને મસ્તીભર્યા હોળી જેવા બીજા પણ છે અનેક તહેવાર

*વિશ્વમાં રંગો અને મસ્તીભર્યા હોળી જેવા બીજા પણ છે અનેક તહેવાર. આવા તહેવારોની સંખ્યા આમ તો બે ડઝન કરતાં પણ વધુ છે, પરંતુ પૃથ્વીના એક છેડાથી બીજા છેડા વચ્ચે રંગોના એવા પાંચ લોકપ્રિય તહેવાર ઉજવવામાં આવે છે જે બિલકુલ હોળી જેવા જ છે. આવો જાણીએ ભારત બહાર પણ આવા ક્યા તહેવાર છે જે બિલકુલ હોળી જેવા જ છે.*



## હેરોવિન ફેસ્ટિવલ

સ્પેનનો હેરોવિન ફેસ્ટિવલ પણ બિલકુલ હોળી જેવો જ છે. આ તહેવારમાં યુવાનો વાઈન બૉટલથી લઈને બૂલ ફાઈટ્સ પણ કરે છે. આ તહેવાર દર વરસે ૨૯ જૂને પૅટ્રન સૅન્ટ, સૅન પેટ્રો દિનના ઉજવવામાં આવે છે. આ તહેવારની શરૂઆત વાઈન બૉટલથી થાય છે. આ તહેવારમાં કોઈ વ્યક્તિ પર ત્યાં સુધી વાઈન નાખવામાં આવે છે જ્યાં સુધી તે વાઈનથી સંપૂર્ણપણે ભીંજાઈ ન જાય અને તેનાં કપડાંનો રંગ જાંબૂડી ન થઈ જાય. આ તહેવારમાં પણ લોકો એકમેક પર એ રીતે વાઈન નાખે છે જે રીતે ભારતમાં હોળીના તહેવારમાં લોકો પિચકારીથી એકમેક પર રંગ નાખે છે.



## મૅલન ફેસ્ટિવલ

ઑસ્ટ્રેલિયાના ક્વિન્સલૅન્ડમાં બિલકુલ હોળી જેવો જ રંગો અને મસ્તીભર્યો આ તહેવાર ભારે ધામધુમથી ઉજવવામાં આવે છે.

આ તહેવારમાં સ્ટ્રીટ પરેડ કરવામાં આવે છે જેમાં લોકો મસ્તીમાં મૅલેન એટલે કે તરબૂચનો માવો એકબીજા પર ફેંકે છે. લોકો તરબૂચનો રસ કાઢીને બાટલીઓમાં ભરી લે છે અને જે રીતે હોળીમાં એકમેક પર રંગ છાંટવામાં આવે છે તે જ રીતે તરબૂચનો રસ એકમેક પર નાખવામાં આવે છે. અનેક યુવકો ગ્રૂપ બનાવે છે અને તરબૂચના માવાના ઢગલા પર ડાન્સ કરે છે અને ખૂબ મસ્તી કરે છે. ઘણા યુવકો જૂથ બનાવીને તરબૂચના માવાના ઢગલાની આસપાસ ઘેરો બનાવે છે અને વારાફતરી તેની ઉપર ડાન્સ તેમ જ મસ્તી કરે છે.

## સૉંગકરન ફેસ્ટિવલ

આ પણ બિલકુલ હોળી જેવો જ પાણીનો તહેવાર છે. સામાન્ય રીતે દર વરસે ૧૩થી ૧૫ એપ્રિલ દરમિયાન આ તહેવાર ઉજવવામાં આવે છે. થાઈલૅન્ડમાં આ તહેવારની સાથે જ નવા વર્ષની શરૂઆત થાય છે. આ તહેવારમાં પણ સામાન્ય રીતે યુવાનો ખૂબ મસ્તી કરે છે અને એકમેક પર રંગીન પાણી ફેંકે છે, ડાન્સ કરે છે. આ મસ્તીભર્યા વાતાવરણમાં યુવાનો પોતાનો જોડીદાર શોધે છે અને નવી જિંદગીની શરૂઆત માટે સાથે મળીને આ તહેવાર મનાવે છે.



## સંતરા ફેસ્ટિવલ



ઉત્તર ઈટલીના ઈવૅરિયા શહેરમાં મનાવવામાં આવતો આ તહેવાર પણ હોળી જેવો જ છે. આને ફૂડ ફાઈટ પણ કહે છે. આ તહેવાર ઉજવવા યુવાનો જુદી જુદી ટોળી બનાવે છે અને આખેઆખા સંતરા તેમ જ તેનો ગર એકમેક પર ફેંકે છે. આ તહેવારમાં યુવાનો ખૂબ ખાય-પીએ છે અને ડાન્સ કરે છે. અન્ય દેશની જેમ આ તહેવારમાં પણ યુવાનો જોડીદાર શોધે છે.

જ્યાં સુધી હોળીની વાત છે હિન્દુ પંચાગ મુજબ ફાગણ પૂર્ણિમાને દિવસે આ તહેવાર મનાવવામાં આવે છે. બે દિવસ મનાવવામાં આવતા આ તહેવારના પહેલા દિવલે હોળી પ્રગટાવવામાં આવે છે અને બીજે દિવસે એટલે કે ધુળેટીના દિવસે લોકો એકમેક પર રંગો અને પાણી નાખી ઉજવણી કરે છે. આ તહેવારની ઉજવણી દરમિયાન ઢોલ વગાડવાની સાથે સાથે લોકો ડાન્સ પણ કરે છે. આ લોકપ્રિય પર્વને વસંત ઋતુના આગમનનો તહેવાર માનવામાં આવે છે. વસંત પંચમીથી જ ફાગ અને ઘમારનાં ગીતો ગાવાની શરૂઆત થઈ જાય છે. સરસોનાં પીળા ફૂલ ધરતીને રંગી દે છે. કેરીના ઝાડ પર મોર લાગે છે. ખેડૂતો લહેરાતો પાક જોઈને ખુશ થઈ ગીત ગાય છે. ભારતમાં ઉજવાતા મોટાભાગના તહેવાર પાક તેમ જ મોસમ સાથે જોડાયેલા છે.



## મડ ફેસ્ટિવલ

ઑસ્ટ્રેલિયાના મૅલન ફેસ્ટિવલની જેમ જ દક્ષિણ કોરિયાના બૉરિઑન્ગ શહેરમાં વિશ્વ પ્રસિદ્ધ મડ (કાદવ) ફેસ્ટિવલ મનાવવામાં આવે છે. એક જમાનામાં ખનિજથી ભરપૂર બૉરિયાઑન્ગની માટીનો કોસ્મેટિક્સ તરીકે ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવા આ તહેવારની ઉજવણી કરવાનું શરૂ થયું હતું, પરંતુ આજે બે સપ્તાહ ચાલતો આ તહેવાર માત્ર દક્ષિણ કોરિયાના યુવાનોનો જ મનપસંદ તહેવાર ન રહેતા વિશ્વભરમાંથી લોકો આ તહેવાર મનાવવા દક્ષિણ કોરિયા પહોંચે છે. આ તહેવારમાં પણ લોકો ખૂબ નાચગાન, મસ્તી, એકમેક પર ભીની માટી ફેંકવી, લગાડવી જેવી મસ્તી કરે છે. હોળીમાં પણ આ પ્રકારની જ મસ્તી લોકો કરતા હોય છે.

# 'દેવી મેં તમારા મસ્તિષ્કમાં રહેલા સંદેહને દૂર કરવા જ આ લીલા રચી હતી

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

**માતા લક્ષ્મી અને તેમના પિતા** દરિયાદેવ કૈલાસ પહોંચે છે. ભગવાન શિવ માતા લક્ષ્મીને સાંત્વન આપતાં કહે છે, સંસારના સંચાલન હેતુ હું શ્રીહરિ વિષ્ણુને પરત લાવીશ અને પાતાળ લોકમાં અચાનક ભયાનક કંપન આવે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુને તેમનો દરવાન કહે છે કે 'હે પ્રભુ આપણા પાતાળ લોક પર એક મહાકાય વૃષભ ઉતર્યો છે અને એ આપણા રાજમહેલ તરફ આવી રહ્યો છે, તેનો આ કંપન છે.' ભગવાન શ્રીહરિ વિષ્ણુ તુરંત રાજમહેલની બહાર આવીને જુએ છે તો તેમની સામે એક મહાકાય વૃષભ ઊભો હોય છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ પણ પોતાને મહાકાય બનાવે છે અને એકબીજા પર અસ્રોની વર્ષા કરે છે. ઘણા દિવસો સુધી યુદ્ધ ચાલે છે. યુદ્ધ સમાપ્ત થવાની શક્યતા ન દેખાતા ભગવાન ગણેશ યુક્તિ કરે છે અને તેઓ માતા લક્ષ્મીની બહેનો સુવેશા, સુકેશી, સમિચી, સુનેત્રા અને વેતાને સમજાવે છે કે સંસારના સંચાલન માટે યુદ્ધ અટકાવી ભગવાન શ્રીહરિ વિષ્ણુને પરત વૈકુંઠલોક મોકલવા જરૂરી છે. સુવેશા, સુકેશી, સમિચી, સુનેત્રા અને વેતા વાતની ગંભીરતાને સમજી યુદ્ધભૂમિમાં આવે છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને તેમના વરદાનથી મુક્ત કરે છે. વરદાનથી મુક્ત થતાં જ શ્રીહરિ વિષ્ણુ પોતાના વાસ્તવિક રૂપને ધારણ કરતાં તેમની સ્મૃતિ પરત આવે છે. સમસ્ત દેવગણ ત્યાં પધારે છે, બધા ભગવાન શિવ અને ભગવાન શ્રીહરિ વિષ્ણુનો જયજયકાર કરે છે દરેક દેવ પોત પોતાના લોક તરફ પ્રયાણ કરે છે.?

---

માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ વૈકુંઠલોક પહોંચે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ નાગશૈયા પર બિરાજમાન થાય છે માતા લક્ષ્મી તેમની પાસે બેસે છે.

દરિયાદેવ: 'ભગવાન શ્રીહરિ તમે દેવી લક્ષ્મી સાથે વૈકુંઠલોકમાં ફરી બિરાજ્યાં, મારી જવાબદારી પૂર્ણ થઈ, મને આજ્ઞા આપો.'

આટલું કહી દરિયાદેવ ત્યાંથી વિદાય લે છે.

માતા લક્ષ્મી: 'સ્વામી મેં તમારા પ્રેમ પર સંદેહ કર્યો, મને માફ કરો.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુ: 'દેવી મેં તમારા મસ્તિષ્કમાં રહેલા સંદેહને દૂર કરવા જ આ લીલા રચી હતી, ઘણો સમય થઈ ગયો છે હવે મારે ધ્યાનમગ્ન થવું છે.'

આટલું કહી ભગવાન શ્રીહરિ વિષ્ણુ પોતાનાં નેત્રો બંધ કરી ધ્યાનમગ્ન થઇ જાય છે.

---

સામે કૈલાસ ખાતે માતા પાર્વતી અને ભગવાન શિવ ચોસરની રમત રમતા હોય છે

ભ્રીંગી: 'હવે આ દાવ માતા જ જીતશે.'

નંદી: 'નહીં પ્રભુ જ જીતશે.'

નંદી અને ભ્રીંગી વચ્ચે વિવાદ વધી જતાં માતા પાર્વતી બધાને કહે છે કે તમે અહીં બહુ શોર કરી રહ્યા છો, જાઓ અમને એકાંત જોઈએ છે.

માતાના આદેશથી બધા જ ગણ ત્યાંથી વિદાય લે છે

માતા પાર્વતી: 'ચાલો સ્વામી તમારો વારો, પાંસા ફેંકો.'

માતા પાર્વતી ભગવાન શિવ પાસે જઇ તેમની પાછળ ઊભાં રહે છે. ભગવાન શિવ પાંસા ફેંકવા જાય છે એ જ સમયે માતા પાર્વતી નર્મક્રીડાવશ ભગવાન શિવની આંખો બંધ કરી દે છે. ભગવાન શિવનાં નેત્રો બંધ થઈ જતાં સમગ્ર સંસારમાં અંધારુ ફેલાઈ જાય છે અને તેમનું ત્રીજું નેત્ર ખૂલી જતાં માતાના હાથ અને મહાદેવના આંખના વચ્ચેથી મદ-જલ (પરસેવો) પ્રગટ થાય છે અને તે મદ-જલ(પરસેવા)ના ટીપા થોડી જ ક્ષણોમાં જમીન પર પડે છે અને તે હિમાલયના જળમાં વહેવા માંડે છે. આ મદ-જલ(પરસેવા)ના ટીપા હિમાલયના જળમાં એક ગર્ભનું રૂપ ધારણ કરે છે. આ જોઈ દેવર્ષિ નારદ પરમપિતા બ્રહ્મદેવ પાસે પહોંચે છે.

દેવર્ષિ નારદ: 'હે પરમપિતા આ અલૌકિક ઘટના છે. માતા પાર્વતી અને ભગવાન શિવના મદ-જલથી એક ગર્ભની ઉત્પત્તિ થઈ છે, આમાં બંનેની ઊર્જાઓ મિશ્રિત છે. આ જીવ કેવો હશે? એનો ગુણધર્મ કેવો હશે?'

બ્રહ્માજી: 'હે પુત્ર નારદ, સૃષ્ટિની રચના વખતે જન્મ લેનાર જીવના ગુણધર્મનો સંબંધ તેનો જન્મકાળ અને જીવઉત્ત્પત્તિ પર નિર્ભર છે. આ જીવ દૈવિક ઊર્જા અને મદ-જલ(પરસેવા)સાથે સંબંધ છે, મદ-જલ(પરસેવો) શરીરથી ત્યાગેલો તત્ત્વ છે જે શ્રમ, ગરમી, ભય કે ક્રોધ દ્વારા ઉત્પન્ન થયેલો હોય છે અને મદ-જલ(પરસેવો) અશુદ્ધ તત્ત્વને લઈને નીકળતો હોવાથી આ જીવ કલ્યાણકારી નહીં હોય.

દેવગણો પર આવનારા ભયંકર સંકટના વિચારોમાં મગ્ન થઈ દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે.

મદ-જલ (પરસેવા)થી બનેલો ગર્ભ એક બાળકનું રૂપ ધારણ કરી નદી કિનારે પહોંચે છે.

ઘણા સમયથી નદી કિનારે અસુર હિરણ્યાક્ષ અને તેની પત્ની ભગવાન શિવની આરાધના કરતા હોય છે, તેમની આરાધના ઓમ નમઃ શિવાયનો ધ્વની કૈલાસ સુધી પહોંચે છે. ભગવાન શિવ તેમને વરદાન આપવા નદી કિનારે પહોંચે છે.

ભગવાન શિવ: 'દૈત્ય હિરણ્યાક્ષ બોલો તમને શું વરદાન જોઇએ છે?'

હિરણ્યાક્ષ: 'પ્રભુ અમે બંને નિઃસંતાન છીએ, અમે પુત્ર પ્રાપ્તિ માટે તમારી આરાધના કરી છે.'

ભગવાન શિવ: 'હે દૈત્યરાજ તમારા ભાગ્યમાં તમારા વીર્યથી ઉત્પન્ન થનાર પુત્ર તો નથી લખાયો, પરંતુ હું તમને એક પુત્ર આપું છું, એ મારો જ પુત્ર છે, સામે વહેતી નદી પાસે જાઓ તમારું કલ્યાણ થશે.'

હિરણ્યાક્ષ અને તેની પત્ની વાતનો સાર સમજી જતાં તેઓ નદી તરફ દોટ મૂકે છે અને ત્યાં જુએ છે કે એક બાળક તેમની પ્રતીક્ષા કરી રહ્યું છે.

હિરણ્યાક્ષ અને તેની પત્ની એ બાળકને સહર્ષ અપનાવે છે અને તેઓ પોતાના મહેલ તરફ પ્રયાણ કરે છે. (ક્રમશઃ)■

# જ્યાં હોળી શરૂ થઈ ત્યાં જ બંધી



પ્રહલાદપુરી, મુલતાન-પાકિસ્તાન



તમને નહીં ખબર હોય કે હોળીની ઉત્પત્તિ પાકિસ્તાનની ધરતીથી થઈ છે. વાસ્તવમાં હોલિકા દહનની શરૂઆત માનવામાં આવે છે એ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુલતાન શહેરમાં આજે પણ પ્રહલાદપુરીના રૂપમાં મોજૂદ છે, જ્યાં એક સમયે હિરણ્યકશિપુ રાજાનો મહેલ હતો.

હિરણ્યકશિપુએ પોતાની બહેન હોલિકા સાથે પુત્ર પ્રહલાદનું દહન કર્યું હતું, જેમાં વિષ્ણુભક્ત પ્રહલાદ ઊગરી ગયા હતા અને હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ હતી. અને યોગ્ય સમયે ભગવાન વિષ્ણુ અહીંના મહેલમાં જ ભગવાન નરસિંહ રૂપે અવતર્યા હતા અને ભક્ત પ્રહલાદનું રક્ષણ કર્યું હતું.

પાકિસ્તાનના પંજાબ પ્રાંત મુલતાન શહેર સ્થિત પ્રહલાદપુરી મંદિરમાં હોળી પર ભક્તોનો ધસારો રહેતો હતો, અહીં બે દિવસ હોળિકા દહનનું આયોજન કરવામાં આવતું હતું અને હોળીનો મેળો ૯ દિવસ સુધી ચાલતો હતો.

૧૯૯૨ સુધી બધું બરાબર હતું, પરંતુ ત્યારબાદ પાકિસ્તાનમાં આ મંદિર તોડી પાડવામાં આવ્યું હવે માત્ર તેના અવશેષો જ બચ્યા છે, અહીં રહેતા હિન્દુ પરિવારોને નિશાન બનાવવામાં આવ્યા અને દુકાનોને આગ ચાંપી દેવામાં આવી અને ત્યારબાદ સરકારે ભક્તોને આ મંદિરમાં જવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

આ પ્રતિબંધ હજુ પણ યથાવત છે, જોકે ભક્તોને માત્ર બહારથી જ દર્શન કરવાની મંજૂરી આપવામાં આવી છે. મંદિર નાશ પામ્યું છે, પરંતુ ભગવાન નરસિંહની મૂર્તિ અને સ્તંભ હજુ પણ હાજર છે, એવું કહેવાય છે કે ભક્ત પ્રહલાદને આ સ્તંભ સાથે બાંધવામાં આવ્યા હતા. જો કે, હવે મંદિર પરિસર સ્થાનિક લોકો દ્વારા કબજે કરવામાં આવ્યું છે.

પાકિસ્તાન સરકારે ઘણી વખત આ મંદિરના જીર્ણોદ્ધારની વાત કરી હતી, પરંતુ તેના વિશે કશું કરી શકાયું નથી. તાજેતરમાં જ મંદિર પરિસરમાં મુસ્લિમ બાંધકામનો મામલો પણ સામે આવ્યો હતો, પરંતુ પાકિસ્તાનના કાયદા મુજબ કોઈપણ ધાર્મિક સ્થળ પર અન્ય ધર્મના લોકોનું બાંધકામ થઈ શકતું નથી. આ સંદર્ભે કોર્ટે તેના પર સ્ટે મૂક્યો હતો, હાલ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે.■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# નિરાંત સંપ્રદાયના કાળુરામ મહારાજની વાણી -૧



સિદ્ધપુર તાલુકાના બિલિયા ગામે વાલ્મીક વેશમાં વિ. સં.૧૯૬૩ માગશર સુદ ૧૫ના રોજ કાળુરામનો જન્મ થયેલો. પિતા-ભીખાભાઈ,માતા-ધૂળીબા, મોટીબહેન મેનાબહેન. પિતાનું અવસાન થતાં બાલ્યાવસ્થામાં જ ધૂળીબાએ પોતાના પિયર પાલનપુર તાલુકાના ટીંબાચુડી ગામે વસવાટ કર્યો. બાળક કાળુરામ ટીંબાચુડીથી બે માઈલ દૂર ભાંગરોડીયા ગામે ભણવા જતા. પછી વતનમાં જ નિશાળ શરૂ થઈ. જ્યાં પાંચ ગુજરાતીનો અભ્યાસ કર્યો. બાલ્યાવસ્થાથી જ સત્સંગ અને ભજનના સંસ્કારો પડતા રહ્યા છે.

અઢાર વરસે પાલણપુર તાલુકાના પીરોજપરા ગામે ગલબીબાઈ સાથે વિવાહ થયા. પછી ટીંબાચુડી ગામની કાળુરામે ચોકીદારી કરી. એવામાં બાવલચુડી ગામના ભક્ત ચેલારામ સાથે સત્સંગ થયો. એમની પાસે કંઠી બંધાવી, એમણે ચુડી પાસેના માલાસણા ગામે વસતા નિરાંત સંપ્રદાયના આચાર્ય પુરૂષોત્તમરામ મહારાજનો ભેટો કરાવ્યો.

વિ.સં.૧૯૮૩ના ભાદરવા સુદ૧૧ના દિવસે ગુરુબોધ ઉપદેશ પ્રાપ્ત કર્યો અને સ્વરચિત ભજન-પદો રચવાની શરૂઆત કરી. ગુરુ પુરૂષોત્તમ મહારાજે પછી કાળુરામને પણ અન્ય ભક્તોને ગુરુબોધ આપવાની રજા સાથે આદેશ આપેલો.

ત્યાંથી અમદાવાદ આવીને કાપડમિલમાં નોકરીએ રહ્યા.જ્યાં આયુર્વેદના અનુભવી વૈદરાજ દેવીદાસજી સાધુનો ભેટો થયો. દેવીદાસે કાળુરામ પાસે બોધ લીધો ને પોતાનું આયુર્વેદિક ઔષધિઓનું જ્ઞાન કાળુરામને આપ્યું. પછી તો નાડીપરીક્ષા, શરીર ચિકિત્સા અને રોગ નિદાનમાં પારંગત થઈ અનેક લોકોની સેવાચાકરી કરી. ચારેક વર્ષ અમદાવાદમાં રહ્યા પછી પોતાના વતન ટીંબાચુડી ગામે પરત આવી લોકસેવા શરૂ કરી.

ગામમાં મકાન ભાડે રાખેલું. ગામેગામથી રોગીઓ અને સત્સંગીઓની મંડળીઓ આવવા લાગી. સ્વાગત અને મહેમાનગતિનો ખર્ચ વધતો રહ્યો,જીવનનિર્વાહમાં પણ મુશ્કેલી વધી, પોતાનું અતિ જીર્ણ થયેલ મકાન પોતાના પરિવાર સાથે પોતાના હાથે માટીની કાચી ઈંટો પાડીને ચણતર કર્યું.

પાંચ સંતાનો થયેલાં. ચાર દીકરા- શંકર, ધનજી, નારણ અને ડાહ્યાલાલ તથા એક દીકરી હીરાબહેન. પત્ની ગલબીબાએ મુશ્કેલ સમયમાં પણ આતિથ્યધર્મ જાળવી રાખેલો. વિક્રમ સંવત ૨૦૦૬ના પોષ સુદ ૧૧ના દિવસે કાળુરામ મહારાજે વિદાય લીધી.

*સાન કુંચી સતગુરુએ આપી, ઉઘડ્યાં મારે ત્રિગુણ તાળાં,*
*પિંડ બ્રહ્માંડ પર પરગટ દેખ્યા, અખંડ નામનાં ઉજિયાળાં..*
*અકળ કળા જેની ગતિ વિહંગમ, ભેળા રહે સૌથી ન્યારા,*
*કાળ કલપના કશુ નહીં પહોંચે, દેહી બાહર છે દીદારા..*
*-સાન કુંચી સતગુરુએ આપી...૦*
*પંડિત કાજીકું તો ગમ નાહીં,અગમ પંથ હે નિરધારા,*
*બીના ભૂમિ કા દેશની વાતું, કોઈ વીરલા હે જાનનહારા..*
*નહીં મેં હિન્દુ નહીં મુસલમાન, નાત જાત નહીં વહેવારા,*
*આદ્ય અંત મધ્ય એક હી જોગી, નહીં વૃદ્ધ નહીં હે બાલા..*
*-સાન કુંચી સતગુરુએ આપી...૦*
*માતા પિતા નહીં હમારે, નહીં જનમ મરણ હારા,*
*આવે નહીં ઉત્પત્તિ પ્રલયમાં, આપ અકેલા રહે ન્યારા..*
*કામ ક્રોધ મોહ પકડ હરા કર, જીત લિયા બ્રહ્મ ગઢ સારા,*
*કાળીદાસ સતગુરુના ચરણે, જ્ઞાન અડગ હે ચોધારા...*
*-સાન કુંચી સતગુરુએ આપી...૦*

કાળુરામ મહારાજે કૂલ ૨૬૪ જેટલી પદ્ય રચનાઓનું સર્જન કરેલું છે. જેમાં ૧૩૮ વિવિધ છંદો- મનહર, છપ્પા,કુંડળિયા,મોતીદામ,શલોકા, ૩૭ જેટલી સાખીઓ.પદો-લાવણી,હેલી, આરતી,પ્રભાતી, ભજન, ધોળ-૪૭, વાર, પંદર તિથિ-૨ ,પદ-૧૧,બારમાસી-૧,ચાબખા-૧૧ , ૮૩ જેટલી પદ રચનાઓ તથા પદ્યમાં ૬ પત્રો,(મોહનરામ ઉપર, જેઠીરામ ઉપર, પુરૂષોત્તમ મહારાજ ઉપર, મોહનલાલ ઉપર,ભક્ત હંસ નિર્વાણ ઉપર, ચતુરદાસ ઉપર), ચેતવણી , જ્ઞાન ચેતવણી ૧,૨. જેવી કૃતિઓ પ્રકાશિત થયેલી છે.

કાળુરામના ગુરુ હતા રણછોડરામના શિષ્ય પુરૂષોત્તમ મહારાજ. જેમનો જન્મ માલાસણા ગામે વિ. સં.૧૯૦૨ માગશર સુદ ૯ ગુરુવારના દિવસે થયેલો અને માલાસણા ગામે જ વિ. સં. ૨૦૧૩ પોષ વદ ૯ ગુરુવાર તા. ૨૩/૧/૧૯૫૭ના રોજ નિર્વાણ પામ્યા. એમની પદ રચનાઓ - ‘ગુરુ મને ગલોલી મારી..’, ‘પ્રથમસદ્‌ગુરુને પાય લાગું..’, ‘કોણે મોરલી વગાડી ?..’ , ‘સખી પડવે પૂરણ પ્રેમ.’ નિરાંત સંપ્રદાયના ભજનિકોમાં ગવાય છે.

મગનરામના શિષ્ય અને પડધરી જિ.રાજકોટના વતની વાલજીરામ ઉગારામ ડાંગર દ્વારા ઈ.સ.૧૯૬૦માં નિરાંત સંપ્રદાયના કવિઓ વિશેનું પુસ્તક ‘જીવન મુક્ત પ્રકાશ’ પ્રકાશિત થયું છે જેના લેખક છે -મગનરામ દોલારામ-ઝલોતરા ગામના, પછી અંબાજી ખાતે વસવાટ કરેલો) આ પુસ્તકમાં અઢારેક જેટલા નિરાંત સંપ્રદાયના ભક્તોની પદ્ય રચનાઓનું સંકલન કરવામાં આવ્યું છે. ■

જીવનનું અમૃત

ભાણદેવ
bhandev@bombaysamachar.com

## “અલૌકિક દર્શન”

# રામે સીતાનો ત્યાગ કર્યો નથી!



**નારીજીવનની** સૌથી મોટી વિટંબણા કઈ? નારીજીવનની સૌથી મોટી વેદના કઈ? નારીજીવનનો સૌથી મોટો પરિતાપ કયો?

ચારિત્ર્ય પર ખોટો આક્ષેપ!

પવિત્રતા જ દેહ ધારણ કરીને આવી હોય તેવાં ભગવતી સીતા પર આવો સર્વથા અસત્ય આક્ષેપ!

ભગવતી સીતાને દુ:ખ થાય છે, સંતાપ અનુભવાય છે. તેમના માટે હવે અયોધ્યાના રાજમહેલમાં જીવવું અકારું-અકારું થઈ પડ્યું છે. સીતાજીની આ વેદના કોણ સમજે? ભગવાન શ્રીરામ જ સમજે અને તેમના વિના બીજા કોઈ ન સમજી શકે - ન અનુભવી શકે!

ભગવાન શ્રીરામે જોયું કે ભગવતી સીતાજી માટે હવે રાજમહેલમાં જીવવું સુખકારક નથી, દુ:ખદાયી છે!

કોઈક કારણસર, સ્વેચ્છાએ કે આધ્યાત્મિક જીવન જીવવા માટે રાજપરિવારના સભ્યો અરણ્યમાં જાય અને આશ્રમજીવનનો સ્વીકાર કરે તેવી પ્રાચીન ભારતની પરંપરા રહી છે.

ભગવતી સીતા આ અકારણ અને અનિચ્છનીય માનસિક સંતાપમાંથી મુક્ત થાય તેવી શુભ ભાવનાથી શ્રીરામ ઈચ્છે છે કે હવે ભગવતી સીતાજી આ રાજમહેલમાં વસવાને બદલે ભલે વાલ્મીકિજીના આશ્રમમાં વસે અને ત્યાં રહે. ભગવાન શ્રીરામે પોતે જ સીતાજી પ્રત્યેના પ્રેમ અને સદ્‌ભાવથી પ્રેરાઈને તેમને વાલ્મીકિજીના આશ્રમમાં રહેવાનું સૂચવ્યું અને પોતે જ ત્યાં રહેવાની વ્યવસ્થા ગોઠવી આપી.

આ સીતાજીનો ત્યાગ નથી. આ તો રાજમહેલના વાતાવરણને કારણે નિવાસ-પરિવર્તનની સુખદ ઘટના છે, સદ્‌ભાવયુક્ત નિવાસ-પરિવર્તનની ઘટના બની છે તેમ સમજવું જોઈએ.

ભગવાન શ્રીરામે ભગવતી સીતાજી પ્રત્યે સ્નેહ અને સદ્‌ભાવથી પ્રેરાઈ સીતાજી માટે આ વ્યવસ્થા કરી છે, આ પરિવર્તન કર્યું છે. આ ઘટના સીતા-ત્યાગની ઘટના નથી જ નથી!

ભગવાન શ્રીરામ સીતા પ્રત્યે કેવો ભાવ ધારણ કરે છે?

૧. સીતાજીના હરણ વખતે ભગવાન શ્રીરામ અપરંપાર રુદન કરે છે અને ઉન્મત્તની જેમ પ્રલાપ કરે છે.

ભગવાન શ્રીરામનો સીતા પ્રત્યેનો પ્રેમ અત્યંત ગહન, ઉદાત્ત અને અલૌકિક છે, તો કોઈકના અસત્ય વિધાનથી ભગવાન શ્રીરામ સીતાજીનો ત્યાગ શા માટે કરે?

૨. ભગવાન શ્રીરામ સાદ્યંત અને પૂર્ણત: ન્યાયપ્રિય રાજવી છે. તેઓ સીતાજીનો ત્યાગ કરે એ તો સીતાજીને ઘોર અન્યાય છે. આવો અન્યાય ભગવાન શ્રીરામ કદી ન કરે - ન જ કરે!

૩. ભગવાન શ્રીરામ કોમળ હૃદયના અને કરુણાર્દ્ર છે. સીતાજીનો ત્યાગ કરવા જેવું અતિ કઠોર પગલું ભગવાન શ્રીરામ કદી ન ભરે!

૪. સીતાજી માટે ભગવાન શ્રીરામે કેટલો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે! સીતાજીની શોધ, સેતુબંધનું નિર્માણકાર્ય, રામ-રાવણ-યુદ્ધ આદિ ભારે મોટા પુરુષાર્થ સીતાજીને પુન: પ્રાપ્ત કરવા માટે ભગવાન શ્રીરામે પ્રાપ્ત કર્યા છે, તે જ સીતાજીનો ત્યાગ ભગવાન શ્રીરામ શા માટે કરે? આવું અન્યાયપૂર્ણ, કઠોર અને સ્વભાવ-વિપરીત પગલું ભગવાન શ્રીરામ કદી ભરી શકે નહીં.

હવે એક પ્રશ્નનો ઉત્તર આપવાનું બાકી રહે છે.

ભગવતી સીતાજી વાલ્મીકિના આશ્રમમાં રહે છે. મહાકવિ વાલ્મીકિજી ‘રામાયણ’ના માત્ર રચયિતા જ નથી, પરંતુ ‘રામાયણ’નું એક પાત્ર પણ છે. તેઓ સત્ય હકીકત જાણતા જ હોય, જો આમ હોય તો વાલ્મીકિજીએ સીતાત્યાગની ઘટનાનું કથન ‘રામાયણ’માં શા માટે કર્યું છે?

‘વાલ્મીકિય રામાયણ’ ઈતિહાસગ્રંથ નથી અને સીતા-રામનું જીવનચરિત્ર પણ નથી. ‘રામાયણ’ આધ્યાત્મિક મહાકાવ્ય છે અને આધ્યાત્મિક સત્યોની કથાના માધ્યમથી અભિવ્યક્તિ માટે મહાકવિએ મૂળ કથામાં આવશ્યક પરિવર્તનો કર્યાં છે. આવું જ પરિવર્તન નહીં સીતાત્યાગની ઘટનામાં પણ થયું છે.

સીતાત્યાગની ઘટના સમજવી ઘણી કઠિન છે. જેમના સ્પર્શથી પવિત્રતા વધુ પવિત્ર બને તેવી સીતાનો ત્યાગ! જેમણે અગ્નિપરીક્ષા દ્વારા પોતાની પરમ પવિત્રતા સિદ્ધ કરી છે તેવાં સીતાનો ત્યાગ! જેમની પ્રાપ્તિ માટે ભગવાન શ્રીરામે રાવણ જેવા મહાસમર્થ અસુર સાથે યુદ્ધ કર્યું છે, જેમના વિયોગમાં ભગવાન શ્રીરામ ચોધાર આંસુએ રડ્યા છે, જેમણે રામ માટે વનવાસમાં કષ્ટો વેઠ્યાં છે અને લંકામાં અપરંપાર કષ્ટો વેઠ્યાં છે તે સીતાનો ત્યાગ! અને તે પણ કલંકના આરોપ માટે! અને એક ધોબીના કહેવાથી! શ્રીરામ આમ કદી કરે? પરમ વિવેકવાન પુરુષ ભગવાન શ્રીરામ સીતાજીનો ત્યાગ કરે? આવું અન્યાયયુક્ત અને અવિવેકી કાર્ય તેઓ કરી શકે?

રામભક્તોનાં મનમાં પણ આ ઘટના વિશે અસમાધાન રહ્યા કરે છે. સમાજશાસ્ત્રીઓ અને પંડિતોએ આ ઘટનાની યોગ્યતા-અયોગ્યતા વિશે અપરંપાર ચર્ચા-વિચારણા કરી છે. સદીઓથી આ ઘટનાની યોગ્યતા-અયોગ્યતા વિશે વિવાદ-સંવાદ-પરિસંવાદ ચાલ્યા જ કરે છે.

આ ઘટનાને એક સ્થૂળ બહિરંગ ઐતિહાસિક ઘટના તરીકે જ લઈએ, તો તેનો અર્થ કદી સમજી શકાય તેમ નથી. એક બાહ્ય ઘટના તરીકે આ પ્રસંગની સમસ્યાનું નિરાકરણ મળી શકે તેમ જ નથી. તેથી આપણે આ ઘટનાના સૂક્ષ્મ અર્થ તરફ, સાંકેતિક અર્થ તરફ ધ્યાન આપવું જોઈએ.

પારમાર્થિક દૃષ્ટિથી રામ અને સીતા પરમેશ્વર અને પરમેશ્વરી છે. બંને એકમેવ અદ્વિતીય પરમ તત્ત્વનાં જ પાસાં છે. તે ભૂમિકાએ સીતાનો ત્યાગ નથી. તે ભૂમિકાએ તો શાશ્વત મિલન છે - પરમ મિલન છે.

પરંતુ જ્યારે આ પરમ ચેતના - પરમાત્મા માનવસ્વરૂપે અવતાર ધારણ કરે છે, ત્યારે દ્વૈતની ભૂમિકાનો પ્રારંભ થાય છે. આ દ્વૈતની ભૂમિકા પર આ પૃથ્વીલોકની લીલામાં પરમાત્મા આતમરૂપે આવે છે અને તેમની અભિન્ન શક્તિ પ્રકૃતિરૂપે આવે છે. દ્વૈતની ભૂમિકા પર પુરુષ અને પ્રકૃતિ બે ભિન્ન તત્ત્વો છે.

પુરુષ અને પ્રકૃતિનાં સ્થાન, ગતિ, નિયતિ અને સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે. પુરુષ-પ્રકૃતિના સંબંધમાં તો આખરે પુરુષને પ્રકૃતિનો ત્યાગ કરવો જ પડે છે. પુરુષ સ્વરૂપત: એકાકી છે. પુરુષને પ્રકૃતિનો સંગાથ કાયમી નથી. આખરે પ્રકૃતિનો ત્યાગ કરવો તે પુરુષની નિયતિ છે. બંનેના પંથ જુદા છે. પ્રકૃતિરૂપી સીતા ધરતીની પુત્રી છે અને તે ધરતીમાં જ સમાઈ જાય છે. એ જ તેની નિયતિ છે.

પુરુષ સાથે પ્રકૃતિનું સાંનિધ્ય પુરુષ અર્થાત્ આતમરામના પરમ પદ પર આરોહણ અર્થાત્ રાજ્યાભિષેક સુધી જ છે, તેજી રાજ્યાભિષેક પછી સીતાનો ત્યાગ એક સ્વાભાવિક આધ્યાત્મિક ઘટના છે.

અયોધ્યાના રાજા શ્રીરામે અયોધ્યાનાં મહારાણીનો એક ધોબીના કહેવાથી ત્યાગ કર્યો - આ એક સ્થૂળ, ઐતિહાસિક ઘટના છે. પરમ પદ પર આરોહણ કર્યા પછી આતમરામે પ્રકૃતિનો ત્યાગ કર્યો, તે આ ઘટનાનો સૂક્ષ્મ, સાંકેતિક, આધ્યાત્મિક અર્થ છે. ‘રામાયણ’ વિશુદ્ધ ઈતિહાસ નથી કે માત્ર વાર્તા પણ નથી, પરંતુ આધ્યાત્મિક મહાકાવ્ય છે. તદ્‌નુસાર સૂક્ષ્મ, સાંકેતિક, આધ્યાત્મિક અર્થને જ પ્રાધાન્ય આપવું જોઈએ.

સીતાત્યાગની ઘટનાને આ દૃષ્ટિથી જોઈએ તો કોઈ સમસ્યા નથી, કોઈ વિવાદ નથી.

આમ રામે સીતાનો ત્યાગ કર્યો, તે એક આધ્યાત્મિક ઘટના છે. ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરીએ તો રામે સીતાનો ત્યાગ કર્યો જ નથી. હા ભગવાન શ્રીરામે ભગવતી સીતા માટે વાલ્મીકિજીના આશ્રમમાં શાંતિથી રહેવાની વ્યવસ્થા ગોઠવી, તે હકીકત સાચી છે અને તે ઐતિહાસિક ઘટના છે.

તમે મને પૂછશો કે તમે શાને આધારે આ પ્રમાણે કહો છો? આધાર તો હોય છે અને છે જ! પરંતુ બધા આધાર બધા સમયે પ્રગટ કરી શકાય તેમ નથી. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નારીની મહત્તાનો મહિમા ગાતા દુહા



ભલે કોઈએ શામળને નારી નીંદક કહીને ‘નારી નરકની ખાણ’ એવા દુહાનાં એક ચરણને કારણે વગોવ્યો. પણ એ જ શામળે શુરવીર-પ્રતાપી નારીપાત્રો રચીને નારીનો મહિમા પણ ખૂબ કર્યો. બીજા દોહરા પણ ખૂબ રચ્યા. ગુજરાતી દુહા પરંપરામાં નારીની વગોવણી કરતા એની ઉત્કૃષ્ટતા અને મહત્તાના ઘણાં દુહા મળે છે. એને વખોડવાને બદલે વખાણ કરીને એનો મહિમા અનેક દુહામાં કર્યો છે. નારી તરફનો સમાદર, નારી તરફનો અનુરાગ અને નારી પરત્વેનો અહોભાવ કથતા થોડાં દુહા એકત્ર કર્યા છે તે આસ્વાદીએ.

**‘જોબન મદમાતી બહુ, હાલે ઢળકતી ઢેલ;**
**ભાર આરે જળ ભરે, ત્રાંબા પિત્તળ હેલ.’**

યુવાનીથી મદભરી દેહયષ્ટિ શોભતી હોય, જાણે ઢેલ ઢળકતી-લચકાતી ચાલે ચાલતી હોય એમ ડગલાં ભરતી હોય. ભારે મોટા જળપાત્રોને મસ્તક ઉપર ધારણ કરીને પનિહારી રૂપે જળાશયેથી ત્રાંબા-પિત્તળની હેલમાં જળ ભરીને માનુની આવતી હોય એ મનહર શ્યને દુહામાં ચિત્રિત કર્યું હોઈ નારીની શક્તિ, રૂપ અને તૃષાતુર માટે તરસ છીપાવનારી વ્યકિમત્તાને અહીં દુહાગીરે દુહામાં વણી લીધી છે. પનિહારીના રૂપનું અને એની મહત્તાનું ચિત્ર કથતો બીજો એક દુહો આસ્વાદીએ.

***‘કાઠિયાવાડની કામિની, હલકતી માથે હેલ;***
***ભરી બજારે નીકળે, ઢળકતી જાણે ઢેલ.’***

હેલ એટલે ત્રાંબા અને પિત્તળની ધાતુ જે ભારે નક્કર અને વજનદાર હોય એ હાંડો અને ગાગર એમ બે જળપાત્રોમાં પાણી ભરીને કાઠિયાવાડ વિસ્તારની માનુની-સન્નારી- કામિની મલકાતી ચાલે બજાર વચ્ચેથી નીકળે એટલે એની ઢળકતી-લચકાતી-મલકાતી ઢેલ જેવી ચાલને બધા જોઈ રહે. દુહામાં નારીની શક્તિમત્તા, ગર્વિતા અને પોષણ કરવાની ક્ષમતાનું દર્શન પામી શકાય છે. નારીનો મહિમા ગાતો બીજો એક દુહો પણ અવલોકીએ.

**‘ભલા સાજણ ભલી મળો, કરે હૃદાની વાત;**
**મનની આલે મૂડિયું, ભૂલયાં ચડાવે વાટ.’**

ગુણવાન ભલો-સજજન પુરુષ, એને ભલી અર્થાત્ ગુણવાન-રૂપવાન સન્નારી મળી અને હૃદયથી બન્ને મળ્યા. વાતો કરીને મનની મૂડી. અમૂલ્ય હીતકારી વચન કહ્યા. એકત્વ પામ્યા પછી નારીનું આવું વ્યક્તિત્વ રસ્તો ભૂલ્યાને-કૂમાર્ગે ચડેલાને-સદ્‌માર્ગે. ઉચિત પંથે વાળે. નારીની આ વાતને અહીં ભારે આકર્ષક રીતે વણીને એના વ્યક્તિત્વની છટાને દુહાગીરે દુહામાં આલેખી-વર્ણવી છે.

**‘નિર્મળ મૂરત પિયૂંકી, યું ઘટ રહી સમાય;**
**જયોં મેંદી કે પાત મેં, લાલી નજર ન આય.’**

નિર્મળ, ગુણવાન સન્નારીના ચિત્તમાં આવા બધા ગુણો સમાવિષ્ટ હોય છે. એ પિયુને બાહ્ય રૂપે દેખાતા નથી જેમ મેંદીની અંદર લાલી છુપાયેલી હોય છે એમ સદાચારી સન્નારી આવી ગુણસંપદાને એમના શરીરમાં જાળવીને જીવતી હોય છે, અને એ વ્યવહાર, વાણી તથા વર્તનથી ગુણોને પ્રગટાવતી-પ્રસરાવતી રહેતી હોય છે.

નારીના શીલવાન-ગુણવાન વ્યક્તિત્વ માટે મેંદીની ઉપમા પણ સમુચિત રીતે નિયોજીને નારીનો ખરો મહિમા અને નારીની ખરી મહત્તા દુહામાં અસરકારક રીતે આલેખી છે.

ખરી હકીક્ત તો એ છે કે નારીનો મહિમા અને નારીની મહત્તાને દુહામાં વણી લઈને આખરે તો દુહાગીરે રચેલા આ દુહાઓ નારીએ કેવા થવાનું, કેવું વ્યક્તિત્વ ઘડવાનું છે એની પાઠશાળા રૂપ આવા દુહાઓ નારીનું ઘડતર કરનાર ઘટક છે.

આપણી લોકસંસ્કૃતિમાં આવી રીતે અનૌપચારિક શિક્ષણ મળી રહે એવી સહજ વ્યવસ્થા હતી. એ વ્યવસ્થાનું દસ્તાવેજી દૃષ્ટાંત આવા દુહાઓ છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# બ્રહ્મવિદ્યાનો કોલ



ગત અંકમાં અક્ષરબ્રહ્મના મહિમાની વાત સમજ્યા. હવે તે જ શ્લોકમાં વર્ણિત બ્રહ્મવિદ્યાને જાણવા પ્રયત્ન કરીશું.

ભગવાન કૃષ્ણ કહે છે-યદ્ જ્ઞાત્વા અમૃતમ્ અશ્નુતે અર્થાત્ આ જ્ઞાન કે વિદ્યા અમરત્વ પમાડે છે. અમરત્વ એટલે કે મોક્ષ! ઉપનિષદ આ મોક્ષની વિદ્યાને જ બ્રહ્મવિદ્યા કહે છે. ઈશાવાસ્યોપનિષદ જણાવે છે-વિદ્યયાદ્રમૃતમશ્નુતે તો કેનોપનિષદ ઉદ્‌ઘોષ કરે છે વિદ્યયાવિન્દતે મૃતમ્.

આ શાસ્ત્રવચનો વિદ્યા ને મોક્ષના પરમ ઉપાય તરીકે વર્ણવે છે. તે કઈ વિદ્યા? તે છે બ્રહ્મવિદ્યા! આ બ્રહ્મવિદ્યા શું છે? તો મુંડકોપનિષદ કહે છે - ‘જેનાથી અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન થાય તે બ્રહ્મવિદ્યા છે.’ આ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી અન્ય કોઈ જ્ઞાનની અપેક્ષા રહેતી નથી.

આ પૃથ્વી ઉપર માણસ પાસે ગમે તેટલી સમૃદ્ધિ અને ગમે તેટલું લૌકિક જ્ઞાન હશે પણ છતાં એક સમય એવો આવે છે જ્યારે તેને કાંઈક ખુટતું હોય તેવું અનુભવાય છે. છાંદોગ્ય ઉપનિષદમાં નારદજીનું આખ્યાન આવે છે. નારદજીએ ઘણું બધું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પણ ભગવાનના સાક્ષાત્કારવાળું બ્રહ્મવિદ્યાનું જ્ઞાન ખૂટતું હતું. તેથી તેમને અસહજતા રહ્યા કરતી. તેઓ જ્ઞાની હોવા છતાં અવસાદ હતો. તે શાંતિ માટે સનતકુમાર પાસે જઈને કહે છે કે મને શાંતિ થાય એવું જ્ઞાન આપો. સનત્સુજાતે કહ્યું - પહેલાં તો તમે જે જાણતા હો તે મને જણાવો પછી તેનાથી ઉપરનું જ્ઞાન હું તમને આપીશ. દેવર્ષિ નારદજી જે ભણ્યા હતા તેનું મોટું લિસ્ટ આપતાં કહે છે - હું ચાર વેદ, ઈતિહાસ, પુરાણો, ગણિતશાસ્ત્ર, દૈવીકોપનું જ્ઞાન, તર્કશાસ્ત્ર, પંચરાત્ર, દેવતાઓની વિદ્યા, નીતિશાસ્ત્ર, વશીકરણ વિદ્યા, આર્યુવેદ, નક્ષત્રવિદ્યા, જ્યોતિષ વિદ્યા, વિગેરે ઘણી વિદ્યાઓની નામાવલી કહી જેમાં વિશ્વની બધી જ વિદ્યાઓ આવી જાય છે. એવું કહી શકાય કે દુનિયાની જેટલી વિદ્યાઓની શાખા છે, તે બધામાં તેઓ Ph.D. હતા. સનત્સુજાતે કહ્યું, ભલે આ બધી વિદ્યા તમે ભણેલા હો, પણ જ્યાં સુધી બ્રહ્મવિદ્યા નહિ ભણો ત્યાં સુધી તમારો શોક દૂર નહીં થાય. અને પછી નારદજી બ્રહ્મવિદ્યા ભણ્યા છે.

આ બ્રહ્મવિદ્યામાં મૃત્યુનો ભય ટાળવાની શક્તિ છે. શમિક ઋષિના અપમાનના કારણે શૃંગી રાજા પરીક્ષિતને શાપ આપે છે કે સાતમાં દિવસે તને તક્ષક નાગ કરડશે અને તારું મૃત્યુ થશે. પરીક્ષિત શુકદેવજીનું શરણું ગ્રહણ કરે છે અને શુકદેવજી તેને બ્રહ્મવિદ્યા નિરૂપીને મૃત્યુથી નિર્ભય કરે છે.

આ બ્રહ્મવિદ્યા મૃત્યુન્જયી છે. ઉદ્દાલક ઋષિ ક્રોધિત થઈને તેના પુત્ર નચિકેતાને યમરાજાને દાનમાં આપી દે છે. નચિકેતા યમસદન પહોંચે છે. ત્યાં યમરાજાની ૩ દિવસ પ્રતીક્ષા કરે છે. જ્યારે યમરાજા પધારે છે ત્યારે તે આ બાળકની મુમુક્ષુતા જોઈ પ્રસન્ન થાય છે અને ૩ વરદાન માંગવાનું કહે છે. નચિકેતા પહેલા વરદાનમાં તેના પિતાની પ્રસન્નતા, બીજા વરદાનમાં અગ્નિવિદ્યા માંગે છે અને જ્યારે ત્રીજા વરદાનમાં મૃત્યુન્જયી વિદ્યા માગે છે ત્યારે ધર્મરાજા તેની લોલુપતાભરી કસણી કરે

(જુઓ પાનું ૬) ▶▶

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાન**
૩૮ વર્ષોના અનુભવી - દવાથી સિવરાવવા ૯૮૬૯૪૧૬૪૮૧. ઘાટકોપર - અંધેરી - દાદર - વાલકેશ્વર - ચૌપાટી - સેન્ડહર્સ્ટ રોડ. (બી-૧૩૮૪૩)

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૩૭૯૦)

### ૧૪. નોકરી ખાલી છે

**WANTED**
**MEDICAL SUPERINTENDENT (M.B.B.S. or M.D.)**
for Sheth K. C. Parikh General Hospital, J.V.P.D. Scheme, Vile Parle (W), (80 bedded Multi-Specialty Hospital expanding to 120 Beds). Minimum 5 years experience as Medical Superintendent or Medical Director.
Please apply immediately on
Email: **hr@arogyanidhihospital.com**
Website: **www.arogyanidhi.com**
(B-13955)

### ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
2 બેડરૂમ 675 કાર્પેટ એરિયા નીગોશીએબલ તારદેવ સર્કલ ચંદ્રકાંત 9322290459. (૧૭૦)

**SOUTH MUMBAI**
1, 2, 3,4 BHK Flats Sale, Purchase, Rent, Under-construction, Ready, Bargain Dayal Estate 9892710071 / 9619048555. (B-13949)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**BANK માટે 2500' ફૂટ**
**સાયન, વડાલા (વેસ્ટ), અંધેરી- લોખંડવાલા, લોઅર પરેલ-કમલા મીલ પાસે, ગ્રાઉન્ડ ફ્લોર જોઈએ છે. 8879181869. (૧૪૨૬૬-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

GOLDEN OPPORTUNITY. Require Joint Developers, Corporates. Big Plot. Malad (West), Mumbai. Ideal + Profitable for Many Projects. Rich Surroundings. 9320166788. (B-13876)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શુભલક્ષ્મી જ્યોતિષ***
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન, ગૃહકલેશ, સૌતનત્રાશ, સંતાન, વિવાહ, પ્યારમાં ધોકા, લવ પ્રોબ્લમ સ્પેશિયાલિસ્ટ. 9324622253 (મુંબઈ). (બી-૧૩૯૧૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ધોનીના ધુરંધરો પર સૌની નજર

## બાવીસમી માર્ચે આઈપીએલના પહેલા જ જંગમાં માહી અને કોહલી વચ્ચે જોરદાર ટક્કર






ધોનીની કુનેહભરી કૅપ્ટન્સીથી સીએસકેની ટીમ પાંચ ટાઇટલ જીતી છે. જોકે કોહલીની હાજરીમાં આરસીબીની ટીમ ૧૬ વર્ષમાં એકેય ટાઇટલ નથી જીતી શકી.

ચેન્નઈ: ૨૦૨૩માં પાંચમું ટાઇટલ જીતીને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની બરાબરીમાં આવી જનાર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમને કિવી ઓપનર ડેવૉન કૉન્વેની મે મહિના સુધીની બાદબાકીથી ધક્કો લાગ્યો છે, પરંતુ આ ટીમ હવે તેના અંગૂઠાની ઈજાને બાજુ પર રાખીને ન્યૂ ઝીલૅન્ડના જ બીજા ઘણા ખેલાડીઓ પર મદાર રાખી રહી છે.

બાવીસમી માર્ચે આઇપીએલ-૨૦૨૪નો આરંભ થશે.

યાદ છેને, ગયા વર્ષની સીઝનમાં મહેન્દ્રસિંહ ધોનીના સુકાનમાં સીએસકેની ટીમ અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે વરસાદ અને બૅડ લાઇટના વિઘ્નો બાદ ફાઇનલના 'ત્રીજા દિવસે' પાંચમું આઇપીએલ ટાઇટલ જીતી હતી. ખરા અર્થમાં કહીએ તો સીએસકેના લેજન્ડ બની ગયેલા રવીન્દ્ર જાડેજાએ સિક્સર અને ફોર ફટકારીને ધોનીને વિજયી ભેટ આપી હતી.

જીટીએ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૧૪ રન બનાવ્યા હતા. સીએસકેએ ૧૫ ઓવરમાં ૧૭૧ રન બનાવવાનો નવો ટાર્ગેટ મળ્યા બાદ ડેવૉન કૉન્વેના ૪૭ રન તેમ જ શિવમ દુબેના અણનમ ૩૨ રન, અજિંક્ય રહાણેના ૨૭ રન, ઓપનર ઋતુરાજ ગાયકવાડના ૨૬ રન, છેલ્લી મૅચ રમેલા અંબાતી રાયુડુના ૧૯ રન અને જાડેજાના અણનમ ૧૫ રનની મદદથી નિર્ધારિત ૧૫ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૧ રન બનાવીને યાદગાર વિજય મેળવ્યો હતો. ધોની પોતાના પહેલા જ બૉલે આઉટ થયા બાદ ત્રણ ઓવર પછી જાડેજાએ છેલ્લા બૉલે સીએસકેને જીત અપાવી હતી. કૉન્વે ફાઇનલનો અને શુભમન ગિલ ટૂર્નામેન્ટનો સર્વશ્રેષ્ઠ પ્લેયર ઘોષિત થયો હતો.

ટૂંકમાં, દિલધડક છેલ્લી પળોમાં 'બાપુ'ની ફટકાબાજી સાથે ગુજરાતના અમદાવાદમાં ચેન્નઈએ રાજ કર્યું હતું. ધોનીએ એ જ આઇપીએલના અંતે ક્રિકેટના મેદાનને ગુડબાય કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ અસંખ્ય ચાહકોની સીધી અને આડકતરી લાગણીભરી ડિમાન્ડને ધ્યાનમાં રાખીને જાહેર કર્યું હતું કે તે ૨૦૨૪ની આઇપીએલ પણ રમશે.

સીએસકેએ બેન સ્ટૉક્સ તથા ડ્વેઇન પ્રીટોરિયસને રિલીઝ કર્યા બાદ ઑલરાઉન્ડરો ન્યૂ ઝીલૅન્ડના જ રાચિન રવીન્દ્રને સાઇન કર્યા છે. કૉન્વે ઈજાગ્રસ્ત હોવાથી તેના સ્થાને ઓપનિંગમાં આપોઆપ રાચિન ફિટ થઈ જશે. ઋતુરાજ ગાયકવાડ તાજેતરમાં જ ઈજામુક્ત થયો છે. રાચિનના લેફ્ટ-આર્મ ફિંગરસ્પિન પણ ધોનીની ટીમને ખૂબ કામ લાગશે. અજિંક્ય રહાણે મુંબઈને રણજી ટ્રૉફીનું ૪૨મું ટાઇટલ અપાવીને ચેન્નઈ આવ્યો છે અને પહેલી જ મૅચથી જોશ અને જુસ્સાથી રમશે.

ઉત્તર પ્રદેશના મેરઠનો ૨૦ વર્ષનો સમીર રિઝવી સ્પિન બોલિંગ સામે રમવામાં માહિર ગણાય છે. તેને સીએસકેના માલિકોએ ૮.૪૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. તે યુપી ટી-૨૦માં અને સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીમાં ચમક્યો હતો.

સ્પિન-અટૅકમાં ખાસ કરીને રવીન્દ્ર, જાડેજા, રાચિન ઉપરાંત મોઇન, થીકશાના, સૅન્ટનર, નિશાંત સિંધુ, અજય મૉંડલ તથા પ્રશાંત સોલંકીનો સમાવેશ છે.

સીએસકેની ટીમ બૅક-ટૂ-બૅક મૅચ ચેન્નઈમાં રમીને ટૂર્નામેન્ટમાં પોતાનો આરંભ કરશે. એની પહેલી મૅચ (ટૂર્નામેન્ટની પ્રથમ મૅચ) બૅન્ગલોર સામે રમાશે જેમાં ધોની વિરુદ્ધ કોહલી વચ્ચે હરીફાઈ જોવા મળશે. આરસીબીનો કૅપ્ટન ફૅફ ડુ પ્લેસી છે, પણ ભૂતપૂર્વ સુકાની વિરાટ તેના ગુરુ માહીની ટીમને નબળી સાબિત કરવા કોઈ કસર નહીં છોડે.

### ૨૦૦૭ની જેમ ૨૦૨૪માં ધોની લૉન્ગ હેરમાં



માહીના સુકાનમાં ૨૦૦૭માં ભારત ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું. આ કદાચ તેની છેલ્લી આઇપીએલ છે અને તે ફરી લૉન્ગ હેરમાં જોવા મળી રહ્યો છે.

### ચેન્નઈની ટીમ

એમએસ ધોની (કૅપ્ટન), અરાવેલી અવાનિશ (વિકેટકીપર), ઋતુરાજ ગાયકવાડ, અજિંક્ય રહાણે, ડેવૉન કૉન્વે (ઈજાને લીધે મે મહિના સુધી નહીં રમે) રવીન્દ્ર જાડેજા, રાચિન રવીન્દ્ર, શિવમ દુબે, મોઇન અલી, રાજ્યવર્ધન હંગારગેકર, અજય મૉંડલ, ડેરિલ મિચલ, શેખ રાશિદ, સમીર રિઝવી, મિચલ સૅન્ટનર, નિશાંત સિંધુ, દીપક ચાહર, તુષાર દેશપાંડે, મુકેશ ચૌધરી, મુસ્તફિઝુર રહમાન, મથીશા પથિરાના, સિમરજીત સિંહ, શાર્દુલ ઠાકુર, પ્રશાંત સોલંકી અને માહીશ થીકશાના. ■

# મહિલાઓની આરસીબી ટીમ ચૅમ્પિયન

## બૅન્ગલોરે દિલધડક ફાઇનલમાં સ્પિનર્સના તરખાટથી દિલ્હીની ટીમને પછાડી




નવી દિલ્હી: રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)ની ટીમ અહીં વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની મુંબઈ ઇન્ડિયન્સ પછીની બીજી ચૅમ્પિયન ટીમ બની હતી. એણે રસાકસીભરી લો-સ્કોરિંગ ફાઇનલમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ને ત્રણ બૉલ બાકી રાખીને આઠ વિકેટથી હરાવીને પહેલી વાર તાજ જીતી લીધો હતો. જે કામ ૧૬ વર્ષમાં આરસીબીના પુરુષો આઇપીએલમાં નથી કરી શક્યા એ કામ મહિલા ટીમે બીજા જ વર્ષે કરી દેખાડ્યું છે. દિલ્હીએ આપેલો ફક્ત ૧૧૪ રનનો લક્ષ્યાંક બૅન્ગલોરે (૧૯.૩ ઓવરમાં ૧૧૫/૨) મેળવી લીધો હતો. સાતમી ઓવર દિલ્હીની સ્પિનર રાધા યાદવે કરી હતી જેમાં સૉફી ડિવાઇને (૩૨ રન) ત્રણ ફોર, એક સિક્સરની મદદથી ૧૮ રન ફટકાર્યા હતા. કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ ૩૧ રન, એલીસ પેરીએ અણનમ ૩૫ રન અને રિચા ઘોષે અણનમ ૧૭ રન બનાવ્યા હતા.

અરુણ જેટલી સ્ટેડિયમમાં ૩૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં બૅન્ગલોરની ઑફ-સ્પિનર શ્રેયંકા પાટીલ (૩.૩-૦-૧૨-૪), ઑસ્ટ્રેલિયાની લેફ્ટ-આર્મ સ્પિનર સૉફી મૉલીન્યૂક્સ (૪-૦-૨૦-૩) અને લેગ-સ્પિનર આશા શોભના (૩-૦-૧૪-૨) આ જીતની ત્રણ સ્ટાર-સ્પિનર હતી.

એ પહેલાં, દિલ્હીની કૅપ્ટન મેગ લેનિંગે (૨૩ રન, ૨૩ બૉલ, ત્રણ ફોર) બૅટિંગ પસંદ કર્યા પછી શેફાલી વર્મા (૪૪ રન, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) સાથે ૬૪ રનની ભાગીદારી કરીને બૅન્ગલોરની ટીમને મોટી ચિંતામાં મૂકી દીધી હતી. જોકે આઠમી ઓવરથી દિલ્હીની ટીમનો ધબડકો શરૂ થયો હતો. સૉફીએ એ ઓવરના પહેલા, ત્રીજા અને ચોથા બૉલમાં અનુક્રમે શેફાલી જેમાઇમા (૦) અને ઍલીસ કૅપ્સી (૦)ની વિકેટ લીધી હતી. ત્રણ ઓવર પછી ખુદ લેનિંગને શ્રેયંકા પાટીલે તેમ જ પછીથી મૅરિઝેન કૅપ અને જેસ જોનસનને સ્પિનર આશાએ એક જ ઓવરમાં પૅવિલિયન ભેગી કરી હતી. ૮૭મા કુલ સ્કોરમાં સાત વિકેટ પડી ગઈ હતી, પરંતુ રાધા યાદવ તથા અરુંધતી રેડ્ડીએ ટીમને ૧૦૦નો આંકડો બતાવ્યો હતો. જોકે રાધા રનઆઉટ થઈ અને પછી શ્રેયંકાએ એક જ ઓવરમાં અરુંધતી, તાનિયા ભાટિયાની વિકેટ લેતાં દિલ્હીનો દાવ ૧૧૩ રને સમેટાઈ ગયો હતો. દિલ્હીની મોટા ભાગની બૅટરે વિકેટ ફેંકી દીધી હતી.

આ ટૂર્નામેન્ટમાં આરસીબીની એલીસ પેરી ૩૪૬ રન સાથે અને આ જ ટીમની શ્રેયંકા પાટીલ ૧૩ વિકેટ સાથે મોખરે રહી હતી. ૨૦૨૩ની પ્રથમ ડબ્લ્યૂપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમ ચૅમ્પિયન બની હતી. ■

# કૈફે હાર માટે દ્રવિડ-રોહિતને ગણાવ્યા જવાબદાર

નવી દિલ્હી: ગયા વર્ષે વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલમાં હારી જતા કરોડો ભારતીયોના દિલ તૂટ્યા હતા. ભારતના ભૂતપૂર્વ બૅટર અને અફલાતૂન ફીલ્ડર મોહમ્મદ કૈફે એ ફાઇનલને લઈને સનસનાટીભર્યો દાવો કર્યો છે. તેણે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે વર્લ્ડ કપની ફાઇનલની પિચને હોમ ટીમને અનુકૂળ બનાવવાના હેતુથી ક્યૂરેટર દ્વારા એની સાથે છેડછાડ કરવામાં આવી હતી. કૈફે કહ્યું છે કે હેડ-કોચ રાહુલ દ્રવિડ અને કૅપ્ટન રોહિત શર્મા પિચના અવલોકન માટે ત્રણ દિવસ સુધી ત્યાં ગયા હતા. કૈફે કહ્યું કે તેણે પિચનો રંગ બદલાતો જોયો હતો. કૈફે કહ્યું, 'કમિન્સ ચેન્નઈની મૅચમાં શીખ્યો હતો કે સ્લો પિચ પર શરૂઆતમાં બૅટિંગ કરવી મુશ્કેલ હોય છે. સામાન્ય રીતે ફાઇનલમાં કોઈ પણ ટીમ પહેલા ફીલ્ડિંગ નથી કરતી, પણ કમિન્સે લીધી હતી. આપણે પિચ સાથે છેડછાડ કરીને ગરબડ કરી નાખી.' આઇસીસી ઇવેન્ટમાં પિચની તૈયારીઓની દેખરેખ સામાન્ય રીતે આઇસીસીના સલાહકાર કરતા હોય છે. તેઓ યજમાન દેશના ક્રિકેટ બોર્ડ સાથે મળીને નક્કી કરે છે કે દરેક મૅચ માટે કઈ અને કેવી પિચ ઉપયોગમાં લેવી જોઈએ. આઇસીસીના નિયમ મુજબ જરૂરી નથી કે નૉકઆઉટ મૅચ નવી નક્કોર પિચ પર જ રમાવી જોઈએ. જોકે આઇસીસી અપેક્ષા જરૂર રાખે છે કે નૉકઆઉટ મૅચનું યજમાનપદ આપવામાં આવ્યું હોય એના સત્તાધીશો સર્વોત્તમ પિચ અને આઉટફીલ્ડ પૂરા પાડશે. ■

### આઇસીસી ટૂર્નામેન્ટમાં ભારતનો પર્ફોર્મન્સ (૨૦૧૩ પછી)

૨૦૧૪: ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં હાર
૨૦૧૫: વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં હાર
૨૦૧૬: ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં હાર
૨૦૧૭: ચૅમ્પિયન્સ ટ્રૉફીની ફાઇનલમાં હાર
૨૦૧૯: વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં હાર
૨૦૨૧: વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં હાર
૨૦૨૧: ટી-૨૦ વર્લ્ડ કપમાં ગ્રૂપ સ્ટેજમાં જ બહાર
૨૦૨૨: ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં હાર
૨૦૨૩: વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં હાર
૨૦૨૩: વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં હાર

## ગુજરાત

# લોકસભાની બનાસકાંઠા બેઠક પર મહિલા વિ. મહિલાનો જંગ જામશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા લોકસભા બેઠક ગુજરાતની બીજા નંબરની લોકસભા બેઠક છે. લોકસભા ૨૦૨૪માં બનાસકાંઠા બેઠક પર મહિલા વિ. મહિલા ઉમેદવારનો મુકાબલો થશે. ભાજપે રેખાબેન ચૌધરીને ટિકિટ આપ્યા બાદ કૉંગ્રેસે વાવ બેઠકના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને ટિકિટ આપી છે. ગેનીબેન ઠાકોર બનાસકાંઠા જિલ્લામાં જાણીતું નામ હોવાથી આ બેઠક પર અન્ય બેઠકની સરખામણીએ ખરાખરીનો ચૂંટણી જંગ જામી શકે છે. બનાસકાંઠા બેઠકમાં કુલ ૨૫૫૧૬૦૧ મતદાતાઓ છે. જેમાંથી ૧૩૧૭૮૩૫ મતદાતાઓ પુરુષ અને ૧૨૩૩૭૪૬ મહિલા મતદાતાઓ છે.

બનાસકાંઠા લોકસભા સીટ પર પ્રથમ ચૂંટણી વર્ષ ૧૯૫૧માં થઇ હતી. બનાસકાંઠા સીટ પર દસ વાર કૉંગ્રેસ તો પાંચ વખત ભાજપનો વિજય થયો છે. આ ઉપરાંત બનાસકાંઠા સીટ પર મહિલા ઉમેદવારની એક વાર જીત થઇ છે. બનાસકાંઠા લોકસભાની પ્રથમ ચૂંટણીમાં કૉંગ્રેસમાંથી ચાવડા અકબર દાલુમિયા ઉમેદવારી નોંધાવી હતી. તેમની સામે એસપી પક્ષમાંથી મહેતા ગોરધનદાસ ગીરધરલાલ ચૂંટણી લડ્યા હતા. જેમાં ચાવડા અકબર દાલુમિયાની જીત થઇ હતી. અકબર દાલુમિયા વર્ષ ૧૯૫૭ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. ત્યાર બાદ વર્ષ ૧૯૬૨ની ચૂંટણીમાં અકબર ચાવડાના સ્થાને તેમના પત્ની જોહરાબેનને કૉંગ્રેસે ટિકિટ ફાળવી હતી. જોહરાબેન ચાવડા સામે સ્વતંત્ર પક્ષમાંથી કનૈયાલાલ મહેતા ચૂંટણી લડયા હતા. જેમાં જોહરાબાઇ ચાવડાનો વિજય થયો હતો. ત્યાર બાદ બનાસકાંઠા લોકસભા સીટ પર ક્રિષ્ણાબેન ગઢવી પેટા ચૂંટણીમાં ઉમેદવારી નોધાવી હતી. પરંતુ તેમની સામે હરિભાઇ ચૌધરી ચૂંટણી લડી રહયા હતા. આ ચૂંટણીમાં ક્રિષ્ણાબેન ગઢવીની હાર થઇ હતી. આમ બનાસકાંઠા લોકસભા સીટ પર એક મહિલા ઉમેદવારની જીત તો એક મહિલા ઉમેદવારની હાર થઇ હતી. બનાસકાંઠા લોકસભા સીટ પર પ્રથમ સાંસદ કૉંગ્રેસના મેન્ડેટ પર ચુંટાયા હતા. વર્ષ ૧૯૯૧ સુધી બનાસકાંઠા સીટ પર કૉંગ્રેસનો દબદબો રહ્યો હતો. વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૯માં પણ બનાસકાંઠા સીટ પર કૉંગ્રેસનો વિજય થયો હતો. કૉંગ્રેસના અકબર ચાવડા અને બી કે ગઢવી સૌથી વધુ વાર બનાસકાંઠા સીટ પર સાંસદ રહ્યા હતા. વર્ષ ૨૦૦૯ બાદ કૉંગ્રેસે આ સીટ ગુમાવી હતી અને સતત બે ટર્મથી ભાજપનો વિજય થાય છે. ■

# અમદાવાદ જિલ્લામાં ૫૪૩૨ મતદાન મથકો અને કુલ ૬૦,૩૯,૧૪૫ મતદારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર ગુજરાતમાં ત્રીજા તબક્કામાં તારીખ ૭મે ૨૦૨૪ના રોજ તમામ બેઠકો પર મતદાન યોજાનાર છે. જેના માટે આગામી તારીખ ૧૨ એપ્રિલ-૨૦૨૪ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં કુલ ૬૦,૩૯,૧૪૫ મતદારો નોંધાયેલા છે. જેમાં ૩૧,૩૩,૨૮૪ પુરુષ મતદારો અને ૨૯,૦૫,૬૨૨ સ્ત્રી મતદારો તથા ૨૩૯ ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૧૮થી ૧૯ વર્ષના મતદારો ૧,૦૪,૧૭૫ છે, જેઓ પ્રથમ વખત મતદાન કરશે. ૨૦થી ૨૯ વય જૂથના ૧૦,૯૫,૬૦૮ મતદારો છે. જ્યારે ૪૫,૦૨૨ મતદારો ૮૫ વર્ષ ઉપરના છે. ૧૨૫૯ મતદારો ૧૦૦ વર્ષ ઉપરના શતાયુ મતદારો છે અને ૩૦,૭૩૨ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં કુલ-૫૪૩૨ મતદાન મથકો છે. આ ઉપરાંત, જિલ્લામાં મહિલાઓ દ્વારા સંચાલિત ૧૪૭, દિવ્યાંગો દ્વારા સંચાલિત ૨૧, યુવાઓ દ્વારા સંચાલિત ૨૧ મતદાન મથકો છે તથા ૨૧ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો અને ૨૧ મૉડેલ મતદાન મથકો રહેશે. નાગરિકોની સુવિધા માટે જિલ્લા કોન્ટેક્ટ સેન્ટર હેલ્પલાઇન નંબર ૧૯૫૦ અને ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૯૬૬ જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ચૂંટણી અને આચારસંહિતાના અમલીકરણ માટે અલગ અલગ ટીમોની રચના કરવામાં આવી છે. જેમાં ખર્ચ નિયત્રંણ ટીમ, ફ્લાઈંગ સ્કવોડ ટીમ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ, વીડિયો સર્વેલન્સ ટીમ જેવી ટીમોની રચના કરવામાં આવી આવી છે.

વોટર હેલ્પલાઇન એપ્લિકેશન (વીએચએ), વિજિલ, જેવા અલગ અલગ પોર્ટલ અને એપ્લિકેશન મતદારો અને ઉમેદવારોને અલગ અલગ સુવિધાઓ પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે કાર્યરત છે. વિજિલ એપ્લિકેશન પર નોંધાયેલી આદર્શ આચારસંહિતા ભંગ અંગેની તમામ ફરિયાદોનો માત્ર ૧૦૦ મિનિટમાં નિકાલ કરવામાં આવશે.

આ ઉપરાંત ચૂંટણીમાં ૮૫ વર્ષથી વધુ વયના મતદારો અને ૪૦ ટકાથી વધારે દિવ્યાંગતા ધરાવતા મતદારો માટે ઘરેથી વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મતદાન મથકો પર સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધા પૂરી પાડવામાં આવશે. ■

# બોર્ડ પરીક્ષાની મૂલ્યાંકનની કામગીરી શરૂઃ ૬૭ હજાર શિક્ષકો જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજ્યના ૪૫૨ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી માટે ૬૭ હજાર કરતાં વધુ શિક્ષકોને ઓર્ડર આપવામાં આવ્યા હતા. આ વખતે તમામ કેન્દ્રો પર એક સાથે મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવાના બદલે તબક્કાવાર કેન્દ્રો પર મૂલ્યાંકન કામગીરી શરૂ કરવાનું આયોજન કરાયું છે. પ્રથમ દિવસે રાજ્યના ૧૮ સેન્ટર પર મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ધો.૧૦માં સૌથી વધુ ૩૨ હજાર કરતાં વધુ શિક્ષકોને મૂલ્યાંકન કામગીરીમાં જોડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ માર્ચથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હવે પરીક્ષાના મહત્ત્વના ત્રણથી ચાર વિષયોના પેપર પૂર્ણ થયા હોવાથી બોર્ડે ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી છે. ગત વર્ષે બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરાઈ હતી. જોકે, તે પહેલા ચારથી પાંચ પેપર પૂર્ણ થયા બાદ મૂલ્યાંકન કામગીરી શરૂ કરી દેવામાં આવતી હતી, તે જ રીતે આ વખતે પણ પરીક્ષા વચ્ચે જ મૂલ્યાંકન શરુ કરવાનું આયોજન કરાયું છે. ધો.૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૦૪ મૂલ્યાંકન કેન્દ્ર પર ઉત્તરવહી મૂલ્યાંકન માટે ૩૨૭૪૦ શિક્ષકોના ઓર્ડર કરવામાં આવ્યા છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૮૪ મૂલ્યાંકન કેન્દ્ર પર ૨૫૬૨૮ શિક્ષકો દ્વારા ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવી હતી. ધો.૧૨ સાયન્સમાં પણ ૬૪ મૂલ્યાંકન કેન્દ્રો પર ૮૭૪૭ શિક્ષકો દ્વારા મૂલ્યાંકન કામગીરી કરવામાં આવી હતી. આમ, સમગ્ર રાજ્યમાં આ વખતે ૪૫૨ મૂલ્યાંકન કેન્દ્રો પર ઉત્તરવહી મૂલ્યાંકન માટે ૬૭૧૧૫ શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે તમામ સેન્ટરો પર એક સાથે મૂલ્યાંકન કામગીરી શરૂ કરવાના બદલે તબક્કાવાર કામગીરી શરૂ કરવાનું નક્કી કર્યું છે. જે મુજબ પ્રથમ દિવસે ધો.૧૦ના ૧૦ સેન્ટરો, ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં પાંચ સેન્ટરો અને ધો.૧૨ સાયન્સનાં ત્રણ સેન્ટરો મળી કુલ ૧૮ સેન્ટરો પર મૂલ્યાંકન કામગીરી શરૂ કરી હતી. ત્યારબાદ તબક્કાવાર અન્ય સેન્ટરોને આવરી લેવામાં આવશે. ધો.૧૦માં મહત્ત્વના વિષય માટે ૪૫૦૦ શિક્ષકોને મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે. ■

# ₹ ૧૫૦૦ની લાંચના કેસમાં નિવૃત્ત ડીવાયએસપી, પીએસઆઈને ૨૩ વર્ષે ન્યાય મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ ડીવાયએસપી તરીકે નિવૃત્ત થયેલા પોલીસ અધિકારી એસ.ડી. પટેલ અને પીએસઆઈ તરીકે ફરજ બજાવતાં અધિકારી જાકીરહુસેન હાંસુરાને કથિત ૧૫૦૦ રૂપિયાની લાંચના કેસમાં ૨૩ વર્ષે હાઇ કોર્ટમાંથી ન્યાય મળ્યો છે. બંને પોલીસ અધિકારીઓને ફરિયાદીએ લાંચના ખોટા કેસમાં ફસાવવા તરકટ રચ્યું હતું અને એ અંગે પાલનપુર એસીબીમાં ૨૦૦૧માં એફઆઈઆર નોંધાઇ હતી. જે કેસમાં ટ્રાયલ કોર્ટે બંને અધિકારીને વર્ષ ૨૦૦૬માં શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા હતા. જે ચુકાદા સામે રાજ્ય સરકારે હાઇકોર્ટમાં અપીલ કરી હતી. જે અપીલ જસ્ટિસ એસ.વી. પિન્ટોએ ફગાવી દેતા ચુકાદો આપ્યો છે કે, ટ્રાયલ કોર્ટે તમામ આધાર-પુરાવાની ચકાસણી કરી આપેલા ચુકાદામાં કોઇ ભૂલ નથી અને તેથી એ ચુકાદા સામેની સરકારની અપીલ ગુણદોષ વિનાની જણાતા તે રદ કરવામાં આવે છે અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને બહાલ રાખવામાં આવે છે. પ્રસ્તુત કેસમાં બંને પોલીસ અધિકારીઓ વતી એડવોકેટે હાઇ કોર્ટમાં રજૂઆત કરી હતી કે,ફરિયાદી પક્ષ તેનો કેસ પુરવાર કરી શક્યા નથી. ફરિયાદીએ લાંચ જે દિવસે આપી હોવાનો દાવો કર્યો છે એ દિવસે છાપી પોલીસ સ્ટેશનમાં એસ.ડી. પટેલ હાજર જ નહોતા અને તેઓ બંદોબસ્તમાં વ્યસ્ત હતા. ફરિયાદીએ મનમાં વેર રાખીને ફરિયાદ ઉપજાવી કાઢી હતી.વધુમાં એવી રજૂઆત કરી હતી કે, ફરિયાદીની ભત્રીજી એક વ્યક્તિ સાથે ભાગી ગઇ હતી અને તે પુખ્તવયની હોઇ તેણે નિવેદન આપ્યું હતું કે તે પોતાની મરજીથી જે તે વ્યક્તિ સાથે ગઇ હતી. તેથી આ મામલે કથિત આરોપી દર્શાવવામાં આવેલા પોલીસ અધિકારીએ ગુનો નહીં બનતો હોવાનો રિપોર્ટ કર્યો હતો. જેનાથી નારાજ ફરિયાદીએ બંને અધિકારીને જોઇ લેવાની ધમકી આપી હતી અને ત્યારબાદ તેમને લાંચના કેસમાં ફસાવવાનું તરકટ રચ્યું હતું. જેના ભાગરૂપે તેણે પોલીસ સ્ટેશને પહોંચી જે તે સમયે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં જાકીરહુસૈન હાંસુરાના ખિસ્સામાં રૂપિયા મૂકી દીધા હતા. આ મામલે હાઇ કોર્ટે નોંધ્યું હતું કે, છાપીના તત્કાલીન પીએસઆઇ બંદોબસ્ત માટે ગયા હતા અને ફરિયાદીના તેમને મળવાના સમયના નિવેદનમાં પણ વિરોધાભાસ છે. તેમણે ફરિયાદીની ભત્રીજીના અપહરણમાં કેસમાં સી સમરી ભરતા ફરિયાદીએ તેનો દ્વેષ રાખ્યો હતો. ટ્રાયલ કોર્ટે આ તમામ વિરોધાભાસી નિવેદનો, કેસના તથ્યો સહિતની બાબતોનું મૂલ્યાંકન કરી ચુકાદો આપતાં બંને અધિકારીઓને નિર્દોષ છોડ્યા હતા. જેથી આ ચુકાદામાં કોઇ હસ્તક્ષેપ કરવાનો વિષય બનતો નથી. ટ્રાયલ કોર્ટના ચુકાદાને બહાલ રાખવામાં આવે છે અને સરકારની અપીલ રદ કરવામાં આવે છે. ■

## સ્ટ્રેસ ટેસ્ટના પરિણામ જોતા સ્મોલ કેપ અને મિડકેપમાં ટૂંક સમયમાં વેચવાલીનાં દબાણની સંભાવના

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) અને એસોસીયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ની સૂચના મુજબ મ્યુચ્યુઅલ ફંડોએ બજારમાં ઘટાડાના સંજોગોમાં રિડમ્પશન દબાણને પહોંચી વળવા કેટલા દિવસમાં સ્મોલ કેપ ફંડોમાં ૫૦ ટકા પોર્ટફોલિયો લિક્વિડેટ એટલે કે વેચીને ફંડની જોગવાઈ કરી શકાશે.

એ માટે દર ૧૫ દિવસે સ્ટ્રેસ ટેસ્ટના પરિણામો જાહેર કરવાની આપેલી સૂચના મુજબ મ્યુચ્યુઅલ ફંડોએ તેના પરિણામો જાહેર કર્યા છે. જેમાં વિવિધ મ્યુચ્યુઅલ ફંડોએ તેના સ્મોલ કેપ ફંડોના ૫૦ ટકા પોર્ટફોલિયોને લિક્વિડેટ કરવામાં એક થી ૬૦ દિવનો સમય લાગી શકે છે અને મિડ કેપ ફંડોને એક દિવસથી ૩૪ દિવસ સુધીનો સમય લાગી શકે છે, એવું જાહેર કર્યું છે.

આ મ્યુચ્યુઅલ ફંડોમાં ટોચના ૧૦ સ્મોલ કેપ ફંડો પૈકી કેનેરા રોબેકો અને ફ્રેન્કલિન મ્યુચ્યુઅલ ફંડ્સે તેમના સ્મોલ કેપ ફંડોને ઝડપી ઓછા દિવસોમાં લિક્વિડેટ કરી શકાશે એવું જાહેર કર્યું છે. જ્યારે એડલવેઈઝ સ્મોલ કેપ ફંડને તેના ૫૦ ટકા પોર્ટફોલિયોને લિક્વિડેટ કરવામાં ત્રણ દિવસનો જ સમય લાગવાનું જાહેર કરાયું છે. કેનેરા રોબેકો સ્મોલ કેપ ફંડ જે એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ)માં રૂ.૯૫૯૫ કરોડ સાથે આ કેટેગરીમાં ૧૦મી સૌથી મોટી સ્કિમ છે, તેના પોર્ટફોલિયોના ૫૦ ટકા લિક્વિડેટ કરવામાં ૧૩.૫ દિવસનો સમય લાગવાનું જાહેર કર્યું છે. જ્યારે જ્યારે તેના હોલ્ડિંગના ૨૫ ટકા લિક્વિડેટ કરવામાં ૬.૭૫ દિવસનો સમય લાગી શકે છે. આમ કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડે આજે તેના મ્યુચ્યુઅલ ફંડ સ્ટ્રેસ ટેસ્ટ રિઝલ્ટ જાહેર કર્યા છે. ફ્રેન્કલિન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે તેના સ્મોલ કેપ ફંડના પોર્ટફોલિયોના ૫૦ ટકા લિક્વિડેટ કરવામાં ૧૨ દિવસનો સમય લાગવાનું અને તેના હોલ્ડિંગ્સના ૨૫ ટકા વેચવામાં છ દિવસનો સમય લાગવાનું જાહેર કર્યું છે.

## ટીપ્લસઝીરોનો મર્યાદિત સ્ક્રિપ્સ સાથે પ્રાયોગિક પ્રારંભ મંજૂર, વિદેશી ફંડોને ડિસ્કલોઝર્સમાં રાહત અપાઈ

મુંબઈ: સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ બ્રોકરો અને અન્ય હિસ્સેદારો, સ્ટેક હોલ્ડરોના અભિપ્રાય અને રજૂઆતને ધ્યાનમાં લીધા બાદ હાલ તુરત શેર બજારોમાં પ્રાયોગિક ધોરણે ટ્રેડીંગના દિવસે જે શેરોમાં સોદાના ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટને લાગુ કરવા મંજૂરી આપી છે.

આ સેટલમેન્ટ અત્યારે વૈકલ્પિક ધોરણે માત્ર ૨૫ સ્ક્રિપો અને કેટલાક બ્રોકરો પૂરતું જ અમલી બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે સેબીએ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ને ડિસ્કલોઝર્સ ધોરણોમાં અપેક્ષિત રાહતો આપી છે.

સેબીની બોર્ડ મીટિંગમાં લેવાયેલા નિર્ણય મુજબ સેબી ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટના બીટા વર્ઝનને અત્યારે મર્યાદિત અને વૈકલ્પિક ધોરણે અમલી બનાવી રહી છે. આ માટે વિવિધ હિસ્સેદારો-સ્ટેકહોલ્ડરો સાથે અને ઉપયોગ કરનારાઓ સાથે સલાહ વિચારણા કરવાનું ચાલુ રાખશે. આ સેટલમેન્ટની પ્રગતિની દર ત્રણ મહિને અને છ મહિને સમીક્ષા કરવામાં આવશે અને ત્યાર બાદ આગળ વધુ પગલાં લેવાશે એમ સેબીએ જણાવ્યું છે. આ દરમિયાન સેબીની બોર્ડ મીટિંગમાં મોડેથી લેવાયેલા અન્ય નિર્ણયોમાં એફપીઆઈઝને જો તે કોઈ સિંગલ- એક જ કોર્પોરેટ ગ્રુપમાં વહીવટ હેઠળની ઈક્વિટી એસેટ્સના ૫૦ ટકાથી વધુ ધરાવતા હોય તો એમને કેટલીક શરતોને આધીન વધારાની ડિસ્કલોઝર જરૂરીયાતમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ સાથે અનુપાલનની સુનિશ્ચિતતા કરવા અને બિઝનેસ કરવામાં સરળતા રહે એની ખાતરી માટે અલ્ટરનેટીવ ઈન્વેસ્ટમેન્ટ ફંડો, તેના મેનેજર અને મુખ્ય મેનેજમેન્ટ કર્મચારીઓએ તેમના બન્ને રોકાણકારો અને રોકાણોનું ડયુ ડીલિજન્સ હાથ ધરવાનું રહેશે એવો નિર્ણય લેવાયો છે.

એઆઈએફ થકી ફંડિંગ બાબતે ચિંતાને લઈ સેબીએ રોકાણકારો અને રોકાણ કોઈપણ ફાઈનાન્શિયલ ધારાધોરણોને અવરોધ નહીં તે સુનિશ્ચિત કરવા માટે પણ એક પગલું લીધું છે. આ પ્રકારના ડયુ-ડિલિજન્સ આવશ્યકતા સાથે એઆઈએફ સંબંધિત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ દરખાસ્તો અમલી બનાવવા માટે નિયમનકારી સાનુકૂળતા કરી આપશે એવું સેબીનું કહેવું છે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ એટલે કે બિઝનેસમાં સરળતા માટે સેબીએ આઈપીઓ અને ફંડ ઊભું કરવા આવતી કંપનીઓ માટે ઈક્વિટી શેરોના પબ્લિક કે રાઈટ ઈસ્યુમાં એક ટકા સિક્યુરિટી ડિપોઝિટની આવશ્યકતા રદ કરવાનો નિર્ણય લીધો છે.

પ્રમોટર ગ્રુપ કંપનીઓ અને નોન-ઈન્ડીવ્યુજયુઅલ શેરધારકો જે ઓફર બાદની ઈક્વિટી શેર મૂડીના પાંચ ટકાથી વધુ હોલ્ડિંગ ધરાવતા હોય એમને પ્રમોટર તરીકે ઓળખ વિના ન્યુનતમ પ્રમોટર્સ હિસ્સામાં યોગદાન આપવા પણ મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ફરજિયાત કન્વર્ટિબલ ડિબેન્ચરો કન્વર્ટ થયેલા ઈક્વિટી શેરો જે ડીઆરએચપી ફાઈલ કરાવ્યા પૂર્વે એક વર્ષથી ધરાવતા હોય એ શેરોને લઘુતમ પ્રમોટર્સ યોગદાનની જરૂરીયાતને પહોંચી વળવા ગણતરીમાં લઈ શકાશે.

લિસ્ટેડ કંપનીઓ માટે બિઝનેસમાં સરળતા, સુગમતા કરી આપવા વર્તમાન કમ્પાલયન્સ જરૂરીયાત સંબંધિત પણ કેટલાક ફેરફારો સેબીએ કર્યા છે. જેમાં લિસ્ટેડ કંપનીઓ માટે માર્કેટ કેપિટલાઈઝેશન આધારિત કમ્પલાયન્સ જરૂરીયાત ૩૧, માર્ચના એક દિવસના માર્કેટ કેપિટલાઈઝેશનના બદલે ૩૧, ડિસેમ્બરના અંતના છ મહિનાના સરેરાશ માર્કેટ કેપિટલાઈઝેશનના ધોરણે નિર્ધારીત કરવામાં આવશે.

આ સાથે માર્કેટ કેપિટલાઈઝેશન આધારિત જોગવાઓને લાગુ પડતી અટકાવવા માટે ત્રણ વર્ષનો સનસેટ ક્લોઝ દાખલ કરવામાં આવશે. જે વહીવટી અધિકારીઓ માટે નિયામક સત્તાધીશોની મંજૂરી આવશ્યક હોય એ ખાલી જગ્યાઓને ભરવા માટેની સમય મર્યાદા પણ ત્રણ મહિનાથી વધારીને છ મહિના કરવામાં આવશે.

આ સાથે અન્ય નિર્ણયોમાં રિસ્ક મેનેજમેન્ટ કમિટીની સતત બે મીટિંગ વચ્ચે મહત્તમ માન્ય સમયગાળો ૧૮૦ દિવસથી વધારીને ૨૧૦ દિવસ કરવામાં આવશે, જેથી લિસ્ટેડ કંપનીઓને મીટિંગનું સમયપત્રક નક્કી કરવામાં રાહત મળી શકે. સેબી બોર્ડ દ્વારા મંજૂર કરાયેલા અન્ય નિર્ણયોમાં પ્રાઈવેટ પ્લેસમેન્ટ કરાયેલા ઈન્વિટ (ઈન્ફ્રાસ્ટ્રકચર ઈનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ) દ્વારા સબઓર્ડિનેટ યુનિટો ઈસ્યુ કરવા માટે માળખું પૂરૂ પાડવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય નિયનકારે સ્ટોક એક્સચેન્જને રિસર્ચ એનાલિસ્ટ એડમીનિસ્ટ્રેશન એન્ડ સુપરવાઈઝરી બોડી (આરએએસબી) અને ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ એડમીનિસ્ટ્રેશન એન્ડ સુપરવાઈઝરી બોડી (આઈએએસબી) તરીકે માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે.

હાઈ-વેલ્યુ ડેટ લિસ્ટેડ એકમો માટે લિસ્ટિંગ ધોરણો ફરજિયાત લાગુ કરવાની મુદત લંબાવીને ૩૧, માર્ચ ૨૦૨૫ સુધી કરવામાં આવી છે. આ સાથે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સેબીના બજેટને બોર્ડ દ્વારા મંજૂર કરાયું છે.

## ડિજિટલ મની ટ્રાન્સફરમાં વોલ્યુમ અને વેલ્યુના ધોરણે જંગી વધારો

મુંબઈ: એનઈએફટી અને આરટીજીએસ સિસ્ટમમાં વોલ્યુમની દ્રષ્ટિએ અનુક્રમે ૭૦૦ અને ૨૦૦ ટકા જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૬૭૦ અને ૧૦૪ ટકા વૃદ્ધિ જોવા મળી છે. ડિજિટલ પેમેન્ટના આગમનથી, લાંબા સમય સુધી બૅન્કની કતારમાં ઉભા રહેવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળી છે. બિઝનેસથી લઈને સામાન્ય વ્યવહારો સુધી, ડિજિટલ ટ્રાન્ઝેક્શન હવે લોકોની પહેલી પસંદ છે. નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી), જે બૅન્ક ટ્રાન્ઝેક્શનનો એક મોડ છે, તેણે રેકોર્ડ બનાવ્યો હતો. રિઝર્વ બેંકે કહ્યું હતું કે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કુલ રૂ. ૪.૧૦ કરોડના એનઈએફટી ટ્રાન્ઝેક્શન થયા હતા. આ સાથે, પાછલા ૧૦ વર્ષના ડેટા પર, રિઝર્વ બૅન્કે કહ્યું હતું કે ૨૦૧૪-૨૦૨૩ દરમિયાન, એનઈએફટી અને રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ) સિસ્ટમ વોલ્યુમની દ્રષ્ટિએ અનુક્રમે ૭૦૦ ટકા અને ૨૦૦ ટકા વૃદ્ધિ થવા પામી છે, જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ આ વૃદ્ધિ અનુક્રમે ૬૭૦ ટકા અને ૧૦૪ ટકા હતી. રિઝર્વ બૅન્ક રિટેલ અને હોલસેલ પેમેન્ટ્સનું સંચાલન કરવા માટે એનઈએફટી અને આરટીજીએસનું સંચાલન કરી રહી છે. ૧૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ, જાહેરાત કરવામાં આવી હતી કે એનઈએફટી સિસ્ટમની સુવિધા ૨૪ કલાક કાર્યરત રહેશે, જ્યારે ૧૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ, આરટીજીએસ સિસ્ટમ માટે આ સુવિધા લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા, પૈસા એક બેંક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર થાય છે. એનઈએફટી દ્વારા ફંડ તરત જ ટ્રાન્સફર થતું નથી, તેના બદલે એનઈએફટી માટે ફંડ ટ્રાન્સફર બેચ દર અડધા કલાકે બહાર પાડવામાં આવે છે.

## સૌથી વધુ ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારી ટોચની પાંચ કંપનીમાંથી ત્રણ પર આવકવેરા ખાતાની પહેલેથી નજર!

મુંબઇ: સૌથી વધુ ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારી ટોચની પાંચ કંપનીમાંથી ત્રણ પર આવકવેરા ખાતાની પહેલેથી નજર હોઇ શકેવી સંભાવના બજારમાં ચર્ચાઇ રહી છે, કેમ કે આ ત્રણ કંપનીઓ પર અગાઉ આઇટી ખાતાના દરોડા પડી ચૂક્યા હતા. ચૂંટણી પંચે પોતાની વેબસાઈટ પર ઈલેક્ટોરલ બોન્ડનો ડેટા સાર્વજનિક કર્યો છે.

સુપ્રીમ કોર્ટે આ માહિતી શેર કરવા માટે પંચને ૧૫ માર્ચની સમયમર્યાદા આપી હતી. સ્ટીલ બેરોન લક્ષ્મી મિત્તલથી લઈને અબજોપતિ સુનીલ ભારતી મિત્તલની એરટેલ, અનિલ અગ્રવાલની વેદાંત, આઇટીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાથી લઈને ઓછી જાણીતી ફ્યુચર ગેમિંગ અને હોટેલ સર્વિસિસ હવે રદ થયેલા ચૂંટણી બોન્ડના મુખ્ય ખરીદદારોમાં સામેલ હતા. ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે રાજકીય પક્ષોને ટોચના ૫ ઈલેક્ટોરલ બોન્ડ દાતાઓમાંથી ત્રણ એવી કંપનીઓ છે જેમણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) અને ઈન્કમ ટેક્સ (આઇટી)ની તપાસનો સામનો કરવાનો ઈન્કાર કર્યા છતાં બોન્ડ ખરીદ્યા છે. તેમાં લોટરી કંપની ફ્યુચર ગેમિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફર્મ મેઘા એન્જિનિયરિંગ અને માઈનિંગ કંપની વેદાંતનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચ દ્વારા પાછલા ગુરૂવારે જાહેર કરવામાં આવેલા ડેટામાં ઇલેક્ટોરલ બોન્ડના નંબર ૧ ખરીદનાર ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ્સ પ્રાઇવેટ લિમિટેડ છે, જે સેન્ટિસા યાગો માર્ટિન દ્વારા સંચાલિત છે. લોટરી કંપનીએ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે રૂ. ૧,૩૦૦ કરોડના બોન્ડ ખરીદ્યા છે. માર્ચ ૨૦૨૨માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ફ્યુચર ગેમિંગની તપાસ કરવામાં આવી હતી. તેણે બે અલગ-અલગ કંપનીઓ હેઠળ રૂ. ૧૩૫૦ કરોડથી વધુના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા.

## બેન્કિંગ ઉદ્યોગમાં લોન વૃદ્ધિનો દર ધીમો પડયો, રિસ્ક વેઈટમાં વધારા બાદ પર્સનલ લોન ઉપાડની ગતિ મંદ પડી

મુંબઈ : રિસ્ક વેઈટમાં વધારા બાદ ઉદ્યોગ, સેવા ક્ષેત્ર તથા પર્સનલ લોન ઉપાડમાં ગતિ ધીમી પડવા સાથે બેન્કિંગ ઉદ્યોગમાં લોન વૃદ્ધિનો દર જાન્યુઆરીમાં ધીમો પડયો છે. ઉદ્યોગ, સેવા ક્ષેત્ર તથા પરસનલ લોન ઉપાડમાં મંદ વૃદ્ધિને પરિણામે વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં દેશના બેન્કિંગ ઉદ્યોગમાં એકંદર લોન વૃદ્ધિનો આંક વાર્ષિક ધોરણે સાધારણ નીચો જોવા મળ્યો છે.

ગયા વર્ષના નવેમ્બરમાં રિઝર્વ બેન્કે રિસ્ક વેઈટમાં કરેલા વધારાને કારણે પણ ઉપાડ ધીમો પડયાનું માનવામાં આવે છે. જાન્યુઆરીમાં લોન વૃદ્ધિ ૧૬.૨૦ ટકા રહી હતી જે ગયા વર્ષના જાન્યુઆરીમાં ૧૬.૭૦ ટકા જોવા મળી હતી. જો કે કૃષિ તથા તેને સંલગ્ન ક્ષેત્રોમાં લોન વૃદ્ધિનો આંક નોંધપાત્ર ઊંચો જોવા મળ્યો છે.

જાન્યુઆરીમાં કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રોમાં લોન વૃદ્ધિનો આંક જાન્યુઆરીમાં ૨૦.૧૦ ટકા રહી છે, જે ગયા વર્ષના જાન્યુઆરીમાં ૧૪.૪૦ રહી હતી એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ઉદ્યોગો દ્વારા ધિરાણ ઉપાડ ધીમો પડયાનું જોવા મળે છે.

૨૦૨૩ના જાન્યુઆરીમાં ૮.૭૦ ટકા સામે વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં આ આંક ઘટી ૭.૮૦ ટકા રહ્યો છે. ઉદ્યોગોમાં ફૂડ પ્રોસેસ્ડ તથા ટેકસટાઈલ ક્ષેત્ર દ્વારા ધિરાણ માગ ઊંચી રહી છે, જ્યારે બેઝિક મેટલ્સ અને મેટલ પ્રોડકટસ તથા કેમિકલ્સ ઉદ્યોગ દ્વારા ધિરાણ ઉપાડમાં નરમાઈ જોવા મળી છે.

દેશના અર્થતંત્રમાં મોટો હિસ્સો ધરાવતા સેવા ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિ સાધારણ ધીમી પડી ૨૦.૭૦ રહી છે જે ગયા વર્ષના જાન્યુઆરીમાં ૨૧.૪૦ રહી હોવાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

વાહન તથા અન્ય પરસનલ લોન સેગમેન્ટમાં મંદ વૃદ્ધિ રહેતા પરસનલ લોનની વૃદ્ધિ પણ ધીમી પડી છે. અનસિકયોર્ડ લોનમાં અસાધારણ વધારાને દયાનમાં રાખી રિઝર્વ બેન્કે ગયા વર્ષના નવેમ્બરમાં રિસ્ક વેઈટમાં વધારો કર્યો હતો. તાજેતરના વર્ષમાં બેન્ક ધિરાણના બંધારણમાં નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે. સેવા ક્ષેત્ર તથા રિટેલ ક્રેડિટમાં આકર્ષક વધારો થઈ રહ્યો છે. રિટેલ લોન્સમાં પણ અનસિકયોર્ડ ક્રેડિટમાં વધારો થયો હોવાનું રિઝર્વ બેન્કના છેલ્લામાં છેલ્લા ફાઈનાન્સિઅલ સ્ટેબિલિટી રિપોર્ટમાં જણાવાયું હતું.

## ચૂંટણી જાહેર થવાને કારણે યુનાઈટેડ કિંગ્ડમ સાથેના મુક્ત વેપારના કરાર ફરી અદ્ધરતાલ

મુંબઈ : દેશમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ જતા યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) સાથેના ભારતના મુકત વેપાર કરાર ફરી અટવાઈ ગયા અને હવે કેન્દ્રમાં આવનારી નવી સરકાર બાદ જ કરારને અંતિમ સ્વરૂપ મળી શકશે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણી જાહેર થઈ જવા છતાં બન્ને દેશો વચ્ચે વેપાર વાટાઘાટ ચાલુ રહી શકે છે, કારણ કે તે અગાઉથી ચાલતી આવી છે, પરંતુ કરારને જો અંતિમ રૂપ મળે તો તેના પર સહીસિક્કા બાબત હજુ અસ્પષ્ટતા જણાય છે. આવી સ્થિતિમાં કરારને અંતિમ રૂપ નવી સરકારના કાળમાં જ મળવાની શકયતા છે.

ઉભય દેશો વચ્ચે મુકત વેપાર કરાર માટે અત્યારસુધી વાટાઘાટના ૧૪ રાઉન્ડ હાથ ધરાયા છે, પરંતુ શનિવારે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાં હવે વાટાઘાટ રસપ્રદ રીતે આગળ વધી નહીં શકે. બંને દેશો વચ્ચે કરાર માટે વિગતવાર ચર્ચા થઈ છે અને મોટાભાગના મુદ્દાઓ પર સહમતિ સધાઈ ગઈ છે. વેપાર કરાર માટે ૨૦૨૨ના જાન્યુઆરીથી વાટાઘાટો શરૂ થઈ હતી. ભારત તથા બ્રિટન વચ્ચે દ્વીપક્ષી વેપારનું કદ હાલમાં ૩૮.૧૦ અબજ ડોલર જેટલું છે. બેમાંથી એકપણ દેશે વાટાઘાટમાંથી પીછેહઠ કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા બ્રિટનના તેમના સમોવડિયા ઋષી સુનક વચ્ચે વર્તમાન સપ્તાહના પ્રારંભમાં વેપાર કરાર મુદ્દે ચર્ચા થઈ હતી અને બંને નેતાઓએ કરાર માટે તેમની કટિબદ્ધતા દર્શાવી હતી.

કરારમાં બંને દેશો પોતાના વેપાર તથા નાગરિકોના હિતોને પ્રાધાન્ય આપી રહ્યા છે. ઘરઆંગણેના ઉદ્યોગોને કોઈપણ પ્રકારની સ્પર્ધાનો સામનો ન કરવો પડે તેની ભારત ખાસ તકેદારી લઈ રહ્યું હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. બ્રિટનની સરખામણીએ ભારત એક વિશાળ દેશ હોવાથી ભારતે પોતાના ઉદ્યોગોના હિતો સાચવવાના રહે છે. યુરોપિયન યુનિયનની બજારોમા પોતાની હાજરી ઊભી કરવા યુકે સાથેના કરાર ભારત માટે લાભકારક સાબિત થઈ શકે છે. માત્ર યુરોપ જ નહીં પરંતુ પશ્ચિમના કેટલાક દેશોની બજારમાં પ્રવેશ માટે પણ કરાર લાભકારક બની શકે એમ છે.

## સ્ટાર્ટઅપ ફંડીંગમાં મુંબઇ બીજા સ્થાને, પરંતુ બેંગ્લૂરુથી ઘણું પાછળ

નવી દિલ્હી : સ્ટાર્ટઅપ ફંડીંગના મામલામાં મુંબઇ બીજા સ્થાને આવ્યું છે પરંતુ તે પ્રથછમ સ્થાને રહેલા બેંગ્લુરુ સામે ભંડોળના આંકડાના ધોરણે ઘણું પાછળ છે. ભારતમા સ્ટાર્ટઅપ ફંડિગ ફ્રેબુઆરી ૨૦૨૪ના અહેવાલ મુજબ દેશમાં સ્ટાર્ટઅપ ફંડિગમાં બેંગાલુરુ ટોચના શહેર તરીકે ઉભરી આવ્યું છે. તેણે કુલ સ્ટાટઅપ ફંડિગનો રૂ. ૨૬૬૧ કરોડનો એટલે કે ૫૩ ટકા હિસ્સો મેળવ્યો છે.

જ્યારે રૂ. ૯૨૨ કરોડ સાથે સ્ટાટઅપ ફંડિગની રેસમાં મુંબઇ બીજા સ્થાને અને દિલ્હી એનસીઆર રૂ. ૮૨૯ કરોડના ફંડિગ સાથે ત્રીજા સ્થાને રહ્યું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે. આ રિપોર્ટ મુજબ સ્ટાર્ટઅપ ફંડીગની ટોચના ૧૦ શહેરોની યાદીમાં અમદાવાદને ૪૬ કરોડ અને વડોદરાને ૧૦ કરોડનું ફંડિગ મળતાં તેનો ટોપ ૧૦ શહેરોમાં સમાવેશ થયો છે. જો કે ટીયર વન, ટુ અને થ્રીના શહેરોમા ફંડિગ લેન્ડસ્કેપમાં ઘણો તફાવત જોવા મળ્યો છે. જેમ કે સ્ટાર્ટઅપનો ટિયર વન શહેરોમાં ફ્રેબુઆરી ૨૦૨૪માં કુલ ફંડિગનો ૯૯ ટકા હિસ્સો રહ્યો છે. જે ટિયર ટુ અને થ્રી શહેર માટે સ્ટાટઅપ ફંડિગનો માત્ર એક ટકા હિસ્સો રહ્યો હતો. ટિયર વન શહેરોમાં સિટી સ્ટાર્ટઅપનું સરેરાશ ડીલનું કદ અંદાજે ૩૩ કરોડ રહ્યુ હતું. જ્યારે ટિયર ટુ અને થ્રી શહેર માટે ડીલ દીઠ માત્ર ચાર કરોડ હતા, જે ડીલના કદમા આઠ ગણો તફાવત દર્શાવે છે. એકંદરે કુલ ફંડિગની રકમ ફ્રેબુઆરી ૨૦૨૪માં રૂ. ૫૦૩૯ કરોડ સુધી પહોંચી છે. જેમાં સાત ટકા માસિક અને ૪૩ ટકા વાર્ષિક વધારો નોંધાયો છે.

ડીલની ગણતરીના સંદર્ભમાં ફ્રેબુઆરી ૨૦૨૪માં ૧૩૦ ડીલ નોંધાઇ છે. જે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૫ ટકાનો વધારો અને ફ્રેબ્રુઆરી ૨૦૨૩માં ૧૯ ટકાનો વધારો દર્શાવે છે. વધુમા એંજલ ફંડિગ ટિયર ટુ અને થ્રી શહેરોમાં સ્ટાટઅપ માટે પસંદગીના રોકાણકારોના પ્રકાર તરીકે ઉભરી આવી છે. ટિયર ટુ અને થ્રી શહેરોમાં ૩૪ ટકા ડિલ કરવામાં આવ્યાં છે.

## સેન્સેક્સની સરખામણીમાં બીએસઇ સ્મોલ અને મિડ કેપ બેન્ચમાર્કનું વેલ્યુએશન પ્રીમિયમ વર્ષની નીચી સપાટીએ

મુંબઇ: બીએસઈ સેન્સેક્સની સરખામણીમાં બીએસઈ સ્મોલ અને મિડકેપ બેન્ચમાર્કનું વેલ્યુએશન પ્રીમિયમ પાછલા એક વર્ષમાં સૌથી ઓછું છે. સ્મોલ અને મિડકેપ સૂચકાંકોમાં તાજેતરના ઘટાડા વચ્ચે શેરના ભાવમાં ઘટાડાને કારણે પ્રીમિયમ પર અસર થઈ છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ હાલમાં ૨૬.૨૮ પાછળના ભાવ અને કમાણીના ગુણાંક પર ટ્રેડ થઈ રહ્યો છે જ્યારે બીએસઈ સ્મોલકેપ ૨૯૮ પીઈ પર ટ્રેડ થઈ રહ્યો છે. તેની સરખામણીમાં, સેન્સેક્સની લાર્જ કેપ ૨૫ ગણા પીઈ મલ્ટિપલ પર ટ્રેડ થઈ રહી છે. આ વર્ષે માર્ચમાં મિડકેપ ઇન્ડેક્સ ૪.૫ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ લગભગ ૧૦ ટકા ઘટયો છે. તેની સરખામણીમાં આ મહિને અત્યાર સુધીમાં સેન્સેક્સ ૦.૪ ટકા વધ્યો છે. ગયા વર્ષે માર્ચમાં, મિડ- અને સ્મોલકેપ સૂચકાંકો સેન્સેક્સ કરતાં સહેજ ઓછા વેલ્યુએશન પર ટ્રેડ થઈ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ગયા વર્ષે માર્ચમાં તેની શેર દીઠ કમાણી લગભગ ૧૨.૯ ગણા પર ટ્રેડ થઈ રહી હતી જ્યારે સ્મોલકેપ ૨૨.૧ ગણા ટ્રેડ થઈ રહી હતી.

લાંબા ગાળાના ડેટા દર્શાવે છે કે મિડ- અને સ્મોલ-કેપ શેરોએ મોટા ભાગના પ્રસંગોએ બેન્ચમાર્ક ઇન્ડેક્સ કરતાં ઊંચા મૂલ્યાંકન પર વેપાર કર્યો છે. એપ્રિલ ૨૦૧૫થી જ્યારે બીએસઈએ ઇન્ડેક્સ માટે વેલ્યુએશન રેશિયો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું, ત્યારે બીએસઈ ઇન્ડેક્સનો સરેરાશ પીઈ ગુણાંક ૨૮ ગણો છે. આ જ સમયગાળા દરમિયાન સ્મોલ કેપનો પીઈ ૪૨.૬ ગણો હતો.

## ઓટો કોમ્પોનન્ટ્સ ક્ષેત્રે હાઇટેક સ્પેરપાર્ટ્સની આયાત ઘટાડવા ૫૦૦થી વધુ લોકલાઇઝેશન પ્રોજેક્ટ્સ સ્થપાયા

નવી દિલ્હી: સ્થાનિક ઑટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી ચાર વર્ષમાં ૫૮,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ મૂડીથી ઇલેક્ટ્રિક મોટર અને ઑટોમેટિક ટ્રાન્સમિશન સિસ્ટમ જેવા એડવાન્સ સ્પેરપાર્ટ્સનું સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવામાં આવશે. તેની મારફતે આયાત પર નિર્ભરતા ઘટાડીને મલ્ટિનેશનલ કંપનીઓની ચાઇના પ્લસ વન સોર્સિંગ રણનીતિનો લાભ ઉઠાવવામાં આવશે. એડવાન્સ ટેક્નોલોજીના વિકાસ અને મેન્યુફેક્ચરિંગ માટે નવું રોકાણ માર્ચ ૨૦૨૮ સુધી કરવામાં આવશે. સ્થાનિક ઓટોમોબાઇલ કંપની પહેલાથી જ ૧૧ પ્રમુખ કોમ્પોનન્ટ કેટેગરીમાં ૫૦૦થી વધુ સ્થાનિક પ્રોજેક્ટ્સ શરુ કરી ચૂકી છે. તેમાં ઑટોમેટિક ટ્રાન્સમિશન, પાવર કંટ્રોલ યુનિટ, હાઇ સ્ટ્રેન્થ સ્ટીલ અને કમ્બાઇન્ડ ચાર્જિંગ સિસ્ટમ સામેલ છે. છેલ્લા બે વર્ષમાં તેની આયાત અંદાજે છ ટકા ઘટી છે, જે ઉદ્યોગના લક્ષ્યાંકના ત્રણ ટકાથી બમણી છે. ઑટોમોબાઇલ ઉદ્યોગે વાહનોના સ્પેરપાર્ટ્સની આયાત ઘટાડવાની સાથે જ ભારતને તેનું મુખ્ય નિકાસ કેન્દ્ર બનાવવાની પણ નેમ લીધી છે. ૨૦૨૮ સુધી સ્થાનિક ઑટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી ઇવી સહિત નવા દોરની ટેક્નોલોજીના વિકાસ અને મેન્યુફેક્ચરિંગમાં ૫૪-૫૮ હજાર કરોડનું રોકાણ કરશે. ગત મહિને સ્થાનિક ડીલરોને રેકોર્ડ ૩,૭૩,૧૭૭ કાર ડિસ્પેચ કરવામાં આવી હતી. તે ફેબ્રુઆરી ૨૦૨૩ની તુલનાએ ૧૧.૩% વધુ છે અને કોઇપણ વર્ષે ફેબ્રુઆરીમાં કારનું સૌથી વધુ જથ્થાબંધ વેચાણ છે. મુખ્ય સપ્લાયર ચીનથી કારના સ્પેરપાર્ટ્સની આયાત ૩૨ ટકાથી ઘટીને ૩૦ ટકા થઇ છે.

## યુરોપિયન કન્સોર્ટિયમ સાથે આરઆરપી ઈલેક્ટ્રોનિક્સનું સંયુક્ત સાહસ

મુંબઇ: આરઆરપી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ મહારાષ્ટ્રની પ્રથમ કંપની હશે જે તેના પ્રકારની એક અનોખી સેમીકન્ડક્ટર સવલત માટે એકમ સ્થાપી રહી છે. કંપનીએ આ માટે ઓસેટ અને એફએબી ટેક્નોલોજીમાં સુસ્થાપિત યુરોપિયન કન્સોર્ટિયમ સાથે સંયુક્ત સાહસ કરાર કર્યો છે. કંપની ૨૫૦૦૦ ચોરસ ફૂટના નવા પરિસરમાં નવી સવલત માટે શિલાન્યાસ કરશે. કંપની ઓસેટ સુવિધાની સ્થાપના અને કામગીરીની શરૂઆત માટે ફાસ્ટ ટ્રેક ધોરણે તૈયારી કરી રહી છે. આગામી સમયમાં, ઓસેટથી શરૂ થયેલા એકમને આરએન્ડડી કેન્દ્રમાં રૂપાંતરિત કરવામાં આવશે. જમીન અને સંબંધિત પ્રવૃત્તિ માટે મહારાષ્ટ્રા સરકારની સહાય મેળવીને મલ્ટી લાઈન્સ ઓસેટ, એફએબી ફાઉન્ડ્રી અને મેન્યુફેક્ચરિંગનો સમાવેશ કરતું મોટું સેટઅપ ઊભું કરવામાં આવશે. કંપની આગામી પાંચ વર્ષમાં રૂ. ૫૦૦૦ કરોડનું રોકાણ કરશે અને બીજા તબક્કામાં બીજા પાંચ વર્ષમાં સમાન રોકાણ કરશે અને સરકાર પાસેથી આગામી સમયમાં સબસિડીનો લાભ મેળવવાનો પણ પ્રયાસ કરશે. કંપની આ સુવિધા ઓટોમોબાઈલ એપ્લિકેશન પાવરઈલેક્ટ્રોનિક્સ અને ઔદ્યોગિકમાં તેમની સેવાઓનું વિતરણ કરવાનું ચાલુ રાખશે.

## પેટીએમના ગ્રાહકો પર આરબીઆઇના પ્રતિબંધની કેવી અસર પડશે?

મુંબઇ: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) દ્વારા પેટીએમ પેમેન્ટ બેંક પર લાદવામાં આવેલ પ્રતિબંધ ૧૬ માર્ચથી લાગુ થઈ ગયા છે. આ કારણે, હવે તમે પેટીએમ વોલેટ અથવા પેટીએમ ફાસ્ટેગમાં પૈસા જમા કરી શકશો નહીં. આવી સ્થિતિમાં, તમારે પેટીએમને બદલે અન્ય કોઈ બેંક અથવા એનબીએફસીનું ફાસ્ટેગ લેવું પડશે. જો તમે આમ નહીં કરો તો તમારે ડબલ ટોલ ટેક્સ ચૂકવવો પડશે. જો તમારી પાસે હજુ પણ તમારા પેટીએમ વોલેટમાં પૈસા છે, તો તેનો ઉપયોગ ટોલ પેમેન્ટ માટે કરી શકાશે. તમે પેટીએમ ફાસ્ટેગના ટોલ ફ્રી નંબર પર કોલ કરીને તમારા ફાસ્ટેગને બંધ કરાવી શકશો. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં એક એડવાઈઝરી બહાર પાડી હતી કે ગ્રાહકોએ પેટીએમ ફાસ્ટેગને બદલે અન્ય કોઈ બેંક અથવા એનબીએફસીના ફાસ્ટેગનો ઉપયોગ કરવો જોઈએ. આ માટે એનએચએઆઇએ ૩૯ બેંકો અને એનબીએફસીની યાદી પણ બહાર પાડી હતી. આરબીઆઈની ગાઈડલાઈન અનુસાર જો ગ્રાહક ઈચ્છે તો આ પૈસાથી કોઈપણ પેમેન્ટ કરી શકે છે અને તેને પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર પણ કરી શકે છે. જોકે આરબીઆઇના આ પગલાની પેટીએમ યુપીઆઇ પર કોઈ અસર નહીં થાય. તમે કોઈપણ ચિંતા વગર યુપીઆઇ સેવાનો ઉપયોગ કરી શકો છો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

વિભિન્ન વિજળી કાર્ય

ટેન્ડર આમંત્રણ સુચના

ઈએલ/૫૦/૧/૩૯ (૨૩-૨૪) તા.૧૩.03.૨૦૨૪ ભારતના રાષ્ટ્રપતિ તરફથી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (વિદ્યુત/પાવર), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરોને નીચે મુજબના કાર્ય માટે ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર માટે આમંત્રણ આપે છે. **ક્રમ નં.૧: ટેન્ડર નંબર** BRC-EL-P-2202-03-2324-R3. **કાર્યનું નામ:** પ્રતાપનગર (વર્કશોપ): પ્રતાપનગર વર્કશોપમાં કારખાના વૃદ્ધિના સંબંધમાં પ્રિકાસ્ટ/RCC કેબલ ટ્રેન્ચ, ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈલેક્ટ્રિકલ વર્કનાં સંબંધમાં કાર્ય. **અંદાજીત ખર્ચ (રૂ.):** ૧,૪૩,૪૩,૨૧૫.૦૦ **ઈએમડી (રૂ.):** ૨,૨૧,૭૦૦.૦૦ **ટેન્ડર ફીસ (રૂ.):** શૂન્ય, **ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખ:** ૦૯-૦૪-૨૦૨૪ **વેબસાઈટ:** www.ireps.gov.in, **ઓફિસ એડ્રેસ:** સીનીયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એંજિનિયર (પાવર), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪. BRC-351

અમને ફોલો કરો: twitter.com/WesternRly

ભારત જોડો ન્યાય યાત્રા

# લોકો ભાજપથી ગભરાયેલા છેઃ રાહુલ ગાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું રવિવારે મુંબઈમાં સમાપન થયું તે નિમિત્તે મુંબઈના શિવાજી પાર્ક મેદાન પર આયોજિત વિપક્ષોની રેલીને સંબોધતાં કૉંગ્રેસના સંસદસભ્ય રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મારી લડાઈ મોદી કે ભાજપની

(જુઓ પાનું ૪)

## ભાજપમાં હવા અમે ભરીઃ ઉદ્ધવ

મુંબઈઃ મુંબઈના શિવાજી પાર્ક મેદાન પર વિપક્ષોની ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન નિમિત્તે આયોજિત રેલીમાં બોલતાં શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે ભાજપ એક ફૂગ્ગો છે, એક સમયે તેમની ફક્ત બે સીટ હતી. આ ફૂગ્ગામાં અમે

(જુઓ પાનું ૪)

## ભાજપને ઉખાડીને ફેંકોઃ શરદ પવાર

મહાત્મા ગાંધીએ આ જ શહેરમાંથી ભારત છોડોનો નારો આપ્યો હતો અને હવે આજે આપણે (ઈન્ડિયા ગઠબંધન) ભાજપને સત્તામાંથી ઉખાડીને ફેંકવાના શપથ આજ શહેરમાં ગ્રહણ કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે દેશની આજે જે અવસ્થા છે તેમાં સુધારો કરવાની આવશ્યકતા છે. આપમે બધા મળીને આ ફેરફાર કરી શકીએ

(જુઓ પાનું ૪)

# આજે બધા જ શિવસૈનિકો માટે કાળો દિવસઃ એકનાથ શિંદે

મુંબઈઃ રાહુલ ગાંધીએ પોતાની ભારત જોડો ન્યાય યાત્રા મુંબઈ ખાતે પૂરી કરી અને રવિવારે શિવાજી પાર્ક ખાતે રેલી યોજી હતી અને સભાને સંબોધી પણ હતી, જેમાં ઉદ્ધવ ઠાકરે સહિત 'ઇન્ડિયા'ગઠબંધનના મોટા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જોકે, ઉદ્ધવ ઠાકરે શિવાજી પાર્કમાં રાહુલ ગાંધીની સભામાં હાજર રહ્યા તેનાથી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિફર્યા હોવાનું જણાય છે. કારણ કે તેમણે આ દિવસને બધા જ શિવસૈનિકો માટે કાળો દિવસ હોવાનું નિવેદન આપ્યું હતું.

એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને નિશાન ઉપર લેતા કહ્યું હતું કે જે શિવતીર્થ ઉપરથી સ્વર્ગીય

(જુઓ પાનું ૪)

# ભાજપની ગેરેન્ટીઓ પર પ્રહાર કરવા કૉંગ્રેસની ૨૫ ગેરેન્ટીઃ જયરામ રમેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૂંટણી પંચ દ્વારા ઈલેક્ટોરલ બોન્ડના ડેટા જાહેર કરવામાં આવ્યા ત્યારથી જ કોંગ્રેસ પાર્ટી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની એનડીએની સરકારને સતત નિશાન બનાવી રહી છે. કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે આરોપ લગાવ્યો છે કે વડા પ્રધાન મોદીએ નવો રસ્તો શોધી લીધો છે. આ પૈસા 'ડોનેશન કરો અને વ્યવસાય કરો'ની રીત છે. લોકસભા ચૂંટણી માટે પચીસ ગેરંટી વિશે માહિતી આપતા જયરામ રમેશે એમ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ક્યારે બહાર પાડવામાં આવશે. વાસ્તવમાં, મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં રવિવારે (૭

(જુઓ પાનું ૪)

લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર દેશમાં રહેશે 'સેકન્ડ ઇન કમાન્ડ'

# ચૂંટણીમાં મહારાષ્ટ્ર જ મોટું માથુંઃ એનડીએ અને ઈન્ડિયા જોડાણના ભાવિનો કરશે ફેંસલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઇ ગયું છે અને ભાજપ તેમ જ તેના સાથી પક્ષો દ્વારા આ વખતે દેશમાં ૪૦૦ બેઠકો જીતવાનું લક્ષ્ય હોવાની જાહેરાત પણ થઇ ગઇ છે. જોકે, ઉત્તર પ્રદેશ સૌથી વધુ લોકસભા બેઠકો ધરાવતું રાજ્ય હોવા છતાં મહારાષ્ટ્ર જ લોકસભાની ચૂંટણીમાં મોટો ભાઇ ગણાઇ રહ્યું હોવાનું ચિત્ર છે. દેશની આર્થિક રાજધાની ગણાતી મુંબઈની લોકસભા બેઠકો ઉપર પ્રભુત્વ જમાવવા ઉપરાંત કોંકણ, વિદર્ભ, મરાઠવાડા પણ અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠકો માનવામાં આવે છે અને તેના ઉપર જીત હાંસલ કરવાનું લક્ષ્ય દરેક પક્ષનું છે. એટલે કે જે પક્ષ મહારાષ્ટ્રમાં વધુમાં વધુ બેઠકો હાંસલ કરશે તેના ઉપર લોકસભાની ચૂંટણીનું ભવિષ્ય નિર્ભર રહેશે. મહારાષ્ટ્ર દેશના આર્થિક વિકાસમાં પણ અગ્રેસર સ્થાન ધરાવતું હોઇ મહારાષ્ટ્ર ઉપર જે ગઠબંધનનું પ્રભુત્વ મહારાષ્ટ્રમાં હશે તેને કેન્દ્રમાં પણ ખૂબ મદદ મળશે. ઉત્તર પ્રદેશ બાદ મહારાષ્ટ્ર સૌથી વધુ લોકસભા બેઠકો ધરાવતું રાજ્ય છે અને ઉત્તર પ્રદેશની ૮૦ લોકસભા બેઠકો છે તો બીજા સ્થાને મહારાષ્ટ્રની બેઠકો ૪૮ છે.

૨૦૧૪ની અને ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ-શિવસેનાના ગઠબંધને બંને વખત ૪૦થી વધુ બેઠકો હાંસલ કરી હતી અને તેની ટકાવારી કુલ લોકસભા બેઠકોમાં ૧૦ ટકા જેટલી રહી હતી. ૨૦૧૪માં ભાજપના જોડાણને ૩૩૬ બેઠકો મળી હતી જ્યારે ૨૦૧૯માં ૩૫૩ બેઠકો ભાજપ અને સાથી પક્ષોએ હાંસલ કરી હતી. જોકે આ ચૂંટણીમાં

(જુઓ પાનું ૪)





4/5 star hotels: Rs. 1,40,000/- per person &
5 star deluxe hotels: Rs. 1,65,000/- per person
Mar : 9-20-30 Apr: 10-17-27
May : 3-9-11-17-22-25



Apr : 16 FEW SEATS REMAIN
May : 07-17
Disneyland and Universal Studios
May:27 (few seats remain) June: 06-16
July: 01-22 Aug: 01-22



9 Nights / 10 Days
May : 04-11-18



Apr : 10-23
May : 06-16-20-23-29
June: 05-11-18-24

શરતો લાગુ

સમાવેશઃ ઍરફેર ⋮ ટુરિસ્ટ વિઝા ⋮ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ ⋮ લકઝરિયસ હોટેલ
સાઈટીંગ માટે પ્રવેશ ફી ⋮ એક્ટિવીટીઝ ⋮ ભારતીય ટૂર મેનેજર
રાજસ્થાની મહારાજ* ⋮ ટીપ્સ અને બીજું ઘણું બધું

AURORA TRAVEL-TOURS PVT.LTD
ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
સંપર્ક : બ્રીચ કેન્ડી, મહાલક્ષ્મી, મુંબઈ ૪૦૦ ૦૨૬. ઓફિસઃ 022-23519710 / 11 / 12 / 13 / 14
નીલ 98218 90405 | જેસલ 98331 00845 | ખુશ્બુ 9820798588 | જતીન સંઘવી 98206 22417


આચારસંહિતા પહેલા રેડી રેકનર માટે કોઈ જાહેરાત નહીં

# શહેરી વિસ્તારમાં ૯ ટકા અને ગ્રામીણમાં ૭ ટકાનો વધારો પ્રસ્તાવિત

પુણેઃ રાજ્ય કેબિનેટે લોકસભાની ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થતાં પહેલાં વાર્ષિક વર્તમાન બજાર મૂલ્ય (રેડી રેકનર)નો નવો દર યથાવત રાખવાનો નિર્ણય લીધો ન હોવાથી, આ વર્ષે રેડી રેકનરનો દર વધારવામાં આવશે તેવી શક્યતા છે. આ દર વધારો પહેલી એપ્રિલથી અથવા લોકસભા ચૂંટણીની આચારસંહિતા સમાપ્ત થયા પછી લાગુ કરવામાં આવી

(જુઓ પાનું ૪)

# દસ બેઠક માટે મહારાષ્ટ્રમાં મહાયુતિનું ગાડું અટકેલું

મુંબઈઃ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઇ ગઇ છે ત્યારે હજી સુધી મહારાષ્ટ્રમાં સત્તાધારી પક્ષના ગઠબંધન એટલે કે મહાયુતિમાં બેઠકોની વહેંચણીનું કોકડું હજી ગૂંચવાયેલું છે અને કોણ કઇ બેઠક ઉપરથી લડશે તે વિશે કોઇ ફોડ પાડવામાં આવી રહ્યો નથી. જોકે, અજિત પવારની એનસીપી, એકનાથ શિંદેની શિવસેના અને ભાજપ આ

(જુઓ પાનું ૪)


મહાબળેશ્વર
સંપૂર્ણ સુરક્ષિતતા Pure Veg
Neeta's હોટેલ
SAKET PLAZA
૨ રાત, ૩ રાત પેકેજ
All AC રૂમ્સ, કોટેજીસ,ભારત બેન્ઝ બસ
નીતા ટ્રાવેલ્સ 8652222690 8652222656 8652222893 8652222825
www.neetaholidays.com
મહાબળેશ્વર :02168-260583/4/5

Summer Holidays
પ્યોર જૈન - વેજ ટુર
બધા સમાવેશ સાથે
યુરોપ - ૧૯ દિવસ, ૧૪ દિવસ
અમેરિકા- ૨૧ દિવસ
દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ - ૧૪ દિવસ
ઓસ્ટ્રેલિયા- ૧૩ દિવસ
કેનેડા સાથે અલાસ્કા ક્રૂઝ - ૧૧ દિવસ, ૧૮ દિવસ,
વિયેતનામ - ૮ દિવસ
ફાર ઈસ્ટ સાથે ક્રૂઝ - ૧૫ દિવસ
રવિવારે ચાલુ રહેશે
વધુ વિગતો માટે સંપર્ક કરો
Guideline™ making travel an art !
HEAD OFFICE: 4062 2222 / 4062 2205
GHATKOPAR: 9820089928 KANDIVALI: 9619251138
E: sales@guidelinetravels.com


# બે પક્ષના ટુકડા કરીને હું પાછો ફર્યો છુંઃ દેવેન્દ્ર ફડણવીસ

## 'હું પાછો આવીશ' એ વાતની મજાક કરાતી હતી તે ફડણવીસે યાદ કર્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે ૨૦૧૯ની ચૂંટણીમાં પોતાની પંચ લાઇન 'હું પાછો આવીશ' ઉપર મજાક કરવામાં આવી રહી હતી અને તેમની હાંસી ઉડાવાઇ રહી હતી તે વાતને યાદ કરી હતી. તેમણે કહ્યું હતું કે ચૂંટણીનો અમારો નારો હું પાછો આવીશ હતો જેની મજાક ઉડાવાઇ રહી હતી. જોકે હું બે પક્ષના ભાગલા કરીને સત્તામાં પાછો આવ્યો છું. શરદ પવારની એનસીપી અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં પડેલા બે ફાંટા અંગે તેમનો ઇશારો હતો. ઉલ્લેખનીય છે કે જૂન ૨૦૨૨માં એકનાથ

(જુઓ પાનું ૪)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# સજ્જન જિંદાલ સામેના બળાત્કારના કેસમાં પોલીસનો કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ

મુંબઈઃ ઉદ્યોગપતિ સજ્જન જિંદાલ વિરુદ્ધ ૩૦ વર્ષની અભિનેત્રીએ નોંધાવેલા બળાત્કારના કેસમાં મુંબઈ પોલીસે શનિવારે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. ઉદ્યોગપતિનેને ખોટા કેસમાં ફસાવવાનો અભિનેત્રીએ પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે બાંદ્રા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં દાખલ કરેલા ક્લોઝર રિપોર્ટમાં જણાવ્યુ છે.

રિપોર્ટ અનુસાર તપાસમાં એવું જણાયું છે કે અભિનેત્રીએ ઘટનાના લાંબા સમય બાદ ફરિયાદ નોંધાવી હતી. મહિલા અધિકારી થકી પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ આ અંગે પોતે પુરાવા રજૂ કરશે, એવું જણાવવા છતાં અભિનેત્રીએ કોઇ પુરાવા સુપરત કર્યા નથી. ઉપરાંત તપાસ અધિકારી તરીકે પુરાવા

(જુઓ પાનું ૪)


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st February - 30th June 2024
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
HOME LOAN | CAR LOAN | eAUTO LOAN | 2 WHEELER LOAN | *7.49% (p.a.) | GOLD LOAN | COMMERCIAL VEHICLE LOAN | EDUCATION LOAN | LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score. Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank






Iconic Australian Discovery 13 Days
કુલીન કુમાર હોલિડેઝ એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતીના પંથે

સ્થળો
• Gold Coast • Cairns • Melbourne • Sydney

ટૂરની વિશેષતા
- મુંબઈથી મુંબઇ બધુ જ સામેલ
- ૧૧ રાત્રિ હોટેલ નિવાસ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં મુસાફરી
- બધા જ સાઈટસીઈંગ / હાઈ ટેક બસમાં મુસાફરી
- હોટ એર બલુન પ્રવાસ કિંમતમાં સામેલ
- આલિશાન સિટી સેન્ટર હોટેલ્સ
- અત્યંત અનુભવી અને પ્રોફેશનલ ટૂર લીડર
- ટૂર દરમ્યાન ભારતીય સ્વાદિષ્ટ ભોજન
- સ્પષ્ટ વ્યવહાર / ટ્રાન્સ્પેરન્ટ પોલિસી

પ્રસ્થાન
April: 13, 25 | May: 07, 12, 18, 24, 30 | June: 10, 22

Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com
KULIN KUMAR HOLIDAYS
Toll Free: 1800 103 8055 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**